ભાગ-૨

# પ્રાર્થના

## જયવીયરાય સૂત્ર



નિ:સ્વાર્થ

# પ્રાર્થના

## જયવીયરાય સૂત્ર

ભાગ-૨

નિઃસ્વાર્થ

: પ્રકાશક :
પરમાર્થ પરિવાર

**.પ્તિસ્થાન :**

**પરમ કે. સંઘવી**

આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ

૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,

ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪

પરમભાઈ : ૯૮૨૦૪૪૧૦૩૦

અલ્પેશભાઈ : ૯૮૬૭૧૬૨૨૩૪

રાજુભાઈ : ૯૮૬૭૧૭૦૮૫૨

અંકીતભાઈ : ૯૮૬૭૧૭૦૮૩૧

# સુકૃત સહભાગી

શ્રી સિધ્ધાચલ માહતીર્થાધિપતિ શ્રી આદિનાથાય નમઃ
શ્રી સંભવનાથ સ્વામીને નમઃ
શ્રી પદમ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિ સદ્ગુરૂભ્યો નમઃ

**અધ્યાત્મયોગી પ.પૂ.આ.દે.શ્રી.વિ.કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**
**ના શિષ્યરત્ન**
**પ્રવચન પ્રભાવક પ.પૂ.આ.દે.શ્રી.વિ.પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
**ની પ્રેરણાથી**

સર્વશ્રેષ્ઠ તીર્થાધિરાજ શત્રુંજય મહાતીર્થે પાલીતાણા નગરે આવેલા

**શ્રી કચ્છ વાગડ - સાત - ચોવીસી જૈન સમાજ**
**સંચાલિત**
**શ્રી વેલજી દામજી ભણશાલી જૈન યાત્રિક ભવનમાં**

થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.
તેની ખુબ ખુબ અનુમોદના

: નોંધ :
ગૃહસ્થે આ પુસ્તકની માલિકી કરતાં પૂર્વે
રૂ.૪૦
જ્ઞાનખાતામાં જમાં કરવાનાં રહેશે.

**: નોંધ :**

આ પુસ્તક આપને અન્ય કોઈ નામે પ્રકાશિત કરવું હોય તો
અંદરની મેટર યથાવત્ રાખીને પ્રકાશિત કરવાનો હક્ક
પરમાર્થ પરિવાર આપને આપે છે.

આ પુસ્તક વાંચ્યા પછી જરૂર ન હોય તો નીચેના ઠેકાણે પરત કરવી
આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ
૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪
મો. ૯૮૨૦૪૪૧૦૩૦

# પ્રસ્તાવના

બિલ્ડીંગમાં એક ઘરે પુત્રનો જન્મ થયો. બિલ્ડીંગમાં સર્વત્ર આનંદ છવાઈ ગયો.

બાજુની બિલ્ડીંગમાં યુવાનનાં લગ્ન હતાં. સંગીત સંધ્યાનો કાર્યક્રમ ચાલતો હતો, ત્યારે જ, જેનાં લગ્ન હતાં તે યુવાનનું મૃત્યુ થયું. બિલ્ડીંગમાં સર્વત્ર શોક છવાઈ ગયો.

આ ઘટનાની વાત અમે ગુરુભગવતંને કરી ત્યારે ગુરુભગવંતે અમને એક પંક્તિ સમજાવી,

"એક ઘરે ધવલ મંગલ હુવે, એક ઘરે રુવે બહુ નાર રે,

એક રામા રમે કંતશું એક છંડે શયલ શણગાર રે."

દેખાતાં વિશ્વમાં રોજના પ્રાયઃ ૧ સેકંડમાં ચાર મનુષ્યનો જન્મ થાય છે અને બે મનુષ્યનું મૃત્યુ થાય છે. તેથી રોજના ૩,૪૫,૬૦૦ મનુષ્યનો જન્મ થાય છે, તથા ૧,૭૨,૮૦૦ મનુષ્યનું મૃત્યુ થાય છે.

સંસારનું કારમું સ્વરૂપ જોતાં અમે ધ્રૂજી ઊઠ્યા. ગુરુભગવંતને કારમા સંસારનો અંત કેવી રીતે લાવવો ? એ પ્રશ્ન પૂછ્યો.

ગુરુ ભગવંતે સંસારનો અંત લાવવા માટે અમને "પ્રાર્થનાસૂત્ર"ની સમજ આપી.

ગમતાંનો ગુલાલ એ ન્યાયે "પ્રાર્થના" પુસ્તક પરમાર્થ પરિવાર પ્રકાશિત કરી રહ્યો છે.

પ્રાર્થના-પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ તથા ગુરુ ભગવંતના આશય વિરુદ્ધ નિરુપણ થયું હોય તો મિચ્છામિદુક્કડમ્...

ધ્યાન દોરવા નમ્ર વિનંતી સાથે..

પરમાર્થ પરિવાર

# અનુક્રમણિકા


- ★ પડાવ ૬ .......................... ૦૧
- ★ પડાવ ૭ .......................... ૨૩
- ★ પડાવ ૮ .......................... ૪૮
- ★ પડાવ ૯ .......................... ૭૧
- ★ પડાવ ૧૦ ...................... ૮૮
- ★ પડાવ ૧૧ .................... ૧૦૩

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંતલબ્ધિનિધાન-ગૌતમસ્વામિને નમઃ॥

## પડાવ : ૬

**જળ ભરી સંપુટ પત્રમાં,યુગલીક નર પૂંજત**
**ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંતઃ**

### દયાનંદ સરસ્વતી

આપણે ભવનો અંત લાવવા માટે ભેગા થયા છીએ.

એકવાર સ્વામી દયાનંદ સરસ્વતી મંદિરમાં ગયા હતા ત્યાં એમણે શિવલિંગ પર ઉંદર ફરતો જોયો અને એમને વિચાર આવ્યો કે જે પોતાનું રક્ષણ નથી કરી શકતો એ મારું શું રક્ષણ કરશે ? જ્યાં જ્યાં ભગવાનની મૂર્તિ છે ત્યાં ત્યાં ભગવાને રક્ષા કરવા આવવું પડે એવી દયાનંદ સરસ્વતીની માન્યતા છે કેમ કે તેમને ભગવાનના સ્વરૂપનો બોધ જ નથી.

જ્યાં જ્યાં પોતાની મૂર્તિ છે ત્યાં એ મૂર્તિની રક્ષા કરવા ભગવાને આવવું પડે તો એ ભગવાન ન કહેવાય, ચોકીદાર કહેવાય. ભગવાનનું મંદિર બને કે તૂટે એનાથી ભગવાનને કોઈ મતલબ ન હોય. જો ભગવાન મંદિર બને કે તૂટે એનું ધ્યાન રાખે છે તો એનો મતલબ ભગવાનમાં રાગ છે અને જેનામાં રાગ હોય એ ભગવાન ન કહેવાય.

ઘણા પૂછે છે કે ધરતીકંપમાં દેરાસર કેમ પડ્યું ? દેરાસરની રક્ષા ભગવાને કેમ ન કરી ? દેરાસરની રક્ષા કરવાનું કામ શાસનરાગી દેવ-દેવી આદિ કરે. ભગવાન થોડા કરે ?

### દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપની સમજણ

ઈન્દ્રભૂતિ ગૌતમ યજ્ઞ કરાવતા હતા, ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મના બોધમાં ગોટાળો હતો. પણ સમવસરણમાં ભગવાન પાસે દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજ્યા. જેવું દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજાયું કે તરત અગિયારેય

ગણધરોએ ભગવાનને જીવન સમર્પિત કરી દીધું. ગણધર ભગવંત આપણને પણ કહે છે કે જો તમારે કલ્યાણ કરવું હોય તો ભગવાનની ઉપાસના-ભક્તિ કરવાની અને ભગવાનની ભક્તિ કર્યા પછી પ્રાર્થના કરવાની, જો કે તમે ભક્તિ કરો તો એનું ફળ મળવાનું જ છે, છતાં ભગવાન પાસે પ્રાર્થના કરવાથી શુભકામનાઓનો દૃઢ સંકલ્પ થશે. તેથી શુભ ભાવનાઓની વૃદ્ધિ થશે.

**સંસારી જીવો આશાવાદી**

દુનિયામાં મોટા ભાગના લોકોને સંસાર પરથી વૈરાગ્ય થતો નથી. કારણ કે, સંસારી જીવો સંસારમાં ૧૦૦% આશાવાદી છે.

**સભાઃ** " કઈ રીતે ?"

**ગુરુજીઃ** "ડિસેમ્બર મહિનામાં ઓપન ગ્રાઉન્ડમાં એક યુવાનનાં લગ્ન હતાં. અણધાર્યો વરસાદ આવ્યો. લગ્નની સાજસજાવટ પર પાણી ફરી વળ્યું. સંસારી જીવોએ પોતાનો ઓલ ઇન્ડિયા રેડિયો ચાલુ કર્યો. ફલાણો કેટરર હોત તો બધું ફાસ્ટ મેનેજ થઈ જાત. જો ગ્રાઉન્ડમાં ડોમ હોત તો વાંધો ન આવત.

દેવતાઓએ બનાવેલી છપ્પન કરોડ જાદવોની નગરી દ્વારિકાનો જો નાશ થઈ શકે તો તારા દીકરાનાં લગ્નમાં અણધાર્યો વરસાદ ન આવી શકે ? ખરેખર તો અહીં સંસારના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ કે પુદ્‌ગલ ધોખેબાજ છે. એ ક્યારે ધોખો આપે-દગો કરે- એનો કોઈ ભરોસો નથી. એની જગ્યાએ **સંસારી જીવો આશાવાદી દરજી છે. બેઠાં બેઠાં આશાઓનાં થીંગડાં માર્યા જ કરશે."**

**સભાઃ** "સંસારી જીવ આશાવાદી દરજી કેમ બન્યો છે ?"

**ગુરુજીઃ** "ધીરે ધીરે પ્રીત કેરો દીવડો પ્રગટાવ્યો.

અનાદિ કાળથી સંસારી જીવને ભ્રમના કારણે ભૌતિક સુખોમાં જ સાચા સુખની આસ્થા બેસતી ગઈ. ભૌતિક સુખ જાણે આત્માનો સ્વભાવ ન હોય ! એવી દઢ માન્યતા થતી ગઈ."

**સભાઃ** "આવું કેમ બન્યું?"

**ગુરુજીઃ** "ગુરુનાં રખોપાંનાં ઘૂંટડે ના ઢાંક્યો.

ગુરુનાં હિતવચન સાંભળવા જીવ તૈયાર નથી."

**સભાઃ** "હિત વચનો એટલે શું ?"

**ગુરુજીઃ** "ભૌતિક સુખો વિકારી છે. જેની આગળ-પાછળ દુઃખ જ હોય છે. ભૌતિક સુખો દુઃખોપચાર છે. ગુરુના આવાં હિતવચનો ન સાંભળ્યાં. તેથી કવિ આગળ કહે છે,

"વાયરો વાયો રે ભેંકાર, ઉપર મેહુલાનો માર, દીવડો નહી રે..પ્રગટે..."

અર્થાત્ સાચા સુખરૂપી દીવડો નહીં પ્રગટે.

**સભાઃ** "એનો મતલબ કે અમે આશાવાદી દરજી મટીને સંસારના બે ટુકડા કરી નાંખીએ એવા લુહાર બનીએ.."

**ગુરુજીઃ** "પરફેક્ટ, ગણધર ભગવંત પ્રથમ પ્રાર્થનામાં જીવને જે પુદ્ગલ રસિકતા અર્થાત્ ભવાભિનંદીપણું એના બે ટુકડા નહીં પણ ચૂરેચૂરા કરી નાખવા **એટલે જ ભવ-નિવ્વેઓ અર્થાત્ પ્રથમ પ્રાર્થના.**

બીજી પ્રાર્થનામાં ગણધર ભગવંત ભગવાનને કહે છે કે મારામાંથી કદાગ્રહ ચાલ્યો જાય. કદાગ્રહના કારણે જે માર્ગ હોય તે માર્ગ બરાબર સમજી નથી શકાતો.

**સભાઃ** "શ્રાવકમાં કદાગ્રહનો ત્યાગ હોય?"

**ગુરુજીઃ** "શાસ્ત્રમાં ભાવશ્રાવકનાં લક્ષણો આપ્યાં છે તેમાં લખ્યું છે કે "सव्वत्थणभिनिवेसो।" સર્વ વિષયમાં કદાગ્રહરહિત."

**ત્રીજી પ્રાર્થના- "ઈષ્ટફલસિદ્ધિ"** કોઈ જીવને 'ભવનિવ્વેઓ', 'મગ્ગાણુસારિઆ' આવી ગયા છે પછી પણ ઈચ્છાઓ તો રહેવાની જ છે. સંસારી જીવ ઈચ્છા વગરનો ન હોય. ઈચ્છા બે પ્રકારની છે: આત્મિક ઈચ્છા અને ભૌતિક ઈચ્છા. ઈષ્ટફલસિદ્ધિમાં આત્મિક ઈચ્છા નથી લેવાની પણ ભૌતિક ઈચ્છા લેવાની છે. ભૌતિક ઈચ્છા બે પ્રકારની છે: (૧) ધર્મ અવિરોધી (૨) વાસનાપૂર્તિ કરે તેવી. અર્થાત્ इष्टफलसिद्धिः अविरोधिफल निष्पत्ति.

ભવનિર્વેદમાં અને મગ્ગાણુસારિઆ પામેલા જીવના આત્મા ઉપર પણ પાપકર્મ લાગેલાં છે. તેથી જીવની ધર્મસાધનાને ડાયરેક્ટલી કે ઈનડાયરેક્ટલી પાપકર્મ ડિસ્ટર્બ ન કરે, એના માટે ત્રીજી પ્રાર્થના ઈષ્ટફલસિદ્ધિ."

**<u>લોગ-વિરુદ્ધચ્ચાઓ</u>**

આત્મવિકાસ માટે હૃદયની કોમળતાઓ જરૂરી છે. આથી જ પોતાના આત્માની જેમ બીજાનો વિચાર પણ એ રીતે રાખવાનો છે કે આપણા નિમિત્તે એને ચિત્તસંક્લેશ ન થાય. આપણે એવી બેપરવાઈ ન કરાય યા કઠોરતા ન રખાય કે જેથી આપણી મનમાની પ્રવૃત્તિના કારણે બીજાઓને સંક્લેશ થાય. આ દોષ ટાળવા માટે લોક-વિરુદ્ધ આચરણનો ત્યાગ કરવાનો છે.

**સભા:** "લોકવિરુદ્ધમાં શું આવે?"

**ગુરુજી:** "નિંદા, દ્રોહ, કોઈનાં નાણાં પાછાં ન આપવાં વગેરે..

તમે જેની નિંદા કરો તેને સંક્લેશ થતાં કર્મ બંધાય છે અને આગળ જતાં ધરમ તરફ દુર્ભાવવાળા બને છે. તેથી ભવાંતરમાં પણ એને બોધિ, સદ્ધર્મપ્રાપ્તિ દુર્લભ બને છે.

" निंद्यो न कोऽपि लोके"

" निन्दु-कुत्सायाम् " એ ધાતુ પરથી નિન્દા શબ્દ બન્યો છે. જુગુપ્સા અર્થમાં 'કુત્સા' અર્થ વાપરીએ છીએ. કુત્સા=અવક્ષેપ. ક્ષેપ = ફેંકવું. અવક્ષેપ = નીચે ફેંકવું. નિંદા કરવી એટલે શું ? નીચે પાડવો, નીચું ઉતારવું, ઈમેજ, પ્રેસ્ટિજ, પ્રતિભા નીચે પાડવી. કોઈને નજરમાંથી નીચે ઉતારવું તે નિંદા."

**સભા:** "નિંદાનો જનક કોણ છે? નિંદા શામાંથી જન્મે છે? અર્થાત્ તેનું બ્રીડિંગ સેન્ટર ક્યું ?"

**ગુરુજી:** "વાંદાનાં ઉત્પત્તિસ્થાનો ગંદકી, ગટરની મોરી વગેરે છે. એમ નિંદાના ઉત્પત્તિસ્થાનો ઈર્ષ્યા, જુગુપ્સા, લોભ, અભિમાન, ક્રોધ વગેરે છે, જે આત્માને પીડા આપનારા છે.

તમારે સારા લાગવું છે તેથી બીજામાં ખામી હોય કે ન હોય તેને આગળ કરીને સામેવાળાને હલકાં ચીતરવાં એનું નામ નિંદા.

**ઈર્ષ્યાની ભૂમિકા**

રૂપમાં કામદેવને શરમાવે,સામર્થ્યમાં ઈન્દ્રને પણ પાછો પાડે એવો રાવણ સીતા પાછળ કામાંધ છે. કરગરે છે, છતાં સીતાએ રાવણ સામું જોયું નથી."

**સભા:** "વ્યભિચારી નટ-નટીઓ ક્યાંક નજરે ચઢી જાય તો અમે ઊભા રહીને ટગર-ટગર જોયા કરીએ છીએ. એમની સાથે સેલ્ફી લેવા પડાપડી કરીએ છીએ."

**ગુરુજી:** "વિચારવા જેવું છે. દશરથ રાવણની ચાકરી કરતા. ગામેગામ રાવણના નામના રાસડાઓ લેવાતા હતા એવા રાવણને પણ જોવાની સીતાને ઈચ્છા નથી. તમે નટ-નટીઓને જોવા ઊભા રહી જાવ. એમની સાથે ફોટા પડાવો. એમના ઓટોગ્રાફ લો. ખરેખર તો નટ-નટીઓએ

મેકઅપના લપેડાઓ જ લગાડેલા હોય છે. જ્યારે રાવણ કુદરતી સૌંદર્યવાન છે છતાં સીતા એની સામે જોવા તૈયાર નથી.''

**સભાઃ** ''રાવણ વ્યભિચારી છે?''

**ગુરુજીઃ** ''નટ-નટીઓની છાપ સતી સ્ત્રી કે મહાપુરુષ તરીકેની છે? નટ-નટીઓનાં લફરાંઓ, પરાક્રમો તમારા ધ્યાનમાં નથી?

રાવણના જીવનમાં વ્યભિચાર તો દૂરની વાત છે, કેવા સજ્જન છે તે આપણે જોઈએ.

રાવણ દિગ્વિજય કરવા નીકળ્યા છે. નળકુબેરનો વિજય કરવા કુંભકર્ણ રાવણની આજ્ઞાથી ગયા. નળકુબેરે આશાળી વિદ્યા વડે પોતાના નગરની આસપાસ સો-યોજન પર્યંત અગ્નિમય કિલ્લો કરેલો હતો. તેમાં એવા અગ્નિમય યંત્રો ગોઠવેલાં હતાં કે જેમાંથી નીકળતા કણીયા જાણે આકાશમાં અગ્નિ ઉત્પન્ન કરતાં હોય તેવા દેખાતા હતા. આવા દુર્જય કિલ્લાનો ટેકો લઈ, ક્રોધથી પ્રજ્વલિત અગ્નિકુમારની જેમ એ નળકુબેર સુભટોથી વિંટળાઈને રહ્યો હતો. સૂઈને ઊઠેલા પુરુષો જેમ ગ્રીષ્મ ઋતુના મધ્યાહ્ન કાળના સૂર્યને જોઈ શકે નહીં તેમ કુંભકર્ણ વગેરે જીતવાની વાત તો દૂર રહી, કિલ્લાની સામે પણ જોઈ શક્યા નહીં. તેથી આ દુર્લંઘ્ય પુર ખરેખર દુર્લંઘ્ય છે એવું સમજી ઉત્સાહભંગ થવાથી પાછા આવ્યા. તેથી રાવણ પોતે ત્યાં આવ્યા અને કિલ્લાને જીતવાના ઉપાયોનો ભાઈઓ સાથે વિચાર-વિમર્શ કરવા લાગ્યા.

એ દરમિયાન નળકુબેરની પત્ની ઉપરંભાએ એક દૂતીને મોકલીને સમાચાર મોકલ્યા કે ઉપરંભા તમારી સાથે ક્રીડા કરવાને ઈચ્છે છે. તમારા ગુણોથી તેનું મન તો હરાઈ ગયેલું છે. માત્ર શરીર જ અહીં રહેલું છે. હે માનદ! આ કિલ્લાને રક્ષણ કરનારી આશાળી નામની વિદ્યા છે તે ઉપરંભા પોતાના શરીરની જેમ તમને આધીન કરી દેશે. જેથી હથેળીમાં રહેલા

આમળાની માફક આ નગરને નળકુબેરસહિત પ્રાપ્ત કરશો."

વિભીષણે દૂતીને કહ્યું, "एवमस्तु". એમ કહીને વિદાય કરી. ગુસ્સામાં રાવણ વિભીષણને બોલ્યા કે અરે ! કુલવિરુદ્ધ કાર્ય તેં કેમ સ્વીકાર્યું? રે મૂઢ ! આપણા કુળમાં કોઈ પુરુષે રણભૂમિમાં શત્રુઓને પૃષ્ઠ અને પરસ્ત્રીને હૃદય કદી આપ્યું નથી. અરે વિભીષણ ! આવા વચનથી પણ તેં આપણા કુળને કલંક લગાડ્યું છે. તારી આવી મતિ કેમ થઈ?

**સીતાનો ત્યાગ થવાનું કારણ**

ખાનદાન અને સદાચારી એવા રાવણની સામે પણ જોવા તૈયાર ન હતા એવા સીતાજી લંકા-વિજય પછી અયોધ્યામાં સુખેથી રહે છે. કાળક્રમે સીતાજી ગર્ભવતી થયા. પતિવ્રતા સ્ત્રીનું સ્થાન ક્યા પતિના હૃદયમાં ન હોય? એમાં પણ ગર્ભવતી થાય એટલે પત્નીનું માન ઓર વધી જાય છે. તેથી સીતાની શોક્યના દિલમાં તેલ રેડાય છે. શોક્યના દિલમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ છે. તેથી સીતાને હલકી ચીતરવા માટે કપટપૂર્વક સ્ત્રીઓએ સીતાને કહ્યું કે, અમે રાવણના રૂપનાં વખાણ બહુ સાંભળ્યાં છે. રાવણનું રૂપ આલેખીને બતાવો ને?

સીતાજીએ કહ્યું કે રાવણ અશોકવાટિકામાં મને મળવા આવતો ત્યારે મારી દૃષ્ટિ નીચી રહેતી હોવાથી, મેં રાવણનાં સર્વ અંગો જોયાં નથી, મારી દૃષ્ટિ એનાં ચરણ ઉપર જ પડી છે. તેથી હું રાવણને શી રીતે આલેખી બતાવું? સપત્નીઓના આગ્રહથી સરળ પ્રકૃતિવાળા સીતાજીએ રાવણનાં ચરણ આલેખ્યાં અને તે જ સમયે રામ ત્યાં આવી ચઢ્યા એટલે શોક્યો બોલી, "સ્વામી ! જુઓ તમારી પ્રિયા સીતા અદ્યાપિ રાવણને સંભારે છે. હે નાથ ! જુઓ. સીતાજીએ પોતે રાવણના બે ચરણ આલેખ્યા છે. હજુ સીતા રાવણની જ ઈચ્છા કરે છે. તે આપ ધ્યાનમાં રાખજો. તે સાંભળી રામે ગંભીરપણે મોટું મન રાખ્યું અને સીતાદેવીને ન જણાય તેમ ત્યાંથી તત્કાળ

પાછા વળી ગયા. સીતાની ઈર્ષ્યાથી આ વાત દાસીઓ દ્વારા શોક્યોએ લોકમાં ફેલાવી. તેથી લોક પણ સીતાની નિંદા કરવા લાગ્યું.

ખરેખર સીતાની ઈર્ષ્યાથી શોક્યોને શું ફાયદો થયો ? રામે સીતાનો ત્યાગ કર્યો તેથી ત્રણ ખંડનો સ્વામી લક્ષ્મણ રડે છે. રામ દુઃખી, સતી સીતાને પતિનો વિયોગ. શું ફાયદો થયો ?''

**સભાઃ** ''અહીં સીતાજીની ભૂલ ન હતી છતાં શોક્યોએ ખોટી વાત કરી એ ભૂલ. પણ ખરેખર કોઈ કંજૂસ હોય એને તો આ કંજૂસ એમ કહેવાય ને?એમાં તો પાપ ન લાગે ને ?''

**ગુરુજીઃ** '' દશવૈકાલિક નામા આગમમાં દશમું ''સભિક્ષુ'' અધ્યયન છે. એમાં લખ્યું છે કે ''न परं वएज्जसि अयं कुसीले'' જે બીજાને કોઈ દિવસ એમ ન કહે કે આ કુશીલ, હલકો, દુરાચારી, અભિમાની, નિર્દય, માયાવી, જૂઠો, લબાડ વગેરે છે. એવું ન કહે તે ભિક્ષુ છે.

કંજૂસને પણ કંજૂસ કહે તો તેને દ્વેષ થાય તેથી ''जेणन्न कुप्पेज्ज न तं वएज्जा।'' જેનાથી બીજાને ક્રોધ થાય તેવાં વચનો કહેવાં નહીં.''

**સભાઃ** '' એક વ્યક્તિ અમારા ધ્યાનમાં છે. અબજોપતિ છે છતાં ભૈયા પાસે શાક પણ રાત્રે સૌથી છેલ્લે વધ્યું હોય તેવું લેવા આવે. કપડાં પણ જ્યાં સેલ લાગ્યું હોય ત્યાંથી લે. દીવાળીનું બોનસ વોચમેનને પાંચ રૂપિયા જ આપે. આવી વ્યક્તિની નિંદા થઈ જાય છે, તો શું કરવું ?''

**ગુરુજીઃ** ''સમજો કે કોઈ વ્યક્તિ અત્યંત કંજૂસ છે, તો એ એનો દુર્ગુણ છે. એવી વ્યક્તિની નિંદા ન થઈ જાય માટે, ૧૪ પૂર્વધર શય્યંભવસૂરિ મ.સા.આપણને દવા આપે છે ''जाणियं पत्तेयं पुन्नं-पावं'' તમારે વિચારવાનું છે કે પોતાના કરેલા પુણ્ય-પાપ દરેક પોતે ભોગવે છે. કોઈ માણસ બળતો અંગારો હાથમાં લે તો એ પોતે બળશે. હું કાંઈ બળવાનો

છું? એ જે કંજૂસાઈ કરે છે, એનાથી એ બદનામ થશે. હું બદનામ થવાનો નથી."

**સભાઃ** "એંઠા મોંઢે બોલે તો?"

**ગુરુજીઃ** "તમારી જવાબદારી આવતી હોય તો કહેવાનું, બાકી માથું મારવાનું નહીં."

**સભાઃ** "દેવ-ગુરુ-ધર્મની નિંદા કરે તો પણ ચૂપ રહેવાનું?"

**ગુરુજીઃ** "निन्द्यो न कोऽपि लोके। કોઈની પણ નિંદા ન કરવી. એમાં અધમ એટલે પાપી, મધ્યમ એટલે લૌકિક સદ્‌ગુણીઓ, ઉત્તમ એટલે લોકોત્તર સદ્‌ગુણીઓની નિંદા ન કરવી એ અર્થ લેવો. પણ જે અધમાધમ અર્થાત્ જે જગતને પાપ તરફ લઈ જનારા છે તેની તો નિંદા કરવાની.

निन्द्यो न कोऽपि लोके નો અર્થ વ્યાકરણ મુજબ સર્વત્ર નિંદાત્યાગ થાય છે. જ્યારે ધર્મશાસ્ત્ર મુજબ જે લોકો જગતમાં ઉન્માર્ગ પ્રવર્તાવે છે તેમના સિવાયની નિંદાનો ત્યાગ.

**નવિ નિંદા મારગ કહેતા**

ગોશાળો પોતાની જાતને સર્વજ્ઞ તરીકે ઓળખાવે છે. જગતમાં ઉન્માર્ગનું સ્થાપન કરી રહ્યો હતો તેથી સમવસરણમાં બધાંની વચ્ચે ભગવાને કહ્યું કે તું જૂઠો છે, તું દંભી છે. તું એ જ મંખલીપુત્ર ગોશાળો છે. મારી પાસેથી જ નિમિત્તશાસ્ત્ર ભણીને પોતાની જાતને સર્વજ્ઞ કહેવડાવે છે. ભગવાન એવું બોલ્યા કે ગોશાળો આખેઆખો ઊભો સળગી ગયો."

**સભાઃ** "આને નિંદા ન કહેવાય?"

**ગુરુજીઃ** "નવિ નિંદા મારગ કહેતા, સમ પરિણામે ગહગહતા.

સગા બાપને મરચું લાગી જાય એવું મયણા જાહેરમાં છડેચોક બોલી છે. કારણ કે પિતા જાહેરમાં ઉન્માર્ગની સ્થાપના કરી રહ્યા છે. આજે પરિસ્થિતિ બહુ ખરાબ છે. રસ્તે રખડતો માણસ પણ આપણા ધર્મને ટપલી

મારી જાય એવી હાલત છે.

કલિકાલ સર્વજ્ઞની બદબોઈ કરવા મંજરી નામનું કલ્પિત પાત્ર લખી એની સાથે પ્રેમની વાતોવાળી નવલકથાઓ લખાય છે અને વંચાય છે. માકુભાઈનો સંઘ નીકળ્યો અને મનુભાઈ પંચોલીએ ટિકા-ટિપ્પણ કરતી નવલકથા લખી છે.

વર્ષો પૂર્વે શ્રાવકો સમેતશિખર યાત્રા કરવા નીકળ્યા. દિલ્હીમાં નેહરુજી મળ્યા. નેહરુજીએ પૂછ્યું કે ક્યાં જાઓ છો ? તો કહ્યું કે સમેતશિખર. તો નેહરુજીએ કહ્યું કે ભાખરા-નાંગલ જાવ, એ સાચાં તીર્થો છે. એ શ્રાવકોને બસની વ્યવસ્થા કરાવીને ભાખરા-નાંગલ જવા રવાના કરી દીધા.

દેવ-ગુરુ-ધર્મની નિંદા કરતો હોય તો તમારી શક્તિ હોય તો તેનો પ્રતિકાર કરવો જોઈએ. શક્તિ ન હોય તો ઊભા થઈ શકાય, ઊભા થવાની શક્તિ ન હોય તો કાનમાં આંગળી નાખી દેવાની. દેવ-ગુરુ-ધર્મની નિંદા સાંભળવાથી પાયમાલ થઈ જવાય."

**માત્ર શબ્દકોશના આધારે અર્થ ન કરાય.**

**સભાઃ** "ભગવાન મહાવીરે માંસભક્ષણ કર્યું એવું ભણાવવામાં આવે છે."

**ગુરુજીઃ** "શબ્દોના અર્થ માત્ર કોશના આધારે ન થાય. સિંધ દેશમાં બે વસ્તુ પ્રોમિનન્ટ છે. સિંધ દેશમાં મીઠું પેદા થાય છે, જેને સિંધાલૂણ કહેવાય છે. બીજું સિંધ દેશના ઘોડા પ્રખ્યાત છે. સિંધ દેશમાં જે પેદા થાય તેને સૈન્ધવ કહેવાય.

વ્યક્તિ જમવા બેઠી છે ત્યારે સૈન્ધવ આનય (મીઠું લાવ) બોલ્યા તો ત્યાં સૈન્ધવનો અર્થ મીઠું થાય છે. અને યુદ્ધના મેદાનમાં સૈન્ધવ આનય બોલ્યા તો ત્યાં ઘોડો અર્થ કરાય.

દરેક દ્રવ્યમાં છ રસમાંથી કોઈ ને કોઈ રસ હોય છે. વસ્તુના ગુણધર્મ, વીર્ય, વિપાક જોવું પડે. સૂંઠ ઉષ્ણવીર્ય છે, પણ વિપાકે મધુર છે. તીખી વસ્તુ પિત્ત ઉત્પન્ન કરે છે. ગળી વસ્તુ પિત્તનું શમન કરે છે.

આમળામાં પાંચ રસ છે. બીજી એક વનસ્પતિમાં પણ પાંચ રસ છે. આમળા અને બીજી વનસ્પતિમાં ગુણ-વીર્ય-વિપાક સરખું છે પણ પ્રભાવ સરખો નથી. માટે પ્રભાવ પણ જાણવો પડે. દવા માટે ક્યું દ્રવ્ય અનુપાનમાં વાપરવું, ન વાપરવું એની જાણકારી જોઈએ.

આ બધી જાણકારી વગર કેવળ કોશના આધારે અર્થ કરવા જાય તો ભગવાનને માંસાહારી કહેવા જેવું થાય. ભલા ભાઈ ! માંસ ઉષ્ણવીર્ય છે. એનાથી કોઈ દિવસ લોહીના ઝાડા મટે ? પિત્તજ્વરને નાશક ઔષધ લેવું પડે."

માર્જાર એટલે બિલાડી અર્થ થાય. એમ માર્જાર નામનો વાયુ પણ છે. એ વાયુને નાશ કરે માટે એવા ઔષધને માર્જારિ કહેવાય. આ સંદર્ભ ફોરેન સ્કોલરોને ખબર ન હોવાથી શબ્દાર્થ કરીને મૂકવાથી આવા ગોટાળા થયા છે.

આપણા ભગવાન માટે ગમેતેમ બોલાય છતાં શાંતિથી બેઠા રહીએ તે કેમ ચાલે ? રોજ દા'ડો ઊગે ને મોંકાણના સમાચાર આવે છતાં આપણે કુંભકર્ણની ઊંઘમાંથી ઊઠતાં જ નથી.

ઠાણાંગ સૂત્રમાં ૬ કારણ આપ્યાં છે જેના કારણે વ્યક્તિમાં ઉન્માદ પેદા થાય છે. તે ૬ કારણમાંથી ૪ કારણ નિંદાનાં આપ્યાં છે. એમાં (૧) અરિહંતોની (૨) એમણે બતાવેલ ધર્મની (૩) ભાવાચાર્ય, ઉપાધ્યાયની (૪) ચતુર્વિધ સંઘની નિંદા. ઉપરોક્ત ચાર નિંદાથી જીવ પાગલ બની જાય છે."

**અરિહંતાદિનની નિંદા ન થાય**

**સભાઃ** " અરિહંતાદિ પરમાત્માની નિંદા કેવી રીતે થાય ?"

**ગુરુજીઃ** "અરિહંત પરમાત્માના અતિશય, જોજનગામીની વાણી, મેરુપર્વત ડોલાવ્યો, એમના જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિ ગુણો મગજમાં ન બેસે માટે એમના માટે પણ એલફેલ બોલે. આ રીતે અરિહંત પરમાત્માની નિંદા કરે છે."

**સભાઃ** "આચાર્ય ભગવંતની પણ નિંદા થાય?"

**ગુરુજીઃ** "નિંદા કરવાવાળા કોઈને ના મૂકે. આ આચાર્ય તો અમારા ખોળામાં મોટા થયા છે. મેં એમના સેડાં લૂછ્યાં છે. આજે આચાર્ય થયા એટલે શું ? અમારા અંધારામાં ગયા એ અજવાળાની વાતો કરે ? "

**સભાઃ** "શાસ્ત્રીય ઉદાહરણ ખરું ?"

**ગુરુજીઃ** "કલિકાલસર્વજ્ઞ નાની ઉંમરમાં આચાર્ય થયા છે. બ્રાહ્મણોને શ્રમણો સાથે વેર તેથી મજાક ઉડાડવા હેમચંદ્રસૂરિ મ.સા.ને પૂછ્યું, " तक्रं पीतम् ? (છાશ પીધી?) પીત શબ્દના બે અર્થ થાય-પીધું અને પીળું. કલિકાલસર્વજ્ઞજીએ વળતો જવાબ આપ્યો "तक्रं न तु पीतं अपि तु श्वेतम् ? એટલે કે છાશ સફેદ છે, પીળી નહીં.

આવું જ એક વાર દિગમ્બરાચાર્ય કુમુદચંદ્રસૂરિએ રાજસભામાં સભાજનો વચ્ચે કહ્યું કે આ બાળક મારી સાથે વાદ કરશે ? ત્યારે હેમચંદ્રસૂરિ મ.સા. બધાંની વચ્ચે કહે છે કે નાનો બાળક કપડાં ન પહેરે. મેં તો કપડાં પહેર્યાં છે. જે કપડાં ન પહેરે તે બાળક કહેવાય ! "

**સભાઃ** "નજીકના ભૂતકાળમાં ગુરુભગવંતની નિંદાનો જવાબ આપ્યો હોય તેવું ઉદાહરણ ખરું ?"

એક વાર એક શ્રાવકે વૃદ્ધિચંદ્ર મ.સા.ને વાત કરી કે આપ મેલાં કપડાં પહેરો છો પણ મૂલચંદજી મ.સા. તો ધોળાં, સ્વચ્છ કપડાં પહેરે છે.

ખરેખર તો શ્રાવકે બે સાધુભગવંતો વચ્ચે સોયનું કામ કરવું જોઈએ. એના બદલે આ શ્રાવકે કાતરનું કામ કર્યું. અહીંયા ગુણિયલ આચાર્ય ભગવંતની નિંદા થઈ રહી હતી. તેથી વૃદ્ધિચંદ્ર મ.સા.એ ખૂબ સરસ જવાબ આપ્યો કે હું ગયા ભવમાં ખેડૂત હતો એટલે મારામાં મેલા રહેવાના સંસ્કાર રહી ગયા છે. જ્યારે મૂલચંદજી ગયા ભવમાં બ્રાહ્મણ હતા. તેથી બ્રાહ્મણના સંસ્કાર રહી ગયા છે તેથી ધોળાં, સ્વચ્છ કપડાં પહેરે છે. પણ તું ગયા ભવમાં ચંડાલ હતો.તેથી તારી નજર ચામડા પર છે, તેથી જ બાહ્ય જુએ છે, આત્મીક ગુણીયલતા જોતો નથી.

ધર્મવિરોધી બોલનારને તરત બંધ કરાવતા પણ આવડવું જોઈએ. એનાથી સુલભબોધિ થવાય.

એક સ્થાનકવાસી ભાઈએ એક ગુરુભગવંતને કહ્યું કે પથરા પૂજવાથી મોક્ષ મળતો હોય તો હું ડુંગરે ડુંગરા પૂજું ! આ કંઈ પ્રશ્ન પૂછવાની રીત છે ? તરણતારણ ભગવાનની પ્રતિમા માટે પથરો શબ્દ વાપર્યો. ગુરુ મ.સા.એ ઈંટનો જવાબ પથ્થરથી આપ્યો કે મોઢે કપડું બાંધવાથી મોક્ષ મળતો હોય તો હું કપડાંના તાકા ને તાકા બાંધું.

**જીવે સુલભબોધિ થવાનો રસ્તો**

(૧) અરિહંત પરમાત્મા (૨) એમણે પ્રરૂપિત ધર્મ (૩) આચાર્ય-ઉપાધ્યાય (૪) ચતુર્વિધ સંઘ (૫) દેવલોકના દેવતા આ પાંચના વર્ણવાદ, પ્રશંસા, ગુણસ્તવ કરવાથી જીવ સુલભબોધિ બને.”

**સભા: “હે ભગવાન ! આપના સમય(આગમ)માં નિયાણું કરવાની ના પાડી છે. છતાંય ભવોભવ તમારું શાસન મળજો એમ બોલવાથી શાસન મળે ને ?”**

**ગુરુજી: “શાસન મેળવવા પુણ્ય તો બાંધવું પડશે ને ?**

ઉપરોક્ત પાંચના વર્ણવાદ કરવાથી પુણ્ય બંધાશે, શાસન મળશે.

દેવ-ગુરુ-ધર્મની નિંદા ન થાય એવું કરવું જોઈએ એના બદલે તમે દેવ-ગુરુ-ધર્મની નિંદા થાય એવું કર્યું-કરાવ્યું એટલે 'પડિસિદ્ધાણં કરણે' દોષ આવ્યો.

ઉત્તમ પુરુષોની ઈમેજ પ્રભાવ વધે એવું કરવું જોઈએ. એવું ન કર્યું તેથી 'કિચ્ચાણમકરણે' દોષ લાગ્યો."

**સભાઃ** "ઉત્તમ પુરુષોની મહાનતા વધે એવું કાર્ય કોણે કર્યું છે?"

**ગુરુજીઃ** "ગોશાળો સ્વભાવે ટીખળી છે. ગમે ત્યાં ગમે તેની સાથે પંગો લઈ લે. ગોશાળાએ એક જગ્યાએ શ્રાપ આપ્યો કે મારા ગુરુના તપના તેજથી મહોલ્લો બળી જાય ! વ્યંતર દેવોએ પ્રભુની ભક્તિના કારણે મહોલ્લો બાળી નાંખ્યો."

**સભાઃ** "આ વ્યાજબી કહેવાય?"

**ગુરુજીઃ** "વાસ્તવમાં વનસ્પતિ, કીડી, વાંદા વગેરે જીવોની હિંસા થઈ છતાં વ્યાજબી એટલા માટે કે મોટા પુરુષોની હીનતા ન થાય એના માટેનો પ્રયત્ન છે. ઈન્દ્ર મહારાજા ભગવાનના જન્મ વખતે ઉદ્‌ઘોષણા કરાવે છે કે ભગવાન અને ભગવાનની માતાનું કોઈએ અહિત વિચાર્યું તો એના મસ્તકના સાત ટુકડા કરી નાખીશ.

ઈન્દ્ર મહારાજાએ આ જાહેરાત દ્વારા પ્રભુને લોક નજરથી ઉપર ઊઠાવવાનું કામ કર્યું છે. મોટા પુરુષોને હલકા પાડવા, ઈમેજ તોડી નાખવી એ બહુ મોટું પાપ છે. વર્તમાનનું તમારું ભૌતિક શિક્ષણ દેવ-ગુરુ-ધર્મને હલકા પાડવાનું મોટા પાયે કામ કરે છે.

ન્યૂઝ પેપરો પણ દેવ-ગુરુ-ધર્મની નિંદા કરવામાં પાછી પાની કરતા નથી.આવા ન્યૂઝપેપરને ખરીદવા એ પણ પરોક્ષ રીતે દેવ-ગુરુ-ધર્મની નિંદા કરી કહેવાય."

**સભાઃ** "આપણો ધર્મ તો મૈત્રીભાવમાં નથી માનતો?"

**ગુરુજી:** "મૈત્રી નિખિલ સત્ત્વેષુ. મૈત્રીનો અર્થ શું ? પરહિતચિંતા એ મૈત્રી છે. સમષ્ટિનું હિત કરવા માટે અધમાધમ જીવને તોડી પાડવો એ પણ મૈત્રી કહેવાય. ઘણીવાર અધમાધમ જીવોને ચૂપ કરવામાં પણ મૈત્રી છે. મૈત્રી એટલે પંપાળવું એવો અર્થ નહીં સમજવાનો. ગોશાળાની ઉન્માર્ગગામી પ્રવૃત્તિ તોડી પાડી એ પણ પ્રભુજીની મૈત્રી જ હતી.

**નાગશ્રીની કથા**

નાયધમ્મકહામાં દ્રૌપદીના પૂર્વભવની વાત છે. ચંપાનગરીમાં સોમદેવ, સોમભૂતિ અને સોમદત્ત નામે ત્રણ સહોદર બંધુ હતા. તેમને અનુક્રમે નાગશ્રી, યજ્ઞશ્રી અને ભૂતશ્રી નામે ત્રણ સ્ત્રીઓ હતી. વારાફરતી એક-એક દિવસ સર્વે એક- એકને ઘરે ભોજન કરવા જતાં. એકવાર નાગશ્રીએ અજાણતાં કડવી તુંબડીનું શાક રાંધ્યું. તેને હિંગ વગેરે દ્રવ્યથી સારી રીતે વઘાર્યું. પાછળથી જરા ચાખતાં તેને જરાક કડવું લાગ્યું. એટલે તેમાં થયેલ દ્રવ્યનો ખર્ચ વ્યર્થ ન જાય તે માટે પાત્રમાં જુદું રાખી મૂક્યું. બીજા ભોજનથી બધાંને જમાડ્યાં.

એવામાં ધર્મઘોષસૂરિના ધર્મરુચિ નામે મુનિ માસક્ષમણને પારણે નાગશ્રીના ઘરે આવ્યા. નાગશ્રીએ "આ શાકમાં થયેલો ખર્ચ વૃથા ન થાઓ" એવું વિચારીને કડવું શાક તે મુનિને વહોરાવ્યું.

અહો ! આ સ્ત્રીની બુદ્ધિને ધિક્કાર છે, જેને ઘેર તપના તેજથી કાંચનગિરિ જેવા મુનિવર પધાર્યા તેમને તેણીએ ઉકરડા જેવા ગણ્યા. કલ્પવૃક્ષ, સૂર્ય, કામકુંભ અને પુણ્યોદય જેવા મુનિને એ પાપી સ્ત્રીએ આકડો, રાહુ, કુંભારનો કુંભ અને ખાબોચિયા જેવા ગણ્યા.

આહાર લઈને મુનિ ગુરુ પાસે આવ્યા. જ્ઞાનીગુરુએ તે આહાર અયોગ્ય (વિષમિશ્રિત) જાણી શિષ્યને કહ્યું, "નિરવદ્ય સ્થાને જઈને પરઠવો જી, તમે છો દયાના જાણ રે, બીજો આહાર આણી કરી જી, તમે કરો

નિરધાર રે."

ધર્મરુચિ મ.સા.એ શાક થોડું પરઠવ્યું. શાકમાં સ્વાદિષ્ટ પદાર્થો નાખેલા હોવાથી કીડીઓ આવી. શાક ખાતાં કીડીઓ મરી ગઈ... "દીઠા દીઠા રે જીવોના સંહાર રે !"

મ.સા. વિચારે છે, "જો હું બીજા જીવોને અભયદાન આપું અને આ આહાર વાપરું તો મારી જિંદગીનો અંત થાય છે પણ તે સાથે ભવનો પણ અંત થવો સંભવ છે. અને પરઠવીશ તો કીડીઓની વિરાધના થવાથી ભવની વૃદ્ધિ થશે."

**સભાઃ** "ગુરુઆજ્ઞા તો પરઠવવાની હતી અને પોતે વાપરી ગયા તો ગુરુઆજ્ઞા ભંગનો દોષ ન લાગે ?"

**ગુરુજીઃ** "ગુરુઆજ્ઞાના માત્ર વર્ડસ(શબ્દો)ને પાળવાના નથી. ગુરુવચનના ઐદંપર્યને પણ પાળવાનું છે. ગુરુઆજ્ઞાનું ઐદંપર્ય પણ તેઓ સમજેલા હતા."

**સભાઃ** "એ શેના આધારે કહો છો ?"

**ગુરુજીઃ** "સજ્ઝાયમાં સ્પષ્ટ લખ્યું કે "તમે છો દયાના જાણ રે" અર્થાત્ ધર્મરુચિ મ.સા.જ્ઞાની છે માટે જ વિચારે છે કે મારા ગુરુની પણ આજ્ઞા છે કે શુદ્ધ સ્થાને જઈને આ આહાર પરઠવી દેવો. તો મારા પેટ જેવું શુદ્ધ બીજું સ્થળ ક્યાંય પણ જોવામાં આવતું નથી.

મહાત્મા આવ્યા નહીં તેથી સહવર્તી જોવા જાય છે. મહાત્મા કાળધર્મ પામ્યા. ચંપાનગરીમાં ધર્મઘોષસૂરિ મ.સા.ના શિષ્યો મહોલ્લે-મહોલ્લે, ગલીએ-ગલીએ, પોળે-પોળે કહે છે કે અધન્યા, અપુણ્યા, પાપીણી, દુર્ભગીઓમાં લીંબોળી જેવી.

**સભાઃ** "લીંબોળી જેવી એટલે શું ?"

**ગુરુજીઃ** "કોઈ પણ વ્યક્તિ ભૂખી હોય તો પીપળાનાં પાન ખાય પણ

લીંબોળી ન ખાય. એવી અત્યંત અનાદેય નાગશ્રીએ કડવી તુંબડીનું શાક વહોરાવીને સાધુને મારી નાખ્યા.

ચંપાનગરીના લોકો પાસેથી સોમદેવ વગેરે બ્રાહ્મણોએ વાત સાંભળી. બ્રાહ્મણો ભયંકર ગુસ્સે થયા. બ્રાહ્મણોના આગેવાનો ભેગા થઈ એના ઘરે આવે છે. અપ્રાર્થિત એવા મૃત્યુની ઈચ્છાવાળી થઈ છે? ચૌદશના દિવસે ભાગ્યશાળીઓનો જન્મ થતો હોય છે. જ્યોતિષીની દૃષ્ટિએ એ કહે છે કે તું હીનચતુર્દશીના દિવસે જન્મેલી છે, પાપીણી. આક્રોશભર્યા શબ્દો સંભળાવે છે. એના કુલનું અભિમાન નીચે પાડે છે. કપડાં, દાગીના બધું લઈ લે છે. તર્જના, તાડના કરે છે. એની નિંદા કરે છે, લાકડીઓથી મારે છે, ધિક્કારે છે, થૂંકે છે. ઘરમાંથી કાઢી મૂકી. હડકાયા કૂતરાની જેમ કોઈ એને ગામમાં પણ રાખવા તૈયાર નથી. કોઈ ઊભી પણ રહેવા દેતું નથી. સાંધાવાળા જૂનાં કપડાં લાજ ઢાંકવા રહેવા દીધા છે. હાથમાં એક તૂટેલું ઠીકરું અને પાણી માટે ફૂટેલો ઘડો રહેવા દીધો છે. માખીઓનો સમુદાય એની પાછળ ચાલે છે. એ જ ભવમાં ૧૬ મહારોગ ઉત્પન્ન થયા. કાળ કરી છઠ્ઠી નરકમાં ગઈ."

**સભા:** "બીચારીની આવી હાલત કરી? ક્ષમા ન રાખવી જોઈએ?"

**ગુરુજી:** "આ બીચારી નથી. અધમાધમ જીવ છે. અસ્થાને ક્ષમા એ ગુણ નથી. કપૂર ગુણકારી છતાં નાળિયેરના પાણીમાં ન નંખાય. નાળિયેરના પાણીમાં નાખો તો મૃત્યુ લાવે.

**કોની નિંદા કરવાથી પાપ ન બંધાય?**

ઉત્તમ પુરુષોની નિંદા ક્યારેય નહીં કરવાની. મધ્યમ એટલે માર્ગને પામેલાની પણ ક્યારેય નિંદા ન કરવી. લૌકિક સદ્‌ગુણીની નિંદા ન કરવી. અધમ લોકો ચોર-કસાઈની પણ નિંદા ન કરવી.

દોષદષ્ટિવાળા કાગડા જેવા હોય છે. એને ઉકરડો અને મરેલા ઉંદરો જ દેખાય. બગીચામાં ઊગેલાં ફૂલો ન દેખાય. સંવત્સરીના દિવસે ખાય એની પણ નિંદા ન કરાય. નિંદા કેવળ પોતાના દોષોની અને જે અધમાધમ જીવો છે, જે માર્ગને ધક્કો પહોંચાડે છે, ઉન્માર્ગને સ્થાપે છે, શાસનના પ્રત્યનિક છે. એ બધાંની નિંદા નહીં કરો તો પાપ બંધાશે."

**સભાઃ** "પ્રભાવના માટે બહેનો પડાપડી કરતાં હોય છે, એની નિંદા કરાય?"

**ગુરુજીઃ** "પ્રભાવના માટે પડાપડી કરનારની પણ નિંદા ન કરાય. એને ગુરુ મ.સા. સમજાવશે. પણ તમારે નિંદા ન કરવી.

વર્ષો પહેલાં દુષ્કાળ વગેરે કારણસર અનાજ વિતરણ કરવા નીકળેલા યુવાનો ગાડીઓ ચોરામાં ઠાલવી જાય અને કહે કે અમે આગળના ગામમાં જઈએ છીએ. તમે તમારી રીતે લઈ લેજો. કાર્યકર્તા પાછા આવ્યા. અનાજના ઢગલા જેમના તેમ. એક દાણો પણ ઓછો ન થાય. આપવા છતાં જાતે લે નહીં. આપણી વૃત્તિ નીચે ગઈ કેમ કે શ્રીમંત ઘરની સ્ત્રીઓ પણ પ્રભાવના માટે પડાપડી કરે. આ આપણી તુચ્છ વૃત્તિ, અશુભ લેશ્યાના પ્રતીક છે. પ્રભાવના માટે ઝૂંટાઝૂંટી ન હોય. ઈવન માંગવું એ કેટલું નાનપભર્યું હશે કે શાંતનુ શેઠે ચોરી કરી પણ માંગ્યું નહીં. ખાનદાન માણસ માગી શકે જ નહીં."

**સભાઃ** "અમે તો ફ્રેન્કલી કહી દઈએ કે મારી આગ્રહ કરવાની ટેવ નથી. તમે જાતે માંગી લેજો."

**ગુરુજીઃ** "તમારી આગ્રહ કરવાની ટેવ નથી એ કોઈ ગુણ નથી, પણ એ તો દોષ છે. આગ્રહ કરવાની ટેવ નથી તો ટેવ પાડ. કશું જ ફ્રેન્કલી મંગાય નહીં."

**સભાઃ** "સાધુ ભગવંતો વગેરે તો વસતિ વગેરેની યાચના કરે છે?"

**ગુરુજી:** "માંગવાનો જન્મ શામાંથી થયો એ જોવાનું. સાધુભગવંત પણ માગે છે અને ભિખારી પણ માગે છે. પણ બંનેમાં ફરક છે. ભિખારી લાચારીના કારણે માગે છે. જ્યારે સાધુ ભગવંતને અહિંસક જીવન જીવવું છે. અહિંસક રીતે આજીવિકા ચલાવવા માટે યાચના સિવાય બીજો કોઈ ઉપાય જગતમાં નથી. અહિંસક આજીવિકા ચલાવવાની વૃત્તિ છે. માટે એ કોઈ દોષ નથી, ગુણ છે.

પ્રજાનું કૌવત હણાઈ જઈ રહ્યું છે. જેટલું મફતમાં મળતું હોય એટલું ઘરભેગું કરો એવી વૃત્તિ પેદા થઈ રહી છે.

**માગવામાં માગવામાં ફેર છે**

માગવાની વૃત્તિના અવગુણના છેડા છેક આચાર્ય પદવી માંગવા સુધી પહોંચતા હોય છે. સાબરમતીમાં સુશ્રાવક જવાનમલજી પ્રતાપચંદજી બેડાવાળા. પોતાની શ્રાવિકા શાક પીરસવાનું ભૂલી ગઈ હોય તો ખાલી રોટલી વાપરીને ઊભા થઈ જાય પણ શ્રાવિકા પાસે શાક માગ્યું નથી.

મૂળ વાત, દેવ-ગુરુ-ધર્મ તથા એને પૂરક વ્યવસ્થાઓની નિંદા કરનારની નિંદા કરવી પડે."

**સભા:** "રીત-રિવાજોની નિંદા ન થાય?"

**ગુરુજી:** "ના, પૂર્વકાળમાં માણસ બાજોઠ પર થાળી રાખીને વાપરતો હતો. તમને આ પરંપરા ઓર્થોડોક્સ લાગે છે. જ્યારે એક ફોરેનર ઇન્ડિયા આવ્યો. તેને વાપરવા માટે બાજોઠ આપ્યો તો એણે પોતાની ડાયરીમાં લખ્યું કે ઇન્ડિયામાં દરેક વ્યક્તિને વ્યક્તિગત ડાયનિંગ ટેબલ આપવામાં આવે છે. કોમન ડાયનિંગ ટેબલ નથી. એ ખૂબ ખુશ થયો.

ખરેખર આર્ય રીત-રિવાજો એ ધર્મના પૂરક હતા એની નિંદા ન કરાય અને કોઈ નિંદા કરતો હોય તો બચાવ કરવો.

મૂળ વાત, નિંદા એ પાર્ટનરશિપવાળો બિઝનેસ છે. એમાં બે જણ હોય તો જામે, એકલા નિંદા જામે નહીં. અહીં એટલું ધ્યાન રાખવું કે લોકવિરુદ્ધ નિંદા ઇત્યાદિ પ્રવૃત્તિ જીવનમાં ન જોઈએ.

રાવણના જીવનમાં ભવનિર્વેદ છે. સંસારને અસાર માને છે તેથી જ ધરણેન્દ્ર રાવણની ભક્તિ કરવા ઇચ્છે છે ત્યારે રાવણ ભક્તિના ફળ તરીકે મોક્ષ જ માંગે છે. અર્થાત્ સંસારને અસાર જ માને છે તો જ મોક્ષ માગે ને ! મોક્ષ માગે છે તેથી માર્ગાનુસરિતા પણ છે. જીવનમાં ભૌતિક સુવિધાઓ પણ છે કે જેનાથી જીવન અસ્તવ્યસ્ત ન થઈ જાય. અર્થાત્ ઇષ્ટફલસિદ્ધિ પણ છે.

જ્યાં સુધી સીતાનું અપહરણ નહોતું કર્યું ત્યાં સુધી લોકવિરુદ્ધ એક પણ પ્રવૃત્તિ ન હતી. ત્રણ ખંડનો માલિક છે છતાં એના જીવન ઉપર કોઈ આંગળી ચીંધી શકે એવો એક પણ અવગુણ નથી. ૧૦૦% જેન્ટલમેન છે.

રાવણના જીવનમા ંએક પણ વસ્તુ લોકવિરુદ્ધ નહીં દેખાય. નિકાચિત કર્મના કારણે સીતાનું અપહરણ થયું. રામ સાથે યુદ્ધ ચાલુ છે. જે દિવસે મરી ગયો તે દિવસે પણ ભગવાનની ભક્તિ કરવા જાય છે ત્યારે એમ નથી કહેતો કે હું જીતી જાઉં. પણ ભગવાનને કહે છે કે પ્રભુ, મને સમાધિ મળજો. ભવોભવ તમારું શાસન મળજો.

આપણા જીવનમાં અનંતીવાર લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ, પરત્થકરણં આવ્યું છે. ૪,૫,૬ પ્રાર્થના ઘણીવાર જીવનમાં આત્મસાત્ પણ ૧લી, ૨જી પ્રાર્થના જીવનમાં ન હોય તો ૪,૫,૬ની કોઈ તાત્ત્વિક વેલ્યુ નથી.''

**સભાઃ** ''લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ, પરત્થકરણં જેના જીવનમાં હોય પણ ભવનિર્વેદ, માર્ગાનુસારિતા ન હય તો કલ્યાણ ન થાય.''

**ગુરુજીઃ** ''૪,૫,૬ જેના જીવનમાં છે પણ ૧લી, ૨જી પ્રાર્થના જેના

જીવનમાં નથી એને ધર્મ પમાડવો સહેલો. જેના જીવનમાં સંસ્કૃતિ, મર્યાદા હોય તેને ધર્મ પમાડવો સહેલો.

૧લી, ૨જી પ્રાર્થના વિના ૪,૫,૬ પ્રાર્થના જીવનમાં અનંતીવાર આવી હતી. તેથી ગણધર ભગવંતે ૧લી, ૨જી પ્રાર્થના પછી ૪થી,૫મી,૬ઠ્ઠી પ્રાર્થના માગી."

**સભાઃ** "જેના જીવનમાં લોકવિરુદ્ધ પ્રવૃત્તિ છે, દા.ત. સ્મગલર છે એને ધર્મ કરવાનું મન થાય તો ધર્મ કરી શકે?"

**ગુરુજીઃ** "જેના જીવનમાં લોકવિરુદ્ધ પ્રવૃત્તિ છે એવા જીવોએ જાહેરમાં ધર્મ ન કરાય."

**સભાઃ** "કેમ ન થાય?"

**ગુરુજીઃ** "શાસનની અપભ્રાંજના થાય."

**સભાઃ** "ધર્મમાં આવશે તો સ્મગલિંગનો ધંધો છૂટી જશે."

**ગુરુજીઃ** "ધર્મમાં આવવાની ના નથી પાડી. ઉપાશ્રયના દરવાજા ખુલ્લા છે. સજ્જન મોભાદાર વ્યક્તિ ગમે ત્યારે આવી શકશે, જ્યારે મોટી લોકવિરુદ્ધ પ્રવૃત્તિ કરનાર જાહેરમાં ધર્મ ન કરી શકે. દાન પણ જાહેરમાં ન આપી શકે. સ્મગલિંગ કરીને પૈસા લાવ્યો એટલે ખોટી રીતે કમાયો છે, માટે તેને જાહેરમાં દાન નહીં થાય."

**સભાઃ** "સ્મગલર જાહેરમાં દેરાસર બનાવે તો શું કરવાનું?"

**ગુરુજીઃ** "સંઘમાં આપણું કોઈ નથી સાંભળવાના.બાકી સંઘાચાર્ય પગલાં લઈ શકે. દા.ત. આવા સ્મગલરે બનાવેલા દેરાસરમાં પગ પણ મૂકાય નહીં અને કોઈ પગ ન મૂકે.

મારું ચોમાસું મુલુંડમાં હતું. સંવત્સરીની રાત્રે હું પ્રાયઃ ૧૨.૩૦ વાગે માત્રુ પરઠવવા નીચે આવ્યો. મંડપમાં જ માત્રાની કૂંડી હતી ત્યાં રસોડામાંથી ધૂમાડો નીકળતાં જોયો. મેં ત્યાં તપાસ કરી તો શીરો, મગ

૧૨.૩૦ વાગે થઈ ગયા હતા. મેં પૂછ્યું આટલું વહેલું કેમ બનાવ્યું ? તો રસોઈયો કહે કે ચાર ઓર્ડર છે, શું કરું ?

હવે હું તમને કહું કે આ મધ્યરાત્રે બનેલું છે. વાસી છે, ખાતાં નહીં. તો તમે માનો ?"

...વિશેષ વાતો અવસરે...

## પડાવ : ૭
## જળ ભરી સંપુટ પત્રમાં,યુગલીક નર પૂંજત
## ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંતઃ

ભવનો અંત લાવવા માટે આપણે સુધર્માસ્વામી ભગવંતે બનાવેલ 'જયવીયરાય' સૂત્રની વિચારણા કરી રહ્યા છીએ.

(૧) ભવનિર્વેદ (૨) માર્ગાનુસારિતા
(૩) ઈષ્ટફલસિદ્ધિ (૪) લોકવિરુદ્ધનો ત્યાગ
(૫)ગુરુજનપૂજા (૬) પરાર્થકરણ
(૭)સદ્ગુરુનો યોગ (૮) તેમના વચનની સેવા.. આભવમખંડા

ગણધર ભગવંતે અહીં સુધી જ સૂત્ર બનાવ્યું છે. પછીની જે માંગણીઓ છે તે પૂર્વાચાર્યકૃત છે.

**સભા:** "ગણધર ભગવંતે કેમ અધૂરું સૂત્ર બનાવ્યું ?"

**ગુરુજી:** "ગણધર ભગવંતે કેમ ૮ પ્રાર્થના સુધી જ સૂત્ર બનાવ્યું તે વિચારીએ.

તમે કહ્યું કે ગણધર ભગવંતે કેમ અધૂરું સૂત્ર બનાવ્યું. સૂત્ર અધૂરું છોડવાનું સંભવિત કારણ (૧) વ્યક્તિને આવડતું ન હોય તો અધૂરું છોડે (૨) વ્યક્તિના કામમાં ઠેકાણું ન હોય તો અધૂરું છોડે. (૩) કાર્ય કરતાં કાંઈ વિઘ્ન આવી ગયું હોય તો કાર્ય અધૂરું રહી જાય.

ગણધર ભગવંતે આઠ પ્રાર્થના સુધી જ સૂત્ર બનાવ્યું પણ આગળનું સૂત્ર ન બનાવવામાં એક પણ ઉપરોક્ત કારણ નથી. (૧) ગણધર ભગવંતો શ્રુતના પારગામી છે. તેથી તેમને આવડતું નથી એવું તો નથી જ. (૨) તીર્થંકર ભગવંતના પટ્ટધરના કામમાં ઠેકાણું ન હોય એ વાતમાં દમ નથી. (૩) જયવીયરાય સૂત્ર બનાવતાં કોઈ વિઘ્ન પણ આવ્યું નથી. છતાં..."

**સભા:** "તે કાળે આગળની પ્રાર્થનાઓની જરૂર નહીં હોય."

**ગુરુજી:** "ના, તે કાળે પણ આગળની પ્રાર્થનાની જરૂર હતી. દા.ત. ભવે ભવે તુમ્હ ચલણાણં -ભવોભવ મને તમારું શાસન મળજો. ચોથા આરામાં પણ પૂરેપૂરો ચતુર્વિધ સંઘ મોક્ષમાં નથી જવાનો તેથી તેમને પણ જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી ભવોભવ પ્રભુનું શાસન મળજો એવી પ્રાર્થનાની જરૂર છે જ."

**સભા:** "પહેલી આઠ પ્રાર્થનાની અંતર્ગત પાછળની પ્રાર્થનાઓ આવી જતી હશે."

**ગુરુજી:** "બરાબર, તમે મહેનત કરો તો બધા જવાબ આવડી જાય એવી તમારી શક્તિ છે. ભારતનું બંધારણ એક ચોપડીમાં લખાઈ જાય પરંતુ બંધારણનું અર્થઘટન કરવા માટે હજારો પુસ્તકો ઓછાં પડે.

એટલે ગણધર ભગવંતે ૮ પ્રાર્થનામાં જે માંગ્યું હતું તે આપણા જેવા મંદ ક્ષયોપશમવાળા ન સમજી શકે એટલે વિસ્તૃત કરીને આપ્યું."

**સભા:** "પ્રથમ આઠ પ્રાર્થનામાં "ભવે ભવે તુમ્હ ચલણાણં" -ભવોભવ તમારું શાસન મળજો એવી પ્રાર્થનાનો સમાવેશ ક્યાં કરવામાં આવેલ છે?"

**ગુરુજી:** "સદ્‌ગુરુ જોગો..."માં આવી જાય. સદ્‌ગુરુ શાસનમાં જ હોય. શાસન બહાર સદ્‌ગુરુ છે જ નહીં તેથી ઇન્ડાયરેક્ટલી તો આ વાત આવી જતી હતી. પણ આપણે ન સમજી શકીએ તેથી અન્ડરલાઇન કરીને અર્થાત્ સેપરેટ સમજાવી હોય અથવા દ્વિબદ્ધં સુબદ્ધં એ ન્યાયે પણ લખી હોય.

ગણધર ભગવંતે કરેલ આઠ પ્રાર્થનાને યથાર્થ સમજીને પૂર્વાચાર્ય ભગવંતોએ એ પ્રાર્થનાઓને આપણા બોધ માટે વિસ્તૃત કરી છે."

**સભા:** "ઉદાહરણથી સમજાવો ને !"

**ગુરુજી:** "લૌકિક ઉદાહરણ લઈએ. વડીલો કહેતા કે ગામેગામ ઘર બાંધવા જોઈએ. આ પંક્તિનો શબ્દાર્થ થાય છે કે દરેક ગામમાં ઘર હોવું જોઈએ. ભારતમાં ૬ લાખ ગામડાં છે. છ લાખ ગામમાં ઘર બાંધવા માટે પુષ્કળ

પૈસા જોઈએ. એટલા પૈસા કમાવવામાં માણસ ટેન્શનમાં ઊંધો વળી જાય. કદાચ પુણ્ય હોય અને પુષ્કળ પૈસા છે તેથી બિહારમાં ઘર લીધું. તમને કોઈ પૂછે કે બિહારમાં ઘર કેમ લીધું ? મારા પિતાજી કહી ગયા કે ગામેગામ ઘર હોવા જોઈએ. માટે બિહારમાં કોઈ સ્વજન નથી છતાં ઘર લીધું.

ખરેખર તમારા પિતા જે કહી ગયા છે તેનો મતલબ એવો થાય છે કે દરેક વ્યક્તિ સાથે એવા મીઠા સંબંધો રાખવા કે અન્ય ગામમાં જવાનું થાય તો પરાયું ન લાગે. પોતાનું જ ઘર લાગે. એથી એ ગામમાં પગ મૂકવામાં સંકોચ ન થાય.

સમજો કે તમારે અમદાવાદ જવું છે અને ત્યાં ચોવિહાર કરવા છે. તમે પાડોશી સાથે સારા સંબંધ રાખ્યા છે. તેમની પુત્રવધૂ અમદાવાદની છે તો તરત કહેશે કે મારા પિયર જજો. ત્યાં બધી વ્યવસ્થા થઈ જશે. મારા પિયરિયાંને જ તમારા ચોવિહારનો લાભ આપજો.

તમારા પિતા કહી ગયા કે ગામેગામ ઘર બાંધવા અર્થાત્ તારો સ્વભાવ સારો રાખજે. આજુબાજુવાળા સાથે કટકટ કરતો નહીં. કચરાના ડબ્બા વગેરે માટે માથાકૂટ કરતો નહીં. બાજુવાળા નાના છોકરાં ગંદકી કરી જાય તો ઝઘડવા માટે જતો નહીં. આવી લાખો હિતશિક્ષાઓ ગામેગામ ઘર બાંધવામાં રહેલી છે.''

**સભાઃ** ''ગામેગામ સંબંધ રાખવા એમ જ લખ્યું હોત તો ?''

**ગુરુજીઃ** ''વરસાદ પડે તો લોકો કહે કે આ વરસે સોનું વરસ્યું. ખરેખર તો સોનું નથી વરસ્યું પણ પાણી વરસ્યું છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને આ રીતે ભાષા બોલાતી હોય છે. ભાષાની અમુક પ્રકારની મર્યાદાઓ આવવાની તેથી સમજવામાં તકલીફ થાય.માટે જ ગુરુની જરૂર પડે. માટે સાધુ ભગવંતોના પક્ખીસૂત્રમાં અંતોપક્ખસ્સ જં ન વાઈઅં, ન પઢિઅં... અહીં ક્રમનો વ્યુત્ક્રમ કર્યો છે.

**સભાઃ** "ક્રમ શું હોય?"

**ગુરુજીઃ** "જે ન ભણ્યું, ન ભણાવ્યું ને બદલે જે ન ભણાવ્યું ન ભણ્યું. આમ લખવા પાછળ શાસ્ત્રકાર ગુરુગમથી ભણવાની વાત કરે છે. માટે ક્રમનો વ્યુત્ક્રમ કરીને લખ્યું છે."

**સભાઃ** "આ અર્થ ટીકામાં લખ્યો છે?"

**ગુરુજીઃ** "મને ભણતાં પ્રશ્ન થયેલો તેથી મેં સુવિશાલગચ્છાધિપતિ પૂજ્ય જયઘોષસૂરીશ્વરજી મ.સા.ને આનો અર્થ પૂછાવ્યો. તો એમણે આ અર્થ કરી આપ્યો. મને ખૂબ સંતોષ થયો.

મૂળ વાત, બંધારણની ચોપડીઓ બજારમાં મળે છે છતાં વકીલો પાસે તમારે અર્થ સમજવા જવું પડે છે. નેટ ઉપર સર્ચ કરો તો દવાની માહિતી મળે છતાં ડૉક્ટરની જરૂર પડે છે. જીએસટીના નિયમો ગુપ્ત નથી છતાં સી.એ. પાસે જવું પડે છે."

**સભાઃ** "સી.એ. જેટલું જીએસટીનું જ્ઞાન નથી માટે જવું પડે છે."

**ગુરુજીઃ** "પૂર્વાચાર્યો જેટલું જ્ઞાન આપણને નથી તેથી જ પૂર્વાચાર્યોએ જે આગમો ઉપર ટીકા, ભાષ્યાદિ જે લખ્યાં છે તે મૂળ આગમના જ અર્થ છે. છતાં એ ભાષ્યાદિને માનવા નહીં એ બહુ ગંભીર ભૂલ છે. દા.ત. તમારા પિતા કહી ગયા કે સમાજમાં કોઈની સાથે બગાડતો નહીં. એમાં પડોશીનો ઉલ્લેખ ન કર્યો હોય તો પણ સમજવાનું જ હોય કે પડોશી સાથે બગાડાય જ નહીં. તમે તમારો કક્કો લઈને બેસી જાવ કે પિતાજી ક્યાં લખીને ગયા છે કે પડોશી...પિતાજી તો સમાજ સાથે ન બગાડવાનું લખી ગયા છે. આ જ કક્કો ખરો કરો એ વ્યાજબી નથી.

આઠ માગણીની અંદર ગણધર ભગવંતે જે માંગ્યું, એમાં બધું આવી ગયું હતું. શું મંગાય એનો પૂરેપૂરો બોધ એમની પાસે હતો. છતાં પૂર્વાચાર્ય દ્વિબધ્ધં સુબદ્ધમ્ ન્યાયે અથવા તો સ્પષ્ટ બોધ થાય એવા ઉદાત્ત

આશયથી આગળની પ્રાર્થનાઓ બનાવી છે.

આપણી વાત ચોથી પ્રાર્થના લોગવિરુદ્ધચ્ચાઓની ચાલતી હતી. લોગ=સારા, સજ્જન લોકો અને એ લોકોને જે ન ગમતું હોય તેનો ત્યાગ એનું નામ 'લોગવિરુદ્ધચ્ચાઓ'. અહીં સજ્જન લોકો જ લેવા પડશે. સજ્જન=શિષ્ટ જન. જૈન લેવા એવું ન સમજવું. ટૂંકમાં, દુનિયામાં જેટલા શિષ્ટજન છે એ લોકોને નથી ગમતું એવી વસ્તુનો ત્યાગ એટલે લોગવિરુદ્ધચ્ચાઓ."

**સભાઃ** "શિષ્ટજન અર્થાત્ સજ્જન કોને ગણવા?"

**ગુરુજીઃ** "જેને સુકૃતો સહજ ગમતાં હોય, સારાં કામો ગમતાં હોય અને ખરાબ કામો ન ગમતાં હોય. એને શિષ્ટજન અર્થાત્ સજ્જન કહેવાય.

લોક વિરુદ્ધ પ્રવૃત્તિ બે પ્રકારની આવશેઃ ૧) જે પ્રવૃત્તિ સીધેસીધી નિંદ્ય લાગશે જેમ કે, વેશ્યાનો ધંધો કરવો, કતલખાનું ચલાવવું, સ્મગલિંગ કરવું, જુગાર રમવો આ બધી સ્પષ્ટ અયોગ્ય પ્રવૃત્તિઓ છે. આમાં બહુ સમજવાની જરૂર ન પડે.

જ્યારે બીજી લોક વિરુદ્ધ પ્રવૃત્તિમાં સ્પષ્ટ, સીધું, દેખીતું પાપ ન દેખાય. દા.ત. વડીલોથી જુદાં રહેવાનું, દારુ, સ્મગલિંગ -વેશ્યાના ધંધામાં સીધું પાપ દેખાશે. તમે વડીલોથી જુદાં સ્વતંત્ર રહો એમાં આવું સીધું પાપ ન દેખાય છતાં એવી પ્રવૃત્તિઓનો પણ ત્યાગ કરવો."

**સભાઃ** "આજે તો દેખીતું પાપ દેખાય એમાં સમજાવવા જઈએ તો પણ સામે ગળે વળગે."

**ગુરુજીઃ** "તમારી વાત સાચી છે, એક યુવાનને એક સજ્જનભાઈ સમજાવવા ગયા કે તું મહિને ૧૫ હજાર રૂપિયા દારૂ-સિગારેટ પાછળ ઊડાડી નાખે છે. ૧૨ માહિનાના ૧ લાખ ૮૦ હજાર થાય અને ૧૦ વર્ષના ૧૮ લાખ રૂપિયા થઈ ગયા. આ ૧૮ લાખ રૂપિયા બચાવ્યા હોત તો તારી

પાસે આજે ૬૦ તોલા સોનું હોત.

વ્યસની યુવાને કાકાને વળતો સવાલ કર્યો કે તમારી ઉંમર કેટલી થઈ? તો કાકાએ જવાબ આપ્યો કે ૬૦ વર્ષ. યુવાને ફરી સવાલ કર્યો કે તમે દારૂ, સિગારેટ પીઓ છો? તો કાકા કહે કે ના. તો તમારી પાસે ૩૬૦ તોલા સોનું હોવું જોઈએ ને ! છે તમારી પાસે ૩૬૦ તોલા સોનું?

જડ અને વક્ર લોકો એવા હોય છે કે તમે એને સમજાવવા જાવ તો તમને ગળે વળગે. કોઈ સજ્જને દારૂ, સિગારેટનું સેવન જીવનમાં ક્યારેય કર્યું નથી છતાં કેન્સર થાય તો કહેશે કે દારૂ-સિગારેટ ન પીધાં છતાં કેન્સર થયું તો અમને શાંતિથી પીવા દો. માથાકૂટ ન કરો.

ભલા માણસ ! સિગારેટ વગેરે પીતા ન હતા છતાં કેન્સર થયું તો વિચાર કર કે જે પીએ છે તેને તો કેન્સરના ચાન્સ કેટલા વધી જાય?''

**સભા:** ''વક્ર જડ તો કહેશે કે મારા દાદા રોજની ૬૦ બીડી પીતા હોવા છતાં કાંઈ ન થયું, ૮૩ વર્ષ જીવ્યા.''

**ગુરુજી:** ''આવા જડ, વક્રને સમજાવી ન શકાય. વ્યસનો પણ માત્ર ભૌતિક આશયથી નથી છોડવાના.''

**સભા:** ''આપે ગઈ કાલે કહ્યું કે ''निन्द्यो न कोऽपि लोके।'' એમાં અધમાધમ જીવ સિવાય બીજા કોઈની નિંદા ન કરવી. અમારા ઘરે કોઈ વસ્તુ ચોરી જાય તો એની પણ નિંદા ન કરાય?''

**ગુરુજી:** ''ના, તમે આર્યદેશની સત્યઘટનાઓથી પરિચિત નથી. બાકી કેવા કેવા અદ્ભુત ઉદાહરણો તમને સાંભળવા મળે. મુકુન્દરાય પારાશર્યજીએ પોતાની માની વાતો લખી છે તે વાંચો તો સમજાય.

''મારાં બાનાં અવસાન પહેલાંના ત્રણેક વર્ષે બનેલી હકીકત છે. બાના પિયરના ગામ મોરબીમાં એક ભાઈ રહેતા હતા. પણ ભાવનગર આવે ત્યારે બા પાસે આવતા રહેતા. તેઓ મારી માને ફઈ કહેતા અને

છેવટનાં વરસોમાં તો વારંવાર આવતા.

કોઈ પણ કારણે તેમને હસ્તલાઘવની(ચોરી) ટેવ પડેલી તે છૂટતી જ ન હતી. પછીનાં વરસોમાં સાવ નિર્ધન થઈ જવાથી એ ટેવ વધી હોઈ, બે-ચાર મિનિટ પણ ઓરડામાં એકલા પડવા દીધા હોય તો કંઈક વસ્તુ તો જાય જ. છતાં બા તેમને જમીને જવાનું  કે બપોર પછી છાંયો ઢળ્યે જવાનું કહેતાં ત્યારે મને ઘણો ચિત્તક્લેશ થતો. બાને આ ભાઈની ટેવ બાબતે ખબર હતી. છતાં પણ તેઓ તેમને હેતથી અવનવું ખવડાવતાં. મિષ્ટાન્ન બનાવી દેતાં અને અવનવાં અથાણાં કાઢી ખવડાવતાં. ઉનાળામાં તો બા તેમને પંખો ય નાખતાં. વાત સાચી કે એ ભાઈ બહુ ભાવથી જમતા અને વારંવાર ફઈ-ફઈ કહી બાળપણની વાતો સંભારતા.

એક વાર તેઓ સવારમાં મારા ઘરે આવ્યા. બાએ જમવા રોક્યા.બા ઘરમાં હતાં અને હું બાજુની ઓરડીમાં બે-ત્રણ પુસ્તકો મૂકવા ને એક પુસ્તક લેવા ગયો. પુસ્તક ગોતતાં બે-ત્રણ મિનિટ થઈ. પાછો આવ્યો ત્યારે ટેબલ પરથી બે નાની વસ્તુઓ ગયેલી. મેં અંદર જઈને બાને કહ્યું, ‘‘આપણે સહુ જાણીએ છીએ કે એ ભાઈ આવે છે ત્યારે કંઈક વસ્તુ જાય છે તોય બેસવાનું, જમવાનું શા માટે કહેવું?’’ બાએ કહ્યું, ‘‘ભાઈ! હું જીવું છું ત્યાં સુધી રે‘વા દે.’’કહી બા મૂંગા થઈ ગયાં. બાએ શ્રીખંડ કરી ખવરાવ્યો. પંખો નાંખતાં, જૂની વાતો સંભારતાં બંને બેઠાં. હું રસોડામાં જઈ લુસલુસ જમી ઓફિસે જવા નીકળ્યો. જતાં જતાં કહેતો ગયો કે મને આ બધું ગમતું નથી.

ઓફિસેથી પાછો ઘેર આવ્યો ત્યારે મેં બાને પૂછ્યું, ‘‘હું ગરમ થઈ, બોલીને ઓફિસ ગયો ત્યારે તમારે મને કંઈ કહેવું હતું? બાએ કહ્યું કે તને આવડા મોટાને મારે શું કહેવાનું હોય ? મેં કહ્યું કે તમે મારી સામે જોતા‘તા ત્યારે શું વિચાર આવતા‘તા ?’’

બાએ કહ્યું કે મને તો ત્યારે તારા બાપા યાદ આવતા'તા. અમે એકવાર આપણા ગામડે ગયા. ત્યારે ઓરડાની ચાવી જેની પાસે હતી તે કમરૂદ્દીનભાઈએ કહ્યું કે તમારા ફલાણા સગા પંદર દિ' પહેલાં આવ્યા હતા અને ચાવી માંગી કે તમે સામાન રાજકોટ મંગાવ્યો છે, માટે લેવા આવ્યા છે. એમ કહી એક મોટું કબાટ, એક પેટી, તાંબા-પિત્તળના કે રૂપાનાં વાસણ લઈ ગયા છે. તારા બાપુ કંઈ બોલ્યા નહીં. પછી ઓરડામાં ગયા. પટારો ઉઘાડ્યો. ત્યાં તાળું તોડી ઘરેણાં વગેરે લઈ ગયા હતા. મને આ વસ્તુસ્થિતિ જોતાં દુઃખ થયું ત્યારે તારા બાપાએ કહ્યું કે આ વાત કોઈને, બા સુદ્ધાંને ના કહેવી. મૂંગા રહેતા અને ખમી ખાતાં શીખવું. આપણા નસીબનું નહોતું એમ મન મનાવવું. એ યાદ આવતાં મને થયું કે એ બાપનો તું દીકરો થઈ આમ કેમ વર્ત્યો?તમને સમજાયું હશે કે તમારે ઘરેથી કોઈ વસ્તુ ચોરી જાય તો નિંદા તો બહુ દૂરની વાત છે."

**સભાઃ** "શ્રાવક આવી રીતે કોઈ ચોરી કરી જતું હોય તે સહન કરે ? ક્યાં સુધી સહન કરવાનું ?"

**ગુરુજીઃ** " ભૌતિક નુકસાનમાં જેટલું સહન થાય તેટલું કરવું. સહન કરશો તો સારું છે. જ્યાં સુધી તમારી સમાધિ ટકતી હોય ત્યાં સુધી સહન કરવામાં કોઈ વાંધો નથી.

મૂળ વાત, લોકવિરુદ્ધ બે પ્રકારે છેઃ (૧) જેમાં પાપ સ્પષ્ટ દેખાય, (૨) જેમાં પાપ સ્પષ્ટ ન દેખાતું હોય. જેમ કે મા-બાપથી અલગ રહેવું વગેરે.

તમારી બહેન વિધવા થઈ છે. એના સાસરીપક્ષમાં કોઈ નથી. ત્યારે ભાઈ તરીકે તમારી જવાબદારી વિધવા બહેનના ભરણપોષણની આવે. તમારે ચૂં કે ચા કર્યા વગર ભરણપોષણ કરવાનું. તમે ગાડીઓમાં ફરો અને બહેનનું ભરણપોષણ ન કરો તો ન ચાલે પણ આજે સમાજ

વ્યવસ્થા તૂટી ગઈ છે. તમે હાથ ઊંચા કરી નાખો તો કોઈ કહેનાર રહ્યું નથી. બાકી સમાજવ્યવસ્થા હોય તો સજ્જનો તમારો હાથ પકડશે. માય લાઈફ ઈઝ માય લાઈફ એ વાત અહીં ન ચાલે. અહીં સજ્જનો પણ Involve થશે. અહીં ચૂકો તો ગણધર ભગવંતો તમને ચૂક્યા કહેશે. માટે ગણધર ભગવંતો ભગવાન પાસે પ્રાર્થના કરે છે. લોક વિરુદ્ધચ્ચાઓ."

**સભાઃ** " ૧૨ વ્રતધારી શ્રાવક હોય અને એની વિધવા બહેનના ભરણપોષણની જવાબદારી છતી શક્તિએ ન લે તો લોકવિરુદ્ધ પ્રવૃત્તિ કહેવાય?"

**ગુરુજીઃ** "હા, ૧૦૦% લોકવિરુદ્ધ પ્રવૃત્તિ કહેવાય. શાસ્ત્રકારો જેનામાં જેટલી ભૂમિકા મુજબ ખામી હશે તે ખામી તટસ્થતાપૂર્વક જરૂર બતાવશે. ભગવાનના શાસનમાં જરા પણ મારાતારાનો ભેદભાવ નથી.

લોકવિરુદ્ધ પ્રવૃત્તિમાં મીરાંના જીવનને જોઈએ. મીરાંના લગ્ન રાજઘરાણામાં થયેલાં છે. અંબાણી ફેમિલીની પુત્રવધૂઓનો દબદબો કેવો હોય? એનું સ્ટેટસ કેવું હોય? એની પાસે પૈસાની રેલમછેલ કેવી હોય?"

સભાઃ "આટલા પૈસાવાળાને તો પાર્ટી, શોપિંગ, ફેશનમાંથી બહાર નીકળવાનો ટાઈમ જ ન મળે."

**ગુરુજીઃ** "મીરાં રાજરાણી છે. એમને કોઈ ગૃહકાર્ય વગેરે કરવાનાં ન હોય. મીરાંનાં નવાં નવાં લગ્ન થયાં છે અને પતિનું મૃત્યુ થઈ જાય છે અને મીરાં વિધવા થયાં છે. તમે હોવ તો મીરાંને શું શિખામણ આપો?"

**સભાઃ** "બીજાં લગ્ન કરી લે. આખી જિંદગી કેવી રીતે નીકળશે?"

**ગુરુજીઃ** "બીજો પતિ કરશે એટલે જિંદગી નીકળી જશે? બીજો પતિ નહીં મરે એની ગેરંટી છે?

આર્યદેશની વાતો સાંભળો તો ખબર પડે. ગંગુડોશીની વાત છે. ગંગુનાં લગ્નનાં બે-ત્રણ વર્ષમાં જ પતિ મરી ગયો. બીજાં લગ્નની વાત કરી

(એમના સમાજમાં ઘરઘરણાં-બીજાં લગ્ન- થતાં હતાં). તો ગંગુવહુ ચિડાઈને કહેતી કે આવી વાત મારી આગળ નહીં. જે ધણીને મેં જીવ દીધો એનું ગામતરું (મૃત્યુ) થયા કેડે હું એને છેહ (દગો) દઉં તો હું ક્યા ભવમાં છૂટું?''

**સભાઃ** ''નાની ઉંમરમાં વિધવા થાય તો જિંદગી નીકળે કેવી રીતે?''

**ગુરુજીઃ** ''ધર્મમાં મન લગાડવાથી જિંદગી સુખપૂર્વક નીકળી જાય.''

**સભાઃ** ''ધર્મ ગમવો તો જોઈએ ને?''

**ગુરુજીઃ** ''ધર્મમાં ન ગમવા જેવું શું છે ? બીજો પતિ બે વર્ષમાં મરી જશે તો ? પતિ નથી તો શું થયું ? પરિવારમાં સાસુ-જેઠાણી વગેરે તો છે જ ને ?ધર્મમાં મન લગાડવાનું. સામયિક પ્રતિક્રમણ કરી શકાય. બાકીના ટાઈમમાં ઘરનાં કર્તવ્ય આવશે. પતિના સાથે જે ટાઈમ મળતો હતો તે ધર્મમાં લગાડી દેવાનો.

મીરાં વિધવા થયાં. બીજાં લગ્નની વાત નથી. શ્રીકૃષ્ણની ભક્તિમાં પોતાનું મન લગાડી દે છે. બીજાં લગ્નનો વિચાર સુદ્ધાં નથી કરતાં. મીરાંના પદો વૈરાગ્યમય છે. છતાં મીરાંના જીવનમાં લોકવિરુદ્ધ પ્રવૃત્તિ છે.''

**સભાઃ** ''શું છે?''

**ગુરુજીઃ** ''શ્રીકૃષ્ણની ભક્તિ ગમે ત્યાં રસ્તા ઉપર પણ કરવા બેસી જાય. વીણા વગાડે, ભગવાનનાં ગીતો ગાય. આર્યદેશની સ્ત્રીઓ આમ રસ્તા પર ન ગાય. રાસડા પણ ન લે. ગમે ત્યાં બેસી ન જવાય. ગમે ત્યાં ભજન ન કરે. ગમે ત્યાં નાચે નહીં.''

**સભાઃ** ''ભજન જ ગાય છે ને ?''

**ગુરુજીઃ** ''સ્ત્રીઓથી જાહેરમાં ગમે ત્યાં ભજન કરવું, નાચવું વગેરે ન થાય.''

**સભાઃ** "મંદોદરીએ અષ્ટાપદ પર્વત પર નૃત્ય કર્યું છે."

**ગુરુજીઃ** "મંદોદરીએ ભગવાનની સામે નૃત્ય કર્યું છે."

**સભાઃ** "સ્ત્રીથી ભગવાનની સામે નૃત્ય થાય?"

**ગુરુજીઃ** "સતી મંદોદરીએ કર્યું તે ખોટું છે? મંદોદરી સ્ત્રી નથી?"

**સભાઃ** "મંદોદરીએ ભગવાન સામે નૃત્ય કર્યું તે સારું કે ખોટું?"

**ગુરુજીઃ** "સતી મંદોદરીએ ભગવાન સામે નૃત્ય કર્યું એ સારું છે. મીરાંએ કર્યું એ ખોટું છે."

**સભાઃ** "મંદોદરી આપણાં છે એટલે સારું અને મીરાં બીજા ધર્મનાં છે માટે ખોટું?"

**ગુરુજીઃ** "વાહ ભાઈ વાહ! કૃષ્ણ કરે તે લીલા અને બાકી બધાં કરે તે ગુનો એવું નથી. મંદોદરીએ ભગવાન સામે નૃત્ય કર્યું એ ખોટું નથી કારણ કે ત્યાં કોઈ પુરુષની હાજરી નથી."

**સભાઃ** "રાવણ હાજર છે ને?"

**ગુરુજીઃ** "ભાઈ, પુરુષનો અર્થ અહીં પરપુરુષ લેવાનો છે. રાવણ તો તેનો પતિ છે. આર્ય દેશમાં સ્ત્રી પોતાના પતિ સિવાય અન્ય કોઈ પણ પુરુષની હાજરીમાં નૃત્ય ન કરે. જ્યારે મીરાં ભજન ગાતાં રસ્તા ઉપર નાચે ત્યારે ત્યાં અનેક પરપુરુષો હોય માટે ખોટું છે. મારાતારાનો ભેદ નથી. શ્રાવિકા બહેનો પણ રસ્તા પર નાચે તો ખોટું જ કહેવાય. ભલે એ ભગવાન મહાવીરના ઉપાસક હોય. ખોટું તો ખોટું જ કહેવાય. તેમાં ભેદભાવ ન હોય."

**સભાઃ** "કોઈ પતિ-પત્ની બંને દેરાસરમાં આવે. અન્ય કોઈ પુરુષ નથી તો સ્ત્રી ભગવાન સામે નૃત્ય કરી શકે?"

**ગુરુજીઃ** "હા, કરી શકે. એમાં કાંઈ ખોટું નથી. મહિલામંડળ પૂજા ભણાવતી વખતે દાંડિયા વગેરે રમે છે તે ખોટું નથી. બહેનો દેરાસરમાં આ

રીતે ભક્તિ કરતાં હોય ત્યારે ભાઈઓએ વિવેક રાખવો જોઈએ.

આર્યદેશની વાતો સાંભળશો તો આનંદચકિત થઈ જશો.

તાનસેને રાજદરબારમાં એકવાર કહેલું કે દરેક રાગોની વિશિષ્ટ તાકાત હોય છે. હિંડોળ રાગથી હિંડોળા અને શેરડીના સંચાઓ ચાલે છે. શ્રી રાગથી અકાલને મારી હટાવાય અને લીલી હરિયાળી થાય છે. ભાગ્યશ્રી રાગ શુદ્ધ રાગમાં ગવાય તો સરસ્વતી માતાનું સર્જન થાય છે. તેવી જ રીતે દીપક રાગ ગાવાથી અગ્નિ વગર દીપક પ્રગટ થઈ જાય છે. રાજાને આશ્ચર્ય થયું કે જો ખરેખર તમારા દીપક રાગમાં તાકાત હોય તો અહીંયા ઘીના દીવાઓ તમે દીપક રાગથી પ્રગટાવી આપો. ત્યારે તાનસેને જવાબ આપ્યો કે રાજાધિરાજ એ હું નહીં કરી શકું કેમ કે સામે મેઘમલ્હાર રાગ ગાવો પડે. નહીં તો છ મહિના સુધી મારે તળાવમાં છાતીસમાણા પાણીમાં બેસવું પડે ત્યારે તેમાંથી પ્રગટેલો દાહ શાંત થાય. રાજાએ કહ્યું કે તમે છ મહિના દરબારમાં નહીં આવો તો ચાલશે. પરંતુ મારે તમારા દીપક રાગની તાકાત જોવી છે.

રાજાભિયોગને કારણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ગામ વડનગરમાં સંગીતની કસોટી થઈ અને તાનસેન દ્વારા દીપક રાગ ગવાતા બધા દીપક અગ્નિ વગર પ્રગટ્યા. પરંતુ તાનસેને રાગના પ્રતાપે શરીરમાં લાગેલા દાહને કારણે દોડીને તળાવમાં ઝંપલાવ્યું અને છાતીસમાણા પાણીમાં રહેવાનું શરૂ કર્યું. બીજે દિવસે સવારે તે ગામની નાની દીકરીઓ પાણી ભરવા આવી અને તેમણે તાનસેનને જોતાવેંત જ કહ્યું કે આપનું નામ તાનસેન છે ને ? અને આપના ઈંગિત પરથી જણાય છે કે આપે દીપક રાગ ગાયો લાગે છે. તાનસેને પૂછ્યું કે બેટા તમને કેવી રીતે ખબર પડી? બંને દીકરીઓએ જવાબ આપ્યો કે અમે પણ સંગીતના ઉપાસક છીએ અને આપ અમારે ત્યાં પધારો. અમે તમને મેઘમલ્હાર સંભળાવીશું અને

આપનો દાહ શાંત થઈ જશે. પરંતુ આપે અમને એક વચન આપવું પડશે કે આપ અમારું નામ ગુપ્ત રાખશો. કારણ કે એ જમાનામાં પરપુરુષની હાજરીમાં જાહેરમાં સ્ત્રીઓ ગાતી ન હતી.

તાનસેનને આવકારીને તાના રીરી પોતાના ઘરે તેમનું સ્વાગત કરીને મેઘમલ્હાર રાગ સંભળાવે છે અને તાનસેનનો દાહ શાંત થઈ જાય છે. અને એ જ દિવસે તાનસેન રાજસભામાં હાજર થાય છે. રાજાએ તરત પૂછ્યું કે તમે તો કહેતા હતા ને કે હું છ મહિના સુધી નહીં આવી શકું તો આજે આપ કેવી રીતે આવી ગયા? ત્યારે તાનસેને કહ્યું કે હું વચનથી બંધાયેલો છું એટલે નામ નહીં આપું પણ રૈયતમાં બે નાની દીકરીઓ છે તેઓ તળાવમાં પાણી ભરવા આવી અને મારા ઈંગિત આકાર પરથી તેમણે કહી દીધું કે તમે દીપક રાગ ગાયો છે અને તેમણે મને મેઘમલ્હાર રાગ સંભળાવ્યો છે અને મારો દાહ શાંત થયો છે. આ પણ સંગીતના સાત સૂરોની સૂરાવલિની કમાલ છે. રાજાએ હવે જિદ પકડી કે મને એ બંને દીકરીઓનાં નામ આપો. તાનસેને આનાકાની તો ઘણી કરી પણ રાજાભિયોગના કારણે તેમણે બંનેનાં નામો આપ્યાં. અને બંને દીકરીઓને રાજ્યસભામાં હાજર થવા કહેણ મોકલવામાં આવ્યું. બંને દીકરીઓએ રાજ્યસભામાં જવાને બદલે પોતાના ઘરમાં જ સમાધિ લીધી અને આજે પણ તે બંને દીકરીઓના બલિદાનને સંગીતકારો આલાપની અંદર તાના-રીરીનાં નામો વાપરીને અંજલિ આપે છે. આજે જોવાલાયક સ્થળોમાં આ બંનેનાં બલિદાનની યશોગાથારૂપ દહેરીઓનાં દર્શન માટે લોકો ટોળે વળે છે.

મીરાં તો ભજન ગાતાં હતાં પણ તમે તો ઈન્ડિયન આઈડિયલમાં તમારી દીકરીઓને હલકાં ગીતો ગામ વચ્ચે ગાવા માટે પ્રોત્સાહિત કરો એવા છો.

આર્યદેશમાં કેવી મર્યાદા હતી તે આ બે પનિહારીઓની વાત ઉપરથી તમને સમજાશે.''

**સભાઃ** ''સ્ત્રીઓને ગોંધી જ રાખવાની ને ?''

**ગુરુજીઃ** ''તમારું માથું ઠેકાણે નથી માટે તમારા મોઢામાંથી આવા શબ્દો નીકળે છે. બાકી...

જલિયાવાલા બાગની ઘટનાથી દુઃખી સરદાર ઉજમસિંહ ફોરેનમાં પહોંચ્યા. ત્યાં ઘણા અંગ્રેજોને માર્યા અને જ્યારે સરદાર ભાગતા હતા ત્યારે એક યુવતીએ જાણી કરીને પોતાનો પગ આડો કરીને સરદાર ઉજમસિંહને નીચે પટક્યા. પડવાના કારણે પકડાઈ ગયા ત્યારે લોકોએ પૂછ્યું કે તમારી પાસે બંદૂક તો હતી જ. તમે કેમ એ યુવતી પર બંદૂક ન ચલાવી ? ત્યારે ઉજમસિંહે કહ્યું કે હું ભારતીય છું. અમે છોકરી પર આંખ પણ નથી ઊઠાવતા તો બંદૂક તો કેવી રીતે ઊઠાવું ?

ભારતીય સંસ્કૃતિ તમને ખબર હોત તો કદાચ આવું ન બોલત કે સ્ત્રીઓને ગોંધી જ રાખવાની ?''

**સભાઃ** ''રામ, લક્ષ્મણ , સીતા વનવાસમાં ગયા ત્યારે એક મહાત્મા સામે સીતાએ નૃત્ય કર્યું અને રામ લક્ષ્મણે વાજિંત્ર વગાડ્યા. સીતા માટે લક્ષ્મણ પરપુરુષ હતા તો સીતાજીની આ પ્રવૃત્તિ લોગવિરુદ્ધ ન કહેવાય ?''

**ગુરુજીઃ** ''અહીં સીતાજીના જીવનમાં લોગવિરુદ્ધ નહીં બતાવી શકો. કારણ કે લક્ષ્મણ અત્યંત મર્યાદાવાન છે. સીતાજીના અપહરણ બાદ સીતાજીના દાગીનાઓ મળ્યા તો લક્ષ્મણ કહે છે કે મેં ક્યારેય પણ ભાભીની સામે જોયું નથી. તેથી હાર, કુંડલ, બંગડી વગેરે નહીં ઓળખી શકું. પણ રોજ એમના ચરણે નમસ્કાર કરતો હતો તેથી તેમના પાયલને ઓળખી શકીશ. આવા લક્ષ્મણ દિયર છે માટે ચાલે. બાકી બીજા કોઈ દિયર હોય તો ન ચાલે.''

**સભાઃ** ''અમારાં ભાભીઓ તો બંગડી પહેરતાં જ નથી.''

**ગુરુજી:** "પૂર્વકાળમાં વિધવા સ્ત્રી હાથમાં બંગડી વગેરે પહેરતી નહોતી. આજે સધવા સ્ત્રીઓ પણ બંગડી પહેરતી નથી તે લોકવિરુદ્ધ છે.

જે વિધવા હાથમાં બંગડી પહેરે તે પણ લોકવિરુદ્ધમાં આવશે. જેટલા પણ શિષ્ટપુરુષમાન્ય રીતરિવાજો છે તે રીતિ-રિવાજોનો લોપ તે લોકવિરુદ્ધમાં આવશે."

**સભા:** "અમે બંને પતિ-પત્ની છીએ અને ગુરુમહારાજ પધાર્યા હોય તો મારી પત્ની ગુરુ મ.સા.ની સામે નૃત્ય કરી શકે ને ? સીતાજીએ મ.સા.ની આગળ નૃત્ય કર્યું હતું ને ?"

**ગુરુજી:** "કરી શકે. પણ પહેલાં ભૂમિકા જોવી પડશે કે મ.સા. કઈ ભૂમિકાના છે, મારા જેવા સ્થવિર કલ્પી હોય તો ન થઈ શકે. સમતાની ભૂમિકાવાળા હોય અને કરે તો વાંધો નહીં.

કદાચ અમારો પ્રવેશ વગેરે છે અને બહેનો હર્ષમાં નાચવાનું ચાલુ કરે તો મારે કહેવું પડે કે મર્યાદા રાખવી પડશે.

ચોથા આરામાં મંદોદરીને પરપુરુષની સામે નાચવાની છૂટ ન હતી. એ કાળ તો અત્યંત મર્યાદાવાળો હતો. છતાં નિષેધ છે. તો પંચમ કાળમાં તો સુતરામ નિષેધ કરવો જ પડે."

**સભા:** "દીકરા-દીકરીનાં લગ્નમાં નાચતાં ન આવડતું હોય તો ૫૦-૫૦ હજાર રૂપિયા આપીને કોરિયોગ્રાફર રાખે છે!"

**ગુરુજી:** "તમારી તો વાત થાય તેમ નથી ! ઘણાંને લગ્ન વગેરેમાં નાચવું નથી. ઘણાને ઘરમાં ટીવી લાવવું નથી, ઘરમાં એ.સી. લાવવું નથી. છતાં કેમ લાવે છે ?"

**સભા:** "સ્ટેટસ થઈ ગયું છે માટે !"

**ગુરુજી:** "ના, લોકસંજ્ઞાના કારણે. બધાંનાં લગ્નમાં સંગીતસંધ્યા હોય એટલે આપણે રાખવી જ પડે. બધાંના ઘરે ટીવી હોય એટલે આપણે ટીવી

લાવવું જ પડે. બધાંના ઘરે એ.સી. હોય તો આપણે એ.સી. રાખવું જ પડે. આનું નામ છે લોકસંજ્ઞા. લોક એટલે અહીં ગાડરિયો પ્રવાહ એવો અર્થ લેવાનો છે. સબ સે બૂરા રોગ, ક્યા કહેંગે લોગ.''

**સભાઃ** ''લેફ્ટઆઉટ ફીલ થાય છે.''

**ગુરુજીઃ** ''હા, એને થાય કે હું માર્કેટમાંથી બહાર ફેંકાઇ જઈશ.લગ્નમાં રાત્રિભોજન ત્યાગ, સંગીતસંધ્યા નહીં, આઈસ્ક્રીમ,બ્રેડ, પાંઉ જેવી અભક્ષ્ય કોઈ વસ્તુ નહીં. આ બધું કરવા જઈશ તો બધું હચમચી જશે. સાહેબ! મને મારો છોકરો કહેશે કે પપ્પા, આ મારી દીક્ષા નથી, મારાં લગ્ન છે. આને કહેવાય લોકસંજ્ઞા. લોકસંજ્ઞા એ દોષ છે. લોગવિરુદ્ધચ્ચાઓ એ ગુણ છે. **લોકસંજ્ઞામાં ગાડરિયા પ્રવાહનો ડર છે, જે દોષરૂપ છે જ્યારે લોગવિરુદ્ધચ્ચાઓમાં શિષ્ટ પુરુષોનો ડર છે, એ ગુણરૂપ છે.**

ટી.વી. આવ્યું તો ટાઈમ બગડ્યા, મન બગડ્યા, જીવન બગડ્યા, શરીર બગડ્યાં છતાં તમે ટી.વી. ઘરમાં લાવ્યા. આ લોકસંજ્ઞા છે.

યુવાનોને કોથળા જેવા જીન્સ અનુકૂળ આવતા નથી. લેંઘોઝભ્ભો અનુકૂળ છે છતાં કોથળા જેવા જીન્સ પહેરે છે.''

**સભાઃ** ''અમારે સ્વજનનો શોક હોય તો લેંઘા-ઝભ્ભા પહેરવાં પડે છે.''

**ગુરુજીઃ** ''તમારા જેવામાંથી જ એક યુવાન મને મળ્યો. એને એના પિતાનો શોક હોવાથી ૨ મહિના લેંઘો-ઝભ્ભો પહેર્યા. મને કહે કે સાહેબ! અત્યંત કમ્ફર્ટ લાગે છે. શરીર પતલું થાય, જાડું થાય, પેન્ટમાં તો ટેન્શન પણ લેંઘામાં નાડું હોવાથી કોઈ ટેન્શન નહીં. છતાં પહેરતાં નથી, કારણ ? લોકસંજ્ઞા.

ટેટુ કરાવે, દુઃખે છતાં બધાં કરાવે તો આપણે પણ કરાવો. આ છે લોકસંજ્ઞા.

ફોરેન ગયા. સ્કાયડાઈવિંગમાં ડર લાગે છતાં નહીં કરીએ તો લોકો શું કહેશે? આ છે લોકસંજ્ઞા.

સોળ વરસની છોકરી સાડી પહેરે તો કોણ લેશે ? આ છે લોકસંજ્ઞા.''

**લોકસંજ્ઞા થકી લોક બહુ બાહુલો રાઉલો દાસ સવિ ઉવેખે,**
**એક તુજ આણશું જેહ રાતા રહે, તેહને એ નિજ મિત્ર દેખે....**

બધાં જ આવા નથી હોતા. એક બહેને મને વાત કરી કે હું સાડી પહેરું છું. મારી દીકરી સ્કૂલમાં ભણે છે. એની મીટિંગ  હોય તો સ્કૂલમાં પણ સાડી પહેરીને જાઉં છું.''

**સભાઃ** ''બી.એમ.સી.ની સ્કૂલ હશે.''

**ગુરુજીઃ** ''એની છોકરી જ્યાં ભણે છે ત્યાં જૂહી ચાવલાની દીકરી પણ એના જ ક્લાસમાં ભણે છે. એવી મોડર્ન સ્કૂલમાં પણ આ બહેન સાડી પહેરીને જ જાય. બધાં એમને ફોન કરીને પૂછે કે આ સાડી ક્યા ડિઝાઈનર પાસે તૈયાર કરાવી?

ઉપરના ઉદાહરણમાં મારો કહેવાનો અર્થ એટલો જ છે કે સંસ્કૃતિ, સદાચાર, ધર્મ માટે આપણને ગર્વ હોવો જોઈએ.''

**સભાઃ** ''સંસ્કૃતિ, સદાચાર વિરુદ્ધ વર્તન કરનારાઓને ઇન્ફિરિયર ફીલ કરાવતાં આવડવું જોઈએ.''

**ગુરુજીઃ** ''હા, આવડવું જોઈએ. ન આવડતું હોય તો શીખો પણ સંસ્કૃતિ-સદાચારોને છોડીને તમે વેસ્ટર્ન કલ્ચર અપનાવી લો તે ન ચાલે.''

**લૌકિક સૌંદર્ય-લોકોત્તર સૌંદર્ય**

પ્રાર્થનાસૂત્રમાં પહેલી ૬ પ્રાર્થનાને લૌકિક સૌંદર્ય કહ્યું છે. પછીની પ્રાર્થનાને લોકોત્તર સૌંદર્ય કહ્યું છે. શાસ્ત્રમાં ખૂબ સરસ વાતો આવે. તપના બાર પ્રકાર બતાવ્યા એને બે ભાગમાં વિભાજિત કર્યાઃ છ બાહ્ય અને છ

અભ્યંતર. ઉપવાસ એ બાહ્ય તપ છે. આલોચના સ્વાધ્યાય એ અભ્યંતર તપમાં સમાઈ જાય છે.

**સભા:** "જે બહારથી થાય તે બાહ્ય તપ અને જે અંદરથી થાય તે અભ્યંતર?"

**ગુરુજી:** "આવો અર્થ નથી લેવાનો. જિનશાસન સિવાય બીજે પણ મળે તેને બાહ્યમાં લીધું છે અને જે જિનશાસનમાં જ મળે તેને અભ્યંતરમાં લીધું છે.

ઉપવાસ માસક્ષમણ એ બાહ્ય તપ છે. બીજા ધર્મમાં પણ મૃત્યુંજય તપ વગેરે આવે છે."

**સભા:** "મૃત્યુંજય તપમાં ફરાળ, ફ્રુટ લેવાય?"

**ગુરુજી:** "ઉપવાસમાં ફરાળ, ફ્રુટ વગેરે જે ચાલુ થયું તે તેમના ધર્મની ખામી ન કહેવાય. એ ચાલુ કરનારની ખામી કહેવાય. જૈન ધર્મમાં રાત્રિભોજનની ના છે. છતાં તમે કરો તો તે તમારી ખામી કહેવાય, જૈન ધર્મની નહીં. અન્ય ધર્મમાં ઉપવાસમાં કશું ખાવાનું ન હોય તેથી તપ ત્યાં પણ છે અને આપણે ત્યાં પણ છે. માટે બાહ્ય તપમાં લીધા.

જ્યારે સ્વાધ્યાયાદિ તો આપણે ત્યાં જ છે."

**સભા:** "સ્વાધ્યાય એટલે ધાર્મિક પુસ્તકનું વાંચન-પઠન જ ને ? એ તો અન્ય ધર્મોમાં પણ છે. તો સ્વાધ્યાયને અન્ય ધર્મમાં નહીં એમ કેમ કીધું ?"

**ગુરુજી:** "તમે સ્વાધ્યાયનો અર્થ શું કર્યો ?સોફા પર બેસીને ચોપડી વાંચવી તે? એ અર્થ આપણે ત્યાં નથી. સ્વાધ્યાય કરવો હોય તો સૌથી પહેલાં તમારા જીવનમાં પાપત્યાગનો સંકલ્પ જોઈશે. આલોચનાનો સ્વાધ્યાય ત્યારે જ ગણાય કે જ્યારે તમે ઈરિયાવહિયમ્ કરીને સંકલ્પપૂર્વક બેસો."

**સભા:** "ઈરિયાવહિયમ્ કરતા તો ૧ મિનિટ લાગે એમાં શું નવાઇ?"

**ગુરુજી:** "હસ્તમેળાપની ક્રિયા બે મિનિટની જ હોય છે પણ જિંદગીભર

તમારી પદુડી નીકળી જાય છે ને ! ભલે ઈરિયાવહિયમ્ સૂત્રમાં ૧ મિનિટ લાગે પણ તેમાં ૧૮૨૪૧૨૦ રીતે માફી માગવાની હોય છે.''

**સભા:** ''૧૮૨૪૧૨૦ રીતે માફી?''

**ગુરુજી:** ''૫૬૩ પ્રકારના જીવોની હિંસા રાગથી અને દ્વેષથી એમ બે પ્રકારે થાય છે. (૨) તે જીવોની હિંસા અભિહયા, વતિયા વગેરે ૧૦ પ્રકારે થઈ શકે. મનથી, વચનથી, કાયાથી ત્રણ પ્રકારે. હિંસા કરવી અને કરાવવી અને અનુમોદવી એમ ત્રણ પ્રકારે થઈ શકે. ભૂતકાળમાં હિંસા થઈ હોય, વર્તમાનકાળમાં થતી હોય અને ભવિષ્યમાં થવાની હોય એમ ત્રણ પ્રકારે માફી માંગવામાં આવે છે. વળી તે માફી અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા એમ છની સાક્ષીએ માગવામાં આવે છે તેથી :

૫૬૩ x૨ x૧૦x૩ x૩x૩x૬ =૧૮૨૪૧૨૦ રીતે માફી મંગાય છે.

અન્ય દર્શનીયોને પાપ કેટલી રીતે લાગે છે એનો ખ્યાલ નથી. એમના ધ્યાનમાં જ નથી કે આવી રીતે પણ પાપ લાગી શકે. દા.ત. કમઠ સંન્યાસ લઈને બેઠો છે. ખુલ્લા રોડ પર ઉનાળામાં પંચાગ્નિ તપ કરે છે. ઉનાળામાં, ઉપાશ્રયમાં ગરમી લાગે છે તો રોડ ઉપર કેવી ગરમી હોતી હશે! એમાં ચોવિહાર ઉપવાસ કરીને ધ્યાન કરે. અત્યારે આપણા ક્યા મ.સા. આવું કરે છે?''

**સભા:** ''એનામાં અજ્ઞાનતા છે.''

**ગુરુજી:** ''ખાલી કોઈને કહી દો કે એ અજ્ઞાન છે તેટલા માત્રથી ન ચાલે. સાથે સાથે સમજાવવું પડે કે અજ્ઞાનતા શું છે ? જેમ સંસારમાં કોઈને દાનવીર બતાવવો હોય તો એની ત્રણ-ચાર પ્રવૃત્તિઓ દાનવાળી જણાવવી જોઈએ. પછી લોકો એને દાનવીર જાહેર કરશે.

**સભા:** ''કમઠમાં અજ્ઞાનતા શું?''

**ગુરુજી:** ''કમઠને ખબર નથી કે પોતે સાધુ છે? આટલી ભડભડતી અગ્નિ

પ્રગટાવે છે. શરીરનું ભલે કષ્ટ સહન કરે પણ અગ્નિ તો સર્વભક્ષી છે. એમાં કેટલાં બધાં જીવડાં, પતંગિયાં વગેરે બળીને ખાખ થઈ જાય ? હવે જેને સર્વભક્ષી અગ્નિમાં પાપ દેખાતું નથી એ વ્યક્તિ એ પાપ કેવી રીતે છોડશે ? પાપ છોડ્યા પહેલાં પાપ, પાપ તો લાગવું જોઈએ ને ? પાપ સમજાય તો જ પાપ છોડશો. સમજ્યા વિના પાપ કેવી રીતે છોડશો ?

ગાંધીજી તો ઓપન માઈન્ડેડ હતા કે મારા જીવનમાં જે ભૂલો થઈ છે તે ગમે તેની સામે કબૂલ કરવામાં મને જરાય ખોટું લાગતું નથી. આપણાં શાસ્ત્રો ગમે તેની સામે પાપો કન્ફેસ કરવાની ના પાડે છે. પાપ તો સંવિજ્ઞ-ગીતાર્થ ગુરુ આગળ જ પ્રકાશિત કરવાં જોઈએ."

**સભા:** "પાપ, ગમે તેની આગળ કબૂલ કેમ ન કરાય ? આ તો નિખાલસતા ન કહેવાય ? "

**ગુરુજી:** "તમે કદાચ જીવનમાં કુસંગના કારણે સિગારેટ પીધી હોય તો તમારો દીકરો નાનો છે તેને કહેવાય ? ના. કેમ ?"

**સભા:** "બાપ સિગારેટ પીતો હતો તો દીકરાને શું ના પાડશે ? માટે દીકરાની બગડવાની પૂરી શક્યતા છે. તેથી દીકરાને ન કહેવાય."

**ગુરુજી:** "બધી વસ્તુમાં વિવેક જોઈએ. દા.ત. કદાચ બિલ ગેટ્સ રોજનું ૧ કરોડનું દાન કરે છે અને મને આવીને કહી જાય કે ૧ વર્ષનું દાન જ્યાં જરૂર હોય ત્યાં મને લાભ આપજો. આ વાત તમને મેં કહી દીધી. પાલીતાણા તીર્થની રક્ષા માટે ૧૦ કરોડની જરૂર છે તો તરત તમે શું કહેશો ? બિલ ગેટ્સે કીધું છે તો ત્યાંથી મંગાવી લ્યો. તમે જે ૧-૨ કરોડ વાપરવાના હતા તે પણ બંધ થઈ જાય. કાંઇ પણ કહેતા પહેલાં વિવેક જોઈએ. એમ પ્રાયશ્ચિત ગમે તેની પાસેથી ન લેવાય."

**સભા:** "પાદરીઓ પ્રાયશ્ચિત આપે છે. પ્રાયશ્ચિતની વિધિ એમના શાસ્ત્રમાં બતાવી છે. તો આપે કહ્યું કે આલોચના અભ્યંતર તપ છે એ અન્ય ધર્મમાં

નથી. તો આ વિરોધાભાસ ન આવ્યો?"

**ગુરુજી:** "પાદરી પ્રાયશ્ચિત આપે છે. એમના ગ્રંથોમાં પ્રાયશ્ચિતની વાત પણ લખી હશે છતાં આલોચના એમના ધર્મમાં નથી. કારણ કે એમને પાપ કોને કહેવાય એની સમજ જ નથી."

**સભા:** "ખૂન કરીએ તો પાપ લાગે એ તો પાદરી પણ માને."

**ગુરુજી:** "મનુષ્યનું ખૂન કરો તો પાપ લાગે એ તો પાદરી પણ માને. પણ, તમારા સ્કૂટર નીચે ઉંદર કચડાઈને મરી ગયો

તો એનું પ્રાયશ્ચિત તમે પાદરી પાસે લેવા જશો તો પ્રાયશ્ચિત નહીં આપે કારણ કે એમના ધર્મમાં મનુષ્ય સિવાય,બાકીની જીવસૃષ્ટિને જીવ માન્યો જ નથી. જીવ જ નથી માન્યો તો તેની હિંસાનું પ્રાયશ્ચિત ક્યાંથી આપશે?"

**સભા:** "પાદરી અર્થાત્ અનાર્યદર્શન મનુષ્ય સિવાય બીજી જીવસૃષ્ટિમાં જીવ નથી માનતા માટે પ્રાયશ્ચિત નહીં આપે. જ્યારે આર્યદર્શનમાં તો મનુષ્ય સિવાય બીજી જીવસૃષ્ટિમાં જીવ માન્યો છે. એ તો પ્રાયશ્ચિત આપી શકે ને?"

**ગુરુજી:** "મનુષ્ય સિવાય બીજી જીવસૃષ્ટિમાં પણ જીવ છે એવું આર્યદર્શન માને છે પરંતુ પાપ-પુણ્યના ફંડા બરાબર ક્લિયર નથી."

**સભા:** "ઉદાહરણથી સમજાવો ને?"

**ગુરુજી:** "ચેડા રાજાની દીકરી એકવાર જંગલમાં ભૂલા પડ્યાં હતાં. ત્યાં એક સંન્યાસીનો આશ્રમ આવ્યો. સંતોએ ચેડા મહારાજાની દીકરી છે એવી ખબર પડતાં બોલ્યા કે ચેડા રાજા અમારા રાજા હતા. અને રાજકુમારીને રસ્તો બતાવવા આવ્યા. થોડે સુધી ચાલ્યા પછી દૂરથી જ નગરનો રસ્તો બતાવી દીધો પણ પોતે આગળ સુધી મૂકવા ન આવ્યા."

**સભા:** "કેમ?"

**ગુરુજી:** "ખેતરની આગળની જમીન ખેડેલી હતી. ખેડેલી જમીનમાં ચાલતાં અળસિયાં વગેરે જીવોની વિરાધના થઈ જાય માટે ત્યાંથી જ રસ્તો બતાવ્યો...

મૂળ વાત, અન્ય જીવસૃષ્ટિમાં અન્ય ધર્મવાળા જીવ માને છે, પણ પાપ-પુણ્યના ફંડા ક્લિયર નથી. ચેડારાજાની દીકરી ગૃહસ્થ છે. ગૃહસ્થને રસ્તો બતાવવાથી એ રસ્તે ચાલતાં એમનાથી જે હિંસા થઈ એ હિંસામાં સંતની પણ ભાગીદારી આવી."

**સભા:** "કેવી રીતે?"

**ગુરુજી:** "એમને રસ્તો બતાવવાથી એમની પણ ભાગીદારી આવી.

ચેડારાજાની દીકરી એ રસ્તે ચાલીને ઘરે ગયા. ચાલતાં હિંસા થઈ કે નહીં?

એમના ધર્મ મુજબ આને પાપ જ માનવામાં આવતું નથી તો એને આ પાપનું પ્રાયશ્ચિત શું આપશે?

હું કદાચ કોઈ ગૃહસ્થને મુંબઈ જવાનો રસ્તો બતાવું તો આપણા શાસ્ત્રો મુજબ મને પ્રાયશ્ચિત આવશે.અન્ય ધર્મગુરુઓને પાપ-પુણ્યના ફંડા ક્લિયર નથી.

અન્ય ધર્મમાં સામાજિક કર્તવ્ય, ધાર્મિક કર્તવ્ય વગેરે ભેદ ક્લિયર નથી. સમજો કે દેરાસર તોડવા માટે તમારા કાકાનો દીકરો આવ્યો છે ત્યારે તમારે એને અટકાવવો જોઈએ. એ અટકાવતાં તે મૃત્યુ પામી જાય તો પણ તમને પાપ ન લાગે. એની જગ્યાએ તમારી ગાડી લઈને ભાગતો હોય અને તમે ઝગડ્યા અને એમાં એ મૃત્યુ પામ્યો તો તમને પાપ લાગશે. કારણ કે તમે ગાડી માટે જે ઝગડ્યા તે ભૌતિક ઝગડો હતો અને દેરાસર માટે ઝગડો એ ધર્મયુદ્ધ હતું.

પાંડવો અને કૌરવો વચ્ચે જે ઝગડા હતા તે ભૌતિક બાબતે હતા માટે એને ધર્મયુદ્ધ ન કહેવાય.

જેને પાપ-પુણ્યના ફંડા ક્લિયર નથી તો પ્રોપર પ્રાયશ્ચિત કેવી રીતે આપશે ?

સંવિજ્ઞ-ગીતાર્થ ગુરુ જ સાંગોપાંગ આલોચના આપી શકે. આલોચના એ જૈન શાસનની મોનોપોલી છે. એવી રીતે (૧) ભવનિર્વેદ,(૨) માર્ગાનુસારિતા, (૩) ઇષ્ટફળસિદ્ધિ, (૪) લોકવિરુદ્ધ ત્યાગ (૫) ગુરુજનપૂજા અને (૬) પરાર્થકરણ. આ છ પ્રાર્થનામાં જે માગણીઓ કરી છે તે તમે અન્ય ધર્મમાં પણ પામી શકો છો.

સુહગુરુજોગો અને તવ્વયણ સેવણા આભવમખંડા એ લોકોત્તર સૌંદર્ય છે. જૈનધર્મ અત્યંત પ્રામાણિક છે કે જે દર્શનમાં જેટલો વિકાસ થઈ શકે તેટલો ઉલ્લેખ કરે છે. છ પ્રાર્થના પછી આગળનો વિકાસ કોઈ સાધકમાં દેખાય તો એમાં તે-તે ધર્મશાસ્ત્રો વગેરે કારણ નથી પણ અંતરનો સહજ ઉઘાડ થતાં કેવલજ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે.

૮૪ લાખ જીવાયોનિમાં ૧૪ લાખ મન્યુષ્ય છે. એમાં સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય કેવલ અઢીદ્વીપમાં છે. એમાં મોટા ભાગના મનુષ્યો અનાર્ય છે. એમનામાં કાંઈ ધર્મ જેવું નથી.

વર્તમાન દુનિયાના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો મનુષ્યની મોટી સંખ્યા ખ્રિસ્તીઓ અને મુસલમાનોની છે. પછી હિન્દુ વગેરે આવે. એમાં જૈનધર્મ પાળનારા બહુ ઓછા. એમાં પણ સાધુ તો ખૂબ જ ઓછા છે."

**સભાઃ** "માઇક્રો માઇનોરિટી છે."

**ગુરુજીઃ** "વાત સાચી છે. સાધુઓની સંખ્યા માઇક્રોમાઇનોરિટીમાં છે. સંવિજ્ઞ-ગીતાર્થ શુદ્ધ પ્રરૂપક પંચ મહાવ્રતધારી સાધુ ભગવંતનાં તમને દર્શન થાય તો તમને લાગે કે આ યુનિક છે."

**સભાઃ** "અમને અત્યંત અહોભાવ થાય."

**ગુરુજીઃ** "ખાખ અહોભાવ ? આવા ગુરુભગવંતની નિંદા થાય ? ગુરુભગવંત વ્યાખ્યાન ૫-૧૦ મિનિટ મોડું મૂકે તો તમારું મન ઊંચુ-નીચું થાય અને તમારો બકવાસ ચાલુ થઈ જાય. યુનિક વ્યક્તિને પામીને મન ઊંચું-નીચું કરાય ? તમારા માટે સુગુરુ લોકોત્તર નહીં લૌકિક જ છે."

**સભાઃ** "અમને કેમ સુગુરુ લોકોત્તર ન કહેવાય ?"

**ગુરુજીઃ** "કદાચ શાસનરક્ષાનું કોઈ કાર્ય તમને સુગુરુ ભળાવે તો, એમાં પણ બાર્ગેનિંગ કરાવો એવા છો. કદાચ કોરો તો એલ.આઈ.સી.ના મેડિક્લેમના જેમ હપ્તા ભરો એમ હપ્તે-હપ્તે કામ કરો એવા છો.

એમાં જો ફોર્સ કર્યો તો તો અમારું આવી જ બન્યું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી અને શ્રેણિક મહારાજા જેવું કામ નથી કરાવી શક્યા તેવું કામ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. અને કુમારપાળ મહારાજાની જોડી કરાવી શકી છે. ગુરુ પર બહુમાન કેવું ગજબનું ! એક વાર ગુરુ મ.સા.એ માદરપાટનાં કપડાં પહેર્યાં ત્યારે કુમારપાળ મહારાજાએ કહ્યું કે આપ મારા ગુરુ થઈને આવાં કપડાં પહેરો તો મારી આબરૂનું શું ? ત્યારે ગુરુ મ.સા. કહે છે કે તને તારી આબરૂની ચિંતા છે. તારા સાધર્મિકની કોઈ ચિંતા ખરી ? તરત લાખો રૂપિયાનો સદ્વ્યય સાધર્મિક માટે કર્યો. આને કહેવાય સુહગુરુનો યોગ. મને નથી લાગતું કે ગુરુ મ.સા.એ ઈશારો કર્યો હોય અને કુમારપાળ મહારાજાએ કામ ન કર્યું હોય. ગુરુ મ.સા. કાળ કરી ગયા ત્યારે રડે છે કે મારા ઘરના અનાજનો એક પણ દાણો ગુરુના પેટમાં નથી ગયો."

**સભાઃ** "સાહેબજી, અમે એ અપેક્ષાએ તો નસીબદાર ને ! કે અમારે ત્યાં તો ગુરુભગવંત ગોચરી આવી શકે છે?"

**ગુરુજીઃ** "ઓ નસીબદારો ! ૧૫-૨૦-૪૦મે માળે કેમ રહેવા ગયા છો ?"

**સભાઃ** "ઉપરથી દેખાય ને કે ગુરુ આવી રહ્યા છે. અમારે નયસારની જેમ ઝાડ પર ચઢીને જોવું ન પડે માટે ૪૦મે માળે રહેવા ગયા છીએ."

**ગુરુજીઃ** "તમારી ભક્તિના ઉત્કૃષ્ટ ભાવ જોતાં એક સૂચન કરવાનું મન થાય છે કે ઉપરથી ગુરુ દેખાતાં તમને વંદનની તાલાવેલી લાગશે. ૪૦મો માળ અને ગુરુ વચ્ચેનું અંતર ૧૪ રાજલોક જેટલું લાગશે. ૪૦મા માળેથી સીધો કૂદકો મારતાં નહીં. નહીંતર તમારા રામ રમી જશે.

તમારી ભક્તિની ખૂબ ખૂબ અનુમોદના. આ તો થઈ મજાક...!

રાજકોટના અજૈન પરિવારની વાત છે. એમણે એમના ઘરે સંન્યાસીને જમવા આમંત્રણ આપ્યું હતું. બધું થોડું થોડું પીરસેલું. થાળીમાં પૂરણપોળી એક જ મૂકેલી. સંન્યાસીએ અડધી પૂરણપોળી ખાધી એટલે ઘરના માલિક ગરમાગરમ બીજી પૂરણપોળી પીરસવા લાગ્યા. ત્યારે સંન્યાસીએ પોતાનો સંકલ્પ કહ્યો કે પોતે પૂર્ણપાત્ર જ જમે છે (અર્થાત્ પાત્રમાં એકવાર જેટલું લીધું હોય તેટલું જ વાપરે છે. બીજી વાર લેતા નથી.)

તે દિવસે ઘરના માલિક અને તેમનાં પત્ની સવારે જ નહીં, સાંજે પણ ન જમ્યા. એમણે પ્રાયશ્ચિત રૂપે ઉપવાસ કર્યો.

પોતાની બેકાળજીથી દિવસમાં એક જ વખત પૂર્ણપાત્ર ભોજન લેનાર વૃદ્ધ સંન્યાસીને ભોજન માટે નિમંત્રી તેમને ભૂખ્યા રાખ્યા એ ખેદના કારણે કોળિયો જ મોંમાં જઈ શકે એવું જ ન હતું.

તમારા આંગણે ગુરુભગવંતોના પગલાં જ થતાં નથી. ક્યારેક પાછા જાય તો તમને અફસોસ થાય છે?

...વિશેષ વાતો અવસરે...

## પડાવ : ૮

## જળ ભરી સંપુટ પત્રમાં,યુગલીક નર પૂંજત
## ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંતઃ

આપણે ભવનો અંત લાવવા માટે પ્રાર્થનાસૂત્રની વિચારણા કરી રહ્યા છીએ.

ભરતચક્રીએ દંડરત્નથી અષ્ટાપદના દાંતા પાડ્યા, તેથી અષ્ટાપદ પર્વત સીધા-ઊંચા સ્તંભની જેમ ચડી ન શકાય તેવો થયો. એમાં ભરતચક્રીએ પર્વતની ફરતા મેખલા જેવા તથા મનુષ્યોથી ઉલ્લંઘન ન થઈ શકે તેવા એક એક યોજનને અંતરે આઠ પગથિયાં બનાવ્યાં.

આઠ યોજનનાં પગથિયાં ચઢીને જાઓ તો તમને ભરત મહારાજાએ બનાવેલાં અદ્ભુત તીર્થનાં દર્શન થાય. તેવી જ રીતે

(૧) ભવનિવ્વેઓ, (૨) મગ્ગાણુસારિઆ,
(૩)ઇટ્ઠફલસિદ્ધિ, (૪) લોગવિરુદ્ધચ્ચાઓ
(૫) ગુરુજણપૂઆ, (૬) પરત્થકરણં,
(૭) સુહગુરુ જોગો (૮) તવ્વયણ સેવણા....

અષ્ટાપદ પર્વતના આઠ પગથિયાં ચઢો તો ભગવાનનાં દર્શન થશે એમ પ્રાર્થનાસૂત્રનાં આઠ પગથિયાં ચઢ્યાં તો આપણી અંદર પરમાત્મા પ્રગટ થશે. અર્થાત્ આપણામાં આંતરિક સૌંદર્ય પ્રગટે.

**સભાઃ** "અમારી અંદર પ્રાર્થનાસૂત્રના આઠ સ્ટેપ્સ પામવામાં શું રૂકાવટ આવે છે?"

**ગુરુજીઃ** "થિયેટરમાં સ્ક્રિન પર લખેલું આવે કે રૂકાવટ કે લિયે ખેદ હૈ, ત્યાં રૂકાવટનું કારણ ફિલ્મની પટ્ટી આદિ કપાઇ જવું છે. એમ આપણી અંદર પ્રાર્થનાસૂત્રના આઠ સ્ટેપ્સમાં રૂકાવટનાં કારણો નીચે મુજબ છેઃ

(૧) સંસારના સ્વરૂપનો વિચાર કરતાં જ નથી તેથી ભવનિર્વેદ આવતો

નથી, ભવના સ્વરૂપનું ચિંતન કરીએ તો વૈરાગ્ય આવે. ભવનું ચિંતન નથી એટલે વૈરાગ્ય નથી આવતો. સંસાર અસાર છે એમાં કોઈ શ્રદ્ધાની જરૂર નથી. પ્રત્યક્ષ દેખાય જ છે.

સંસારનું સ્વરૂપ કેવું વિચિત્ર છે. જિગરજાન મિત્રો દુશ્મન થાય, પતિ-પત્ની ઝગડે. પત્ની પતિથી અલગ પૈસા ભેગા કરે. પતિ-પત્ની એકબીજા પર કેસ કરે. મા-દીકરો ઝગડે. મા-બાપથી સંતાનો અલગ રહેવા જાય.''

**સભાઃ** ''એક પતિદેવ ઓફિસથી ઘરે વહેલા આવી ગયા. પત્નીએ પૂછ્યું કે કેમ આજે ઓફિસથી વહેલા ઘેર આવ્યા ? તો પતિદેવે જવાબ આપ્યો કે આજે એક કામમાં ભૂલ થઈ તો શેઠે કહ્યું કે નરકમાં જા. તેથી હું ઘરે આવ્યો કેમ કે મારા માટે ઘર એ નરક જ છે.''

**સભાઃ** ''તમે બીજાનું ઉદાહરણ લઈને કહેવા માગો છો, કે અમારું ઘર એ નરક છે, પણ શાસ્ત્રો તો શાલિભદ્રના ઘરને પણ નરક જ કહેશે.

**ગુરુજીઃ ''પણ તમે ભવાભિનંદીપણા (સંસારમાં સુખ છે) નાં ચશ્માંથી સંસારને જુઓ છો તેથી ઘર એક મંદિર માનો છો તેથી વૈરાગ્ય થતો નથી.** બાકી આ સંસારમાં ક્યાંય પણ નજર કરો, વૈરાગ્ય થયા વગર રહેશે નહીં.

(૨) આપણામાં પ્રજ્ઞાપનીયતાનો અભાવ હોવાથી 'માર્ગાનુસારીપણું' આવતું નથી. માટે સરળ બનવાની જરૂર છે.

(૩) 'ઇષ્ટફલસિદ્ધિ' નથી તેની પાછળ સંકલ્પનો અભાવ છે. માટે દૃઢસંકલ્પવાન બનવાનું.

(૪) ''લોગવિરુદ્ધચ્ચાઓ'' આપણામાં નથી એનું કારણ, મર્યાદાઓ આપણને ગમતી નથી. માટે મર્યાદાવાન બનવાની જરૂર છે.

(૫) ''ગુરુજણપૂઆ'' જીવનમાં નથી કેમ કે કૃતજ્ઞતા ગુણ જ નથી. માટે કૃતજ્ઞ બનવાની જરૂર છે.

(૬) "પરત્થકરણં" જીવનમાં નથી એનું કારણ સ્વાર્થ છે. માટે આપણે નિઃસ્વાર્થ બનવાની જરૂર છે.
(૭) સુહગુરુ-(૮) તેમની સેવા ન ગમવાનું કારણ આપણને અનુશાસન ગમતું નથી. માટે આપણે સમર્પિત બનવાની જરૂર છે.

આપણી મૂળ વાત, લોગવિરુદ્ધચ્ચાઓની ચાલી રહી છે.

નરસિંહ મહેતાને ભગવાનના ભજનમાં રસ છે. એમને સંસારની પંચાતમાં રસ નથી. નવાં નવાં ભજનો બનાવે છે. એક સજ્જન-ઈમાનદાર-ગુણિયલ વ્યક્તિ છે. જ્યારે તમને ભગવાનનાં સ્તવન બનાવતાં આવડે? અરે! બીજાએ બનાવેલ સ્તવનો પાકાં કરી શકો?

નરસિંહ મહેતા પોતે ભજનો બનાવે છે. એટલે એમનામાં બુદ્ધિ છે, એ તો સાબિત થાય છે. આપણા જેવા મૂર્ખ નથી. ધારે તો બુદ્ધિ હોવાથી ધંધો કરી પૈસા કમાઈ શકવાની એમનામાં આવડત છે. પણ સંસારની પ્રવૃત્તિઓમાં રસ નથી. ભગવાનનાં નવાં નવાં ભજન બનાવવામાં અને ગાવામાં રસ છે."

**સભાઃ** "આ તો ગુણ કહેવાય. આને થોડી ખામી કહેવાય?"

**ગુરુજીઃ** "નરસિંહ મહેતાએ લગ્ન કર્યાં છે. એમની દીકરી કુંવરબાઈને બ્રહ્મચર્ય પાળવાના અધ્યવસાય નથી તેથી લગ્ન કરાવવાની જવાબદારી મા-બાપના શિરે આવે. જાનની, કરિયાવર વગેરેની વ્યવસ્થા મારા ભગવાન કરશે. ભગવાનના ભરોસે બેઠા છે. જ્યારે ઘરમાં હાંડલાં-કુસ્તી ચાલે છે અને પોતે ભજનમાં મસ્ત છે.

સાધુ ૨૪ કલાક ધર્મ કરી શકે, ગૃહસ્થ ૨૪ કલાક ધર્મ નથી કરી શકતો. જેને ૨૪ કલાક ધર્મ જ કરવો હોય તેને ભગવાને કહ્યું છે કે તારે સંસાર છોડી સાધુ થવું પડે. કોઈ કહે કે મને સંસારની જવાબદારીઓ ફાવતી નથી. આ જવાબદારીઓથી કંટાળ્યો છું ને પાછો કહે કે સંસારમાં

રહેવું છે તો શાસ્ત્રમાં તો કહ્યું જ છે કે સંસારમાં રહેવું હોય તો જવાબદારી આવશે. એકલો ધર્મ જ ગમતો હોય તો  સાધુધર્મ સ્વીકાર. ભગવાનની આજ્ઞા છે કે જે ભૂમિકામાં તમે છો તે ભૂમિકાની જવાબદારીમાંથી છૂટવાની વાત નથી. ધર્મ તેના અનુયાયીઓને બેજવાબદાર બનાવવા નથી માગતો. પરંતુ, સદ્ગુણી, સંસ્કારી, કર્તવ્યનિષ્ઠ બનાવવા માગે છે.

તેથી જ ભગવાનની આજ્ઞા છે કે માત્ર ધર્મઆરાધના કરવી હોય તો સાધુધર્મ છે. સાધુધર્મ આરાધવા જેવો લાગે  પણ આરાધી ન શકે એના માટે ગૃહસ્થધર્મ છે.

તમે લગ્ન કર્યાં છે તેથી અર્થોપાર્જન કરવાની તમારી જવાબદારી આવશે.અર્થોપાર્જન કરવાના સમયે પણ તમે ભગવાનનાં ભજન ગાયાં કરો એ ઉચિત નથી.

ઘરમાં હાંડલાં કુસ્તી કરતાં હોય અને તમે કહો કે હું તો ભજન ગાયા કરીશ તો એ ગૃહસ્થ તરીકે ઉચિત ન કહેવાય.

નરસિંહ મહેતા કેટલા સીધા, સાદા અને સદાચારી છે. છતાં એમની આબરૂ કેવી ખરાબ થઈ?"

સભાઃ "શું ખરાબ થઈ?"

ગુરુજીઃ "નરસિંહ મહેતાને આવતા જુએ અને દુકાનદારો આઘાપાછા થઈ જાય. સજ્જન માણસ છે. એને ના કેવી રીતે  પાડવી? પાછું મફતમાં ને મફતમાં કેટલી વાર આપવું? આવા સજ્જન વ્યક્તિની આબરૂ બેકાર થઈ. સંસારમાં બેઠા છો તો સાંસારિક જવાબદારી વહન કરવી જ પડશે. અન્ય કોઈ સંતાનાદિ જવાબદારી વહન કરી શકે એમ નથી તો તમારા શિરે અર્થોપાર્જન આવશે."

**સભાઃ** "ચેડામહારાજા ગૃહસ્થ હતા છતાં તેમણે પોતાની દીકરીઓને હું લગ્ન નહીં કરાવું એવી બાધા લીધી, તે ઉચિત છે?"

**ગુરુજી:** "પિતા તરીકેની તમારી જે જવાબદારી આવતી હોય તે જવાબદારી વહન કરનાર કોઈ અન્ય વ્યક્તિ હોય તો તમે એ જવાબદારીમાંથી મુક્ત થઈ શકો છો. ચેડામહારાજાની જવાબદારી વહન કરનાર અન્ય મંત્રી આદિ હોય તો એમણે બાધા લીધી હોય તો અનુચિત નથી. ઊલટું ઉચિત છે. એની અનુમોદના કરવી જોઈએ.

નરસિંહ મહેતાને કુંવરબાઈનાં લગ્નની જવાબદારી લેનાર નથી. ઘરે જાન આવવાની છે. છતાં કોઈ તૈયારી નથી. આ ઉચિત ન કહેવાય."

**સભા:** "ભગવાન જ આપણી જવાબદારી વહન કરશે."

**ગુરુજી:** "ભગવાનની કૃપાથી જ બધું થાય છે પણ એનો મતલબ એવો નથી કરવાનો કે પુરુષાર્થ બંધ કરી દેવાનો. તમે તો કાલે સવારે ઊઠીને ભગવાનનો જાપ કરશો અને કહેશો કે ભગવાન આવીને રસોઈ બનાવી જશે. તો આવું કશું કરવાનું નથી."

**સભા:** "એમના જીવનમાં બીજી કોઈ લોકવિરુદ્ધ પ્રવૃત્તિ?"

**ગુરુજી:** "સાધુ એવા મને ભગવાનની ભક્તિ કરવાની છૂટ છે, છતાં ભક્તિમાં મર્યાદા આવશે. જેમ કે હું રસ્તામાં રાસડા લેવાનું ચાલુ કરી દઉં એ ચાલે ? દેરાસરમાં સ્તવનો બોલતાં નાચવાનું ચાલુ કરું એ ચાલે ? દેરાસરમાં ભગવાનની સામે આળોટું તો ચાલે ? ભગવાનનું નામ લેવું હોય તો જમતાં જમતાં લેવાય ? અશુચિસ્થાનોમાં ભગવાનનું નામ લેવાય?

એવી રીતે એક ગૃહસ્થ તરીકે પણ અમુક એરિયામાં ભગવાનનું નામ ન લેવાય છતાં ત્યાં પણ નામ લે, ભજન ગાય તે ઉચિત ન કહેવાય."

**સભા:** "આ પાર્શિયલ એપ્રોચ-ભેદભાવનો અભિગમ ન કહેવાય?"

**ગુરુજી:** "પૈસાના કારણે ભેદભાવ કરે તે ચાલે. ટ્રેનમાં ફર્સ્ટક્લાસ ખાલી જાય. સેકંડ ક્લાસ આખો ખીચોખીચ ભરેલો હોય છતાં ફર્સ્ટક્લાસમાં

બેસવા ન દે. ત્યાં કોઈ ભેદભાવ તમને લાગતો નથી. ૯૫-૯૬% આવ્યા હોય છતાં એડમિશન ન મળે અને ૫૦% વાળાને એ જ ફેકલ્ટીમાં એડમિશન આપે. આ ભેદભાવ નથી?

પૂર્વના ઋષિમુનિઓએ જાતિ વગેરેનો ગુણના આધારે ભેદ કર્યો તો એને પાર્શિયલ એપ્રોચ કહેવો એ ઉચિત નથી.

મૂળ વાત, અમુક કર્મો ઉદયમાં આવતાં વાર લાગે પણ લોકવિરુદ્ધ પ્રવૃત્તિમાં તત્કાળ તેનું માઠું પરિણામ જોવા મળતું હોય છે.

થોડા વખત પહેલાંની વાત છે. એક ઓફિસરે ૫૦ લાખ રૂપિયાની લાંચ લીધી. સીબીઆઈવાળાને ડાઉટ ગયો કે આ ઓફિસર ફૂટેલો લાગે છે. તેથી તપાસ જારી રાખી અને ઓફિસર રંગે હાથ પકડ્યો. તેથી તેને કસ્ટડી થઈ. પૂછપરછ ચાલતી હતી એ દરમિયાન એની દીકરી અને પત્નીને અત્યંત આઘાત લાગ્યો કે લોકોને મોઢું શું બતાવવું? તેથી બંનેએ આપઘાત કરી લીધો.

એક રૂમમાં માની લાશ લટકે છે. બીજી રૂમમાં બહેનની લાશ લટકે છે.જોઈને દીકરો સ્તબ્ધ થઈ ગયો.બાપને કસ્ટડીમાં સમાચાર મળ્યા. કૉર્ટમાં અરજી કરી કે મને જવા દો. મારો દીકરો ઘરે એકલો છે. એ ગાંડો થઈ જશે કે આપઘાત કરી લેશે. એને જામીન મળ્યા. બીજા દિવસે બાપ-દીકરાએ આપઘાત કરી લીધો. લોકવિરુદ્ધનું કેવું ફળ મળ્યું?

રાવણ ત્રણ ખંડનો ધણી છે. સીતાનું અપહરણ કર્યું તો યુદ્ધના મેદાનમાં મરવાનો વખત આવ્યો.યુધિષ્ઠિરે લોકવિરુદ્ધ કાર્ય-જુગાર રમ્યો તો જંગલમાં જવું પડ્યું.''

**સભાઃ** ''યુધિષ્ઠિર જેવા મહાપુરુષને પણ સહન કરવું પડે?''

**ગુરુજીઃ** ''લોકવિરુદ્ધ કરો તો ભલભલાને સહન કરવું પડે. ભગવાન મહાવીર જેને મહાત્મા કહે છે એ સત્યકી વિદ્યાધર જે ક્ષાયિક સમ્યક્ત્વ

પામ્યા છે એ પામવામાં આપણને કેટલા ભવો થશે એ તો ભગવાન જાણે. એવા સત્યકી વિદ્યાધરને લોકવિરુદ્ધના કારણે કમોતે મરવાનો વખત આવ્યો.

લોકવિરુદ્ધનો ત્યાગ કરવો હોય તો, 'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ'

ઉત્તમ પુરુષોના માર્ગ પર ચાલવાનું અને એમનું જ અનુકરણ, અનુમોદન કરવું એમાં જ જીવનની સફળતા છે."

## ગુરુજણપૂઆ

૧) ભવનિર્વેદથી સંસાર પરની દૃષ્ટિ ઊઠી જવાથી સંસાર અસાર લાગ્યો.

૨) માર્ગાનુસારિતાથી ચિત્ત સરળ બન્યું તેથી તત્ત્વ તરફ ઝોક આવ્યો.

૩) ઇષ્ટફલસિદ્ધિથી ચિત્ત સ્વસ્થ બન્યું.

૪) લોગવિરુદ્ધ પ્રવૃત્તિના ત્યાગથી ચિત્તમાં કોમળતા આવી.

સદ્ગુરુના યોગની ભૂમિકા મજબૂત કરતાં ગણધર ભગવંત આગળ પ્રાર્થના કરે છે, "મારા જીવનમાં ગુરુજનની પૂજા હો."

**સભાઃ** "ગુરુજનપૂજામાં કોનો સમાવેશ થાય?"

**ગુરુજીઃ** "ગુરુજન પૂજામાં માતા-પિતા, ઉપકારી યા ગુણિયલ વડીલ પૂજ્ય પુરુષોની પૂજા અર્થાત્ વિનય-સેવા-ભક્તિ. અહીંયા ગુરુજનમાં સાધુભગવંતને નથી લેવાના.

(૧) માતા-પિતાદિ આવે એટલે ઊભા થવું, હાથ જોડવા, એમને આસન દેવું, (૨) ત્રિકાળ પ્રણામ કરવા (૩) લેવા-મૂકવા જવું (૪) એમની હાજરીમાં ઊંચા સાદે બોલવું નહીં, (૫) કોઈની સાથે એ વાત કરતાં હોય ત્યારે વચ્ચે બોલવું નહીં, (૬) એમનાથી નીચા આસને બેસવું.

(૭) કોઈ આદેશ કરે ત્યારે આદેશને હા જી, તથાસ્તુ વગેરેથી સ્વીકારવો. (૮) એમને પૂછીને બધું કરવું. (૯) એમના જમ્યા પહેલાં જમવું નહીં. (૧૦) બીજાની આગળ એમના જ ગુણ ગાવા. (૧૧) એમને જ આગળ લાવી, જશ અપાવવો. આ વિનયના પ્રકારો છે.''

**સભાઃ** ''સેવા અને ભક્તિમાં શું ફરક છે?''

**ગુરુજીઃ** ''સેવામાં (૧) એમને આપણા પોતાના કરતાં સારી વસ્તુ આપવી. દા.ત. સારાં ખાનપાન, મુલાયમ વસ્ત્ર, ગાદલાં વગેરે (૨) રોજ એમની પગચંપી કરવી, (૩) એમની બીમારીમાં ખાસ સમય કાઢી એમની સેવામાં રહેવું. (૪) એમનું કામકાજ કરવું વગેરે.

ભક્તિમાં (૧) અંતરમાં એમના પ્રત્યે અથાગ બહુમાન રાખવું. (૨) બહુમાન પ્રમાણે એમની અદબ જાળવવી અને (૩) વિશેષ ભક્તિ કાર્ય કરવું. તથા (૪) બીજાઓ આગળ એમનું ગૌરવ વધારવું.(૫) કદી એમની નિંદા કરવી નહીં કે સાંભળવી પણ નહીં. પણ (૬) એમના દોષ ઢાંકવા અને ગુણ ગાવા. એમનો સ્વભાવ ઉગ્ર હોય તો પણ સહન કરી લેવો. પણ એમને ધિક્કારવા નહીં.''

**સભાઃ** ''સાહેબજી ! આપને નથી લાગતું કે આ બધી વાતો પુસ્તકમાં સારી લાગે. વાસ્તવિક જીવનમાં શું આ શક્ય છે? મા-બાપની આવી સેવા-ભક્તિ કરીએ તો લોકો માવડીયો ન કહે ?''

**ગુરુજીઃ** ''ઈતિહાસથી પરિચિત નથી એટલે નહીં પણ નજીકના ભૂતકાળથી પણ પરિચિત નથી માટે આવું બોલો છો. બાકી વાંચો..

મુકુંદરાયજીએ પોતાના માતુશ્રીની વાતો લખી છે. પરણીને આવીને કામ ઉપાડી લીધું. હું અનાજ સાફ કરું ને જો દાણો હેઠે પડે તો સસરાને કે બાઇજીને ન ગમે. ઈ દાણો નીચેથી ઉપાડાય નહીં. વીણીને ચોકમાં પંખી માટે નંખાય. પણ ઝાડુ કાઢીને એ દાણો ન લેવાય. રોજ બે-બે

કિલો જાર સવાર-સાંજ પારેવાંને નંખાતી. પણ દાણા વીણતાં આ કાળજી રાખવાની વાત સાસુજીએ એકવાર કહી પછી ભૂલ ન થઈ.

મુકુંદરાયના માતુશ્રી કહે છે કે હું નવી પરણીને આવી. દીવાસળીની ડબ્બી નવી-સવી આવેલી. સવારે એક સળી વપરાય. બપોરે દેવતા(અગ્નિ)ભરવાનો. સાંજે દેવતાને ચેતાવીને(ફૂંક મારીને) રાંધવાનું, કોડિયાં પેટાવવાનાં. મારા પિતાજીને ત્યાં દીવાસળી બહુ જોઈ હતી એટલે અગ્નિ ભરવાની ટેવ નહીં. એક દિવસ સવારમાં જ બે દીવાસળી અને સાંજે દેવતા સરખો ભરેલો નહીં એટલે ત્રીજી દીવાસળી વાપરવી પડી.

આ વાતની સસરાને ખબર પડી એટલે 'આજે દિવસ સારો છે, મુરત સારું છે' કહી અમને અલગ કર્યા.

વડીલોનું અનુશાસન કેવું ? કરકસર ખવરાવ્યે-પીવરાવ્યે નહીં, પણ એવી કે દાણો સાફ કરતી વખતે એક પણ દાણો ઢોળાવો ન જોઈએ.પારેવાંને બે-ચાર ગડિયાં (માપ) જાર નંખાય. પણ લેતાં કે નાંખતાં દાણો ઢોળાવો ન જોઈએ. વાડામાંથી ઘેર સોંસરવી નીરણ લાવી ઢોરને નાંખવા સવારે-રાત્રે નીકળવાનું પણ તણખલું હેઠે ન પડવું જોઈએ. છાણ લેતાં, છાણાં થાપતાં, સૂકવતાં છાણ ચોંટી ન રહેવું જોઈએ. ધોયેલાં કપડાં એવી રીતે સંકેલવા કે પહેરતી-ઓઢતી વખતે વાર જ ન લાગે. આ બધી વાતોમાં ભૂલ થાય તો દાદાને ન ગમે. કરકસર એવી કે ચાર દિવસે એક દીવાસળી (માચીસની સળી) વાપરું."

**સભાઃ** "અમારે તો જમતાં જમતાં કેટલાય દાણા નીચે પડે."

**ગુરુજીઃ** "દક્ષિણ ભારતના પ્રસિદ્ધ કવિ તિરુવલ્લુવરે લગ્ન પછી પત્નીને કહ્યું કે હું જમવા બેસું ત્યારે પાટલા પર સોયો (ચીપિયો) અને પાણીનો એક વાટકો અચૂક મૂકવા. પત્નીએ પતિની આજ્ઞા સ્વીકારી. સવારે અને સાંજે પતિ જમવા બેસે ત્યારે બધી સામગ્રી સાથે સોયો-વાટકો પણ અચૂક મૂકે.

પચાસ વર્ષ લગ્નજીવનનાં પૂર્ણ થયાં, છતાં એક પણ વાર સોયાનો ઉપયોગ થયો નથી. અને છતાં પત્નીને પૂછવાનું મન થયું નથી કે રોજ બે વખત સોયા-વાટકાને મૂકવાની, લૂછવાની આ બધી કડાકૂટ શા માટે ?

એક દિવસ પતિએ જ પૂછ્યું કે સોયો-વાટકાને મૂકવાની આ કડાકૂટ શા માટે એવો પ્રશ્ન તને થતો નથી ? પત્ની કહે છે કે કડાકૂટ શાની ? તમે કહો તે કરવામાં તો આનંદ જ આવે ને !

આ છે વડીલોની ભક્તિ..."

**સભાઃ** "પતિ સોયો શા માટે મૂકાવતો હતો ?"

**ગુરુજીઃ** "એક દિવસ પતિએ ખુલાસો કર્યો. ભાતનો એક પણ દાણો નીચે પડી જાય તો, સોયા વડે એને લઇ પાણીમાં ડૂબાડી, શુદ્ધ કરીને એ દાણો ખાઇ લેવો એ આશયથી સોયો-વાટકો મૂકવાનું કહેલું. પતિને ૫૦ વર્ષમાં એક પણ વાર સોયાનો ઉપયોગ કરવો ન પડ્યો પણ ૫૦ વર્ષ સુધી આ રીતે સોયો મૂક્યા કરવો અને એ સંબંધી મનમાં પ્રશ્ન પણ ન થવો એ કાંઈ નાની-સૂની ઘટના ન હતી.

મૂળ વાત, મુકુંદરાયના માતુશ્રીની વાત,સહુનાં કપડાં નદીએ ધોઈ આવે. ગાયને નીરણ-પૂળો કરે, દોહે અને એના છાણાંય એ થાપે. મુકુંદરાયના દાદા કહેતા કે કોઈ મા એનાં જણ્યાંની સંભાળ લે એના કરતાં વહુ ગાયની વધારે સંભાળ લે છે. સૌનાં કપડાં એવાં બગલાંની પાંખ જેવાં ઊજળાં હોય અને કરચલી વગરના હોય જેથી એવો વહેમ પણ ન જાય કે આ વહુ ઠામ માંજીને કે છાણા થાપીને ઊઠી છે. ઘરનું બધું દળણું વહુ જ દળે અને છતાં કામમાં ક્યાંય દોડાદોડ ન લાગે. મોઢા પર ક્યાંય થાક ન વર્તાય. એક દિવસ દાદા જમવા બેઠા. પાપડ જોઈને દાદાએ પૂછ્યુંઃ આ પાપડ ક્યાંથી ? મારી ફઇએ કીધું કે ભાભીએ વણ્યા છે. આ સાંભળતાં દાદાની આંખમાં આંસુ આવી ગયા. જમીને એક ચૂંક અને રૂપાની કંકાવટી દાદાએ

માતુશ્રીને આપ્યાં.

માસીબા ઘરે આવેલાં ત્યારે માતુશ્રી માટે કહ્યું કે વહુમા તો એકલપંડે સો માણસને હેતથી ખવરાવે એવાં છે.

એક વાર જમવામાં સેવ હતી. દાદાને ખબર પડી કે સેવ વહુએ વણી છે. તો દાદીને કહ્યું કે તમે વહુને કામમાં હાથ દેતા હોવ તો ?દાદીએ કહ્યું કે વહુ મને હાથ અડાડવા નથી દેતાં. જૂનાપાનાં કપડાંનાં ગોદડાં સીવે છે. મને કહે છે કે તમે કરતાં હોવ ઈ કરો. તમે ગાશો, બોલશો એ સાંભળીશ. હું નવરી બેસી નથી શકતી એટલે કરું છું.

મારા પિતાજીનાં લગ્ન પછી બે વર્ષે દાદીની આંખો ચાલી ગઈ. દાદી કહેતાં કે **વહુ એટલે ભૂલ ન થાય.** એ ઘરનાં માણસોની તો શું પણ પારકાંની યે સંભાળ લે છે. રાજકોટમાં રોજ ૬૦ માણસ આપણે ત્યાં જમતું. સવાર અને સાંજ ઘરમાં હું આંધળી, તમે સૌ છોકરાં નાનાં, રસોઈયો કે માણસ ન હતું. એ એકલે હાથે રાંધતી. એ જોઈને કોઈને પણ થાય કે આ એકલપંડે કામમાં કેમ પહોંચતી હશે ?"

**સભા:** "ભલે આટલી બધી વડીલોની ભક્તિ કરે પણ સાસુ=આંસુ જ."

**ગુરુજી:** "આ તમારી ભૂલ છે..

દાદી આગળ કદાચ કોઈ મારા માતુશ્રીની ભૂલ કાઢે તો દાદી સાંભળવા પણ તૈયાર ન થાય. દાદી ફરિયાદ કરનારને કહી દેકે "તમે તો શું પણ મારી સગી દીકરી કે દીકરો આવીને મને કહે તોય હું આ વાત માનવા તૈયાર નથી. મારી વહુની ભૂલ થાય જ નહીં. ને કોક વાર થાય તો એ એવી સીધી પડે કે તેમાં સહુનું ભલું જ હોય."

આગળ વાત કરતાં દાદી કહે કે, એટલી વાત સાચી કે તમે કોઈ એના ઉપર વાંક ઢોળો, આળ ચઢાવો તોય એ બચાવ ન કરે ને હું પૂછીશ તો એ એવો જવાબ દેશે કે જેમાં કોઈનું યે ઘસાતું ઈ નહીં બોલે. બહુ થાય તો

એટલું કહે કે એને એમ લાગ્યું હશે, એમ રાખો. મને શું પૂછો છો ? એટલે મારી પાસે મારી વહુનો વાંક કાઢવા કોઈએ આવવું નહીં. નહીંતર મને તમારા પર વિશ્વાસ નહીં રહે. મારી પુત્રવધૂ તો માંજીને પાણિયારે ઊગતા સૂરજ સામે મેલ્યું હોય એવી તાંબાનાં બેડાં જેવી ચોખ્ખી ને ઊજળી છે.

વિચારવા જેવું છે કે સગા દીકરા-દીકરી પર જેટલો વિશ્વાસ નથી એટલો વિશ્વાસ પુત્રવધૂ પર છે. છતાં તમે કહેતા હો કે સાસુ = આંસુ તો તમારી માન્યતા તમને મુબારક."

**સભાઃ** " પૂર્વકાળની ઘણી વાતોમાં શ્રવણ જેવા દીકરાની વાતો આવે છે. તો આજે શ્રવણ કેમ પાકતા નથી?"

**ગુરુજીઃ** "શ્રવણ પાકતા નથી. એમાં ત્રણ વાતો છે.

(૧) લૉર્ડ મેકૉલેનું ભણતર મા-બાપના ઉપકારોને ભૂલાવે છે.

(૨) મા-બાપને સંતાનો માટે સમય નથી.

(૩) સંતાનોનું ઘડતર કરતાં આવડતું નથી માટે શ્રવણ નથી પાકતાં."

**સભાઃ** "ઘડતર કેવી રીતે કરાય?"

**ગુરુજીઃ** "આપણે મુકુંદરાયનાં માતુશ્રીની વાત કરી, એમની જ ઘટનાથી તમને સમજાવું.

એકવાર મુકુંદરાયજી પડોશના છોકરા સાથે રમતાં રમતાં ઝગડ્યા. એમાં છોકરાને પછાડી, છાતી ઉપર ચઢી બેસી એના મોંમા ધૂળ ભરેલી. એટલે એની મા ઈ છોકરાને તેડીને ફરિયાદે આવેલી. મેં ઘરે આવીને માતુશ્રીને કીધું કે ઈ ગાળ શેનો કાઢે ? ગાળ કાઢે એટલે મોંમાં ધૂળ તો ભરું જ ને ?

માતુશ્રીએ કીધું કે એના મોઢામાં ધૂળ ભરવાથી હવે ફરી વાર એ ગાળ નહીં કાઢે એમ તને લાગે છે ? કે વધારે તારી હારે બાઝશે ?

એ છોકરાની મા તો આ પહેલાં આપણે ત્યાં આવી નથી. ઈ છોકરાના માવતર આ ઘર માટે કેવા મત બાંધશે ? આપણે શું છીએ, કેવા છીએ ઇ કાંઈ જાણતા નથી.પોતાના છોકરા કરતાં તું ખરાબ છે એમ જ માને. એક વાર તારી અને આ ઘરની છાપ ખરાબ પડી તે ઈ પાછા એનાં સગાં ઓળખીતાંમાં સૌને કહે તો એ છાપ ભૂંસાતાં કેટલી વાર લાગે ?તારા કપડાં પર શાહી ઢોળાય તો એનો ડાઘ કાઢતાં કેટલી કડાકૂટ થાય ?કેટલો વખત બગડે ?

તું ડાહ્યો દીકરો થઈને સૌ હારે સમજીને રે 'તો હોવ તો ? એણે ગાળ કાઢી ત્યારે એની હારે બાઝવાને બદલે તેં એને કીધું હોત કે ભાઈ! તું હોંશિયાર. તને ન ફાવતું હોય તો રમત બંધ. એમ કહ્યું હોત તો ઝગડો ન થાત."

**સભાઃ** "આ રીતે સંતાનોને સમજાવવાં જઈએ તો તો ફેસબુક, વ્હોટ્સએપ હવા ખાય."

**ગુરુજીઃ "ફેસબુક છો ને હવા ખાતી. નહીંતર તમારે ઘરડાંઘરની હવા ખાવાનો જ વખત આવશે."**

**સભાઃ** "ગુરુજણપૂઆમાં મા-બાપની ભક્તિ કરવાનું કહ્યું તો મા-બાપની કઈ કઈ ઇચ્છાઓ પૂરી કરવાની ?"

**ગુરુજીઃ** "ગુરુજણપૂઆમાં તમારા ઉપકારી, મા-બાપ વગેરે લીધાં છે. તમારા ઉપકારી મા-બાપ ધાર્મિક જ હોય એવો કોઈ નિયમ નથી. એ સંસારી જીવો છે. જેમણે તમારી ઉપર ઉપકાર કર્યા છે. એમનો સ્વભાવ સારો, ગુણિયલ, ધાર્મિક હોય એવો એકાંત નથી.

અહીં મા-બાપ વગેરેની ભૌતિક તથા ધાર્મિક ઇચ્છાઓ પણ પૂરી કરવાની આવશે. એ ગુરુજણપૂઆમાં જશે. ધ્યાન એટલું રાખવાનું કે, ભૌતિક ઇચ્છાઓ સંસ્કૃતિ, સદાચાર, ધર્મને અવિરોધી જોઈએ."

**સભાઃ** "પિતાજી શૉર્ટ લાવવાનું કહે તે લાવી આપવી?"
**ગુરુજીઃ** "ના, શૉર્ટ સંસ્કૃતિવિરુદ્ધ છે માટે ન લાવી અપાય."
**સભાઃ** "પિક્ચરની ટિકિટ.?"
**ગુરુજીઃ** "ના, પરસ્ત્રીને પિક્ચરમાં જોવી એ સદાચારમાં આવશે? આવી આપણી સંસ્કૃતિ છે? માટે પિક્ચરની ટિકિટ ન લાવી અપાય."
**સભાઃ** "પિતાજી રિમેરેજની વાત કરે તો?"
**ગુરુજીઃ** "પિતાજી રિમેરેજની વાત કરે એમાં પાત્ર વિધવા, અન્યની સ્ત્રી ન હોય, કુંવારી કન્યા હોય અને તમારે વ્રત ન હોય તો પિતાજીનાં લગ્ન કરાવી આપવાં એ ગુરુજણપૂઆમાં આવશે."
**સભાઃ** "આનું શાસ્ત્રમાં ઉદાહરણ છે?"
**ગુરુજીઃ** "હા ! એક તાપસીએ ચેડામહારાજાની દીકરી સુજેષ્ઠાનું ચિત્ર આલેખીને શ્રેણિક મહારાજાને બતાવ્યું. શ્રેણિક મહારાજાએ તાપસીને પૂછ્યું કે, આ સ્ત્રીનું ચિત્ર તમે તમારી બુદ્ધિથી આલેખ્યું છે કે કોઈ સ્ત્રીના રૂપદર્શનથી દોર્યું છે? તાપસીએ કહ્યું કે જેવું રૂપ મેં જોયું છે તેવું યથાશક્તિ દોર્યું છે.

રાજાએ પૂછ્યું કે હે ભદ્રે! મુક્તાવલિ(મોતીની માળા)ની જેમ આ બાળા કોના વંશમાં ઉત્પન્ન થઈ છે? ચંદ્રલેખાની જેમ તે હાલ કઈ નગરીને અલંકૃત કરે છે? ક્ષીરસાગરને લક્ષ્મીની જેમ ક્યા ધન્ય પુરુષની એ પુત્રી છે ?ક્યા પવિત્ર અક્ષરો એના નામમાં આવ્યા છે ?સરસ્વતીએ કઈ કળાથી તેના પર અનુગ્રહ કર્યો છે? કોઈ પુરુષ રત્ને તેના કરને ગ્રહણ કર્યો છે?

તાપસીએ જવાબ આપ્યો કે હે રાજન્! વૈશાલી નગરીના અધિપતિ અને હૈહય વંશમાં ઉત્પન્ન થયેલા ચેટક રાજાની તે કુમારી સર્વકળાનો ભંડાર છે અને સુજેષ્ઠા તેનું નામ છે."
**સભાઃ** "શ્રેણિક રાજાએ નામ ખૂબ સરસ રીતે પૂછ્યું કે ક્યા પવિત્ર અક્ષરો

તે બાળા નામમાં આવ્યા છે ? બીજું તે બાળા કેટલું ભણેલી છે ? એ પૂછવાની રીત પણ સરસ હતી કે સરસ્વતીએ કઈ-કઈ કળા દ્વારા તેના પર કૃપા કરી છે ?''

**ગુરુજીઃ** '' રૂચિ અનુયાયી વીર્ય હોય છે.જે ફિલ્ડમાં તમારી રૂચિ હોય એ પ્રમાણે ક્ષયોપશમ થાય.

મૂળ વાત, બીજા દિવસે શ્રેણિક રાજાએ સુજેષ્ઠાની યાચના કરવા માટે એક દૂતને શીખવીને ચેટક રાજા પાસે મોકલ્યો. સંદેશો આપવામાં હોંશિયાર દૂત તરત વૈશાલી પહોંચીને ચેટક રાજાને નમીને બોલ્યો, કે હે રાજન! મારા સ્વામી મગધપતિ શ્રેણિક તમારી કન્યા સુજેષ્ઠાની માંગણી કરે છે. મહાન પુરુષોને માટે કન્યાની માંગણી કરવી તે કદી પણ લજ્જાકારક નથી. ચેટક રાજા બોલ્યા, ''અરે દૂત ! તારો સ્વામી પોતાથી અજાણ્યો લાગે છે. જે વાહીકુળમાં ઉત્પન્ન થઈ હૈહય વંશની કન્યાને ઇચ્છે છે. સમાનકુળના વરકન્યાનો વિવાહ થવો યોગ્ય છે. માટે હું શ્રેણિકને કન્યા નહીં આપું. તું ચાલ્યો જા.''

દૂતે આવીને તે વૃત્તાંત શ્રેણિક રાજાને કહ્યો. તેથી શત્રુઓથી પરાભવ પામ્યો હોય તેમ તે ઘણો ખેદ પામ્યો. તે વખતે અભયકુમાર પિતાના ચરણકમળમાં ભ્રમરરૂપે થઈને ઊભો હતો. તે બોલ્યો કે પિતાજી ! શોક ન કરો. હું આપની ઇચ્છા પૂર્ણ કરીશ.''

**સભાઃ** ''અહીં વિધવા કે અન્ય સ્ત્રી હોત અથવા અભયકુમારને વ્રત હોત તો આ વાક્ય ન બોલત. બરાબર ?''

**ગુરુજીઃ** ''હા.''

**સભાઃ** ''પછી શું થયું ?''

**ગુરુજીઃ** ''૭૨ કળામાં માસ્ટર અભયકુમારે શ્રેણિક મહારાજાનું ચિત્ર દોર્યું. ગુટિકાથી વર્ણ (કલર) તથા સ્વર (અવાજ) બદલાવી, વણિકનો વેશ લઈને

તેમણે વૈશાલી નગરીમાં ચેટક રાજાના અંતઃપુરની પાસે એક દુકાન ભાડે લીધી. અંતઃપુરની દાસીઓ જે વસ્તુ લેવા આવે તે કિફાયત ભાવે આપવા લાગ્યા. સાથે સાથે દાસીઓ જુએ તે રીતે શ્રેણિકરાજાના ચિત્રપટની નિત્ય પૂજા કરવા લાગ્યા. તે જોઈને દાસીએ પૂછ્યું કે આ ચિત્ર કોનું છે? '' તેણે કહ્યું કે "આ રૂપ શ્રેણિક રાજા જે મારા દેવતુલ્ય છે તેનું છે.'' શ્રેણિકનું દૈવી રૂપ જેવું દાસીઓએ જોયું હતું તેવું વર્ણન કરીને સુજેષ્ઠાને કહ્યું. સુજેષ્ઠાએ પોતાની સખી જેવી એક સર્વથી જ્યેષ્ઠ દાસી હતી તેને આજ્ઞા કરી કે તે શ્રેણિકનું ચિત્ર મને સત્વર લાવીને બતાવ. તે જોવાનું મારા મનમાં ઘણું કૌતુક છે. તે દાસીએ અભયકુમાર પાસેથી ઘણા આગ્રહથી તે ચિત્ર લઈને સુજેષ્ઠાને બતાવ્યું. અત્યંત સુંદર ચિત્ર જોઈ સુજેષ્ઠા યોગિનીની જેમ નેત્રકમલને સ્થિર રાખી, તેમાં લીન થઈ ગઈ. તેણં કહ્યું, કે "સખી ! આ સુંદર ચિત્ર જેનું છે તેને હું પતિ કરવા ઇચ્છું છું. મારો મેળાપ કોણ કરાવશે ? જો આ મનોહર યુવાન મારા પતિ નહીં થાય, તો મારું હૃદય પાકેલાં ચીભડાંની જેમ બે ભાગ થઈ જશે.''

દાસીએ અભયકુમારને વસ્તુસ્થિતિ જણાવી. અભયકુમારે કહ્યું કે "હું થોડા જ સમયમાં તમારી સખીનો મનોરથ પૂર્ણ કરીશ. હું એક સુરંગ ખોદાવીને તે દ્વારા રાજા શ્રેણિકને અહીં લાવીશ. તે વખતે જે રથ આવે તેમાં તારી સખીએ તત્કાળ બેસી જવું.''

**સભાઃ** "સુજેષ્ઠાનાં લગ્ન શ્રેણિક સાથે થયાં ?''

**ગુરુજીઃ** "ના.''

**સભાઃ** "કેમ ?''

**ગુરુજીઃ** "સુજેષ્ઠા ભાગવાની હતી તે વાત પોતાની નાની બહેન ચેલણાને કરી. ચેલણાએ કહ્યું કે હું તારા વગર એકલી નહીં રહું. તેથી સુજેષ્ઠા ચેલણાને સાથે લઈને ભાગી પણ બન્યું એવું કે દાગીનાની પેટી લેવાની

ભૂલાઇ ગઇ. પેટી લેવા સુજેષ્ઠા પાછી ગઈ. ત્યારે જ શ્રેણિક રાજા આવ્યા ને તરત ચેલણાને લઈને ભાગી ગયા અને સુજેષ્ઠા રહી ગઈ."

**સભાઃ** "સુજેષ્ઠા અને ચેલણા માતા-પિતાને કીધા વગર ભાગવા તૈયાર છે. તો માતૃ-પિતૃભક્તિની ખામી કહેવાય?"

**ગુરુજીઃ** "જરૂર, આટલી માતૃ-પિતૃભક્તિની ખામી કહેવાય."

**સભાઃ** "અયોગ્ય કુળના વ્યક્તિ સાથે લગ્ન નથી કર્યાં તો ખોટું શું?"

**ગુરુજીઃ** "સંતાનનાં લગ્ન ક્યાં કરવાં એ અધિકાર માતા-પિતાનો છે. એટલા માટે આટલી ખામી કહેવાશે. પણ એટલું ધ્યાનમાં રાખવું કે ચેલણાએ જેની સાથે લગ્ન કર્યાં તે જાતિ-કુળ મુજબ જ કર્યાં છે. પણ આજના ઇન્ટરકાસ્ટ મેરેજમાં જાતિ-કુળની વ્યવસ્થા તોડી નાખી છે. એમાં માતૃ-પિતૃ ભક્તિની ખામી ખરી, સાથે જાતિ-કુળની વ્યવસ્થા તોડવાનું પાપ વધારે લાગશે.

મૂળ વાત, ગુરુજણપૂઆમાં અભયકુમારે શ્રેણિક મહારાજાનાં લગ્ન કરાવ્યાં. આ અભયકુમારની વાત ગુરુજણપૂઆમાં આવશે.પિતાનાં લગ્ન માટે અભયકુમારે કેટલા ભોગો છોડ્યા ? અન્ય દેશમાં જઈને રૂપ પરિવર્તિત કરીને ઘર-પરિવારથી દૂર રહ્યા, કેવળ પિતૃભક્તિ ખાતર..

ભીષ્મ પિતામહ-ગુરુજણ પૂજા માટે પોતે આજીવન બ્રહ્મચર્ય લીધું આ પણ ગુરુજણપૂઆમાં જશે."

**સભાઃ** "જે પુત્ર મા-બાપની ભક્તિ કરશે તે ગુરુજણપૂઆમાં જશે."

**ગુરુજીઃ** "જે પણ વ્યક્તિ મા-બાપના વિનયવિવેક કરશે તે માતૃ-પિતૃભક્ત કહેવાશે. પરંતુ ગણધર ભગવંત જે ગુરુજણપૂજા કહે છે એમાં ત્યારે જ સમાવેશ થશે કે જ્યારે ભવનિર્વેદ, માર્ગાનુસારિતા વગેરે આગળની પ્રાર્થના એમના જીવનમાં હશે તો ગુરુજણપૂઆમાં સમાવેશ થશે.

આગળ મેં જે પણ ઉદાહરણો આપ્યાં તેમના જીવનમાં ભવનિર્વેદાદિ પ્રાર્થના છે? તો જ ગુરુજણપૂઆમાં સમાવેશ થશે. બાકી નહીં."

**સભા:** "મા-બાપ અમારા ઉપકારી ૧૦૦ % વાત સાચી પણ સાહેબજી ! સ્વભાવ અત્યંત ખરાબ. એક વાર તમે સહીને બતાવો."

**ગુરુજી:** "આર્ય ! તું તો સ્વભાવની વાત કરે છે, પણ તું નાનો હતો ત્યારે તારો સ્વભાવ કેવો હતો? રસ્તા ઉપરના કાદવમાં બેસી જતો હતો ને? આ મા-બાપને કેટલો ત્રાસ આપ્યો? મને કહો, મા-બાપનો સાવ આવો ખરાબ સ્વભાવ છે? તું ગમે ત્યાં ૧-નંબર, ૨-નંબર કરી જતો. મા-બાપ આવું કરે છે?"

આર્ય ! ટુ બી ફ્રેંક, હું તમને ઉપકારીની ભક્તિ કરવાની વાત કરું ત્યાં જ તમારી રાડારાડ ચાલુ થઈ જાય. હું કહું કે કાકા તમારા ઉપકારી કહેવાય. તો શાસ્ત્રમાંથી ઉદાહરણ લઈ આવશે કે શ્રીપાલ મહારાજાને એમના કાકા અજિતસેનરાજાએ મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો, પાંચ વરસની ઉંમરે ઘર છોડીને ભાગવું પડ્યું, તો આવા કાકા ઉપકારી કહેવાય? આર્ય ! તમે ક્યાંયથી પણ છિદ્ર કાઢીને ઊભા રહો છો. આવા એકાદ ઉદાહરણ લાવીને દુનિયાભરના બધા કાકાઓને અપકારી ચિતરવાની કોશિશ કરો છો.

આર્ય ! તું એ કેમ નથી જોતો કે પાંચ વર્ષ સુધી રમાડ્યા હશે, લાલન-પાલન કર્યું હશે. કાગડા વગેરેથી બચાવ્યા હશે. આવાં તો અનેક ઉપકાર કાકાએ કર્યા હશે. આ તમને કેમ દેખાતું નથી?

આર્ય ! તમારા મા-બાપનો સ્વભાવ ખરાબ હોય તો પણ તમારે ભક્તિ કરવાની જ છે. તમારે સદ્ગુરુની જરૂર હોય તો પંચમહાવ્રતધારી વગેરે છે કે નહીં એ જોવાનું આવશે. પણ મા-બાપ માટે જોવાનું નથી કે મા-બાપ ધાર્મિક છે કે નહીં? માર્ગાનુસારી છે કે નહીં? મા-બાપ જેવાં પણ હોય

પણ તમારે એમની ભક્તિ કરવાની છે. કેમ કે તમારા માબાપ વગેરે તમારા ઉપકારી છે.

**સભા:** "આવું થોડું હોય?"

**ગુરુજી:** "કાલસૌરિક કસાઇનો દીકરો સુલસ ધાર્મિક છે. ખુદ અભયકુમાર જેને ગળે લગાડે છે એ સુલસ પિતાની ભક્તિ કરે છે. પિતાને ધાતુવિપર્યાસ થયો છે. તેથી ઠંડું પાણી આપે તો પિતાને ધગધગતું સીસું લાગે છે. જે પણ ભક્તિ કરે તે ઊલટી પડે છે. તેથી અભયકુમારને વાત કરે છે કે હું શું કરું કે જેથી પિતાજીને શાતા મળે?

તમે પહેલા નંબરે મા-બાપ વગેરે ઉપકારીની ભક્તિ કરો નહીં. કદાચ ભક્તિ ઊલટી પડે તો?"

**સભા:** "આખા ગામમાં કહેતાં ફરીએ."

**ગુરુજી:** "શું કહો?"

**સભા:** "બાપ રે બાપ, કેટલું કરવાનું? કર્યા પછી પણ એમને કાંઈ કદર ન હોય તો કરવાનો મતલબ શું? કેટલું સહન કર્યું!"

**ગુરુજી:** "તમે ગજબ સહન કર્યું. ખરેખર "તમારી સહનશક્તિ સમીપે તો પૃથ્વી પણ ઝાંખી પડે."

**સભા:** "કટાક્ષ નહીં મારો."

**ગુરુજી:** "તો શું કહું? સાચું કહું તો તમને લોકો પાસેથી સિમ્પથી (સહાનુભૂતિ) જોઈએ છે. એમાં કોઈ તમને કહી દે કે ખરેખર તેં ખૂબ સહન કર્યું. અમે આવું સહન ન કરી શકીએ તો તમારામાં પાવર આવી જાય."

**સભા:** "હિમોગ્લોબીન ૧૮ થઈ જાય."

**ગુરુજી:** "રસ્તામાં જે મળે એની આગળ ઉપકારીની નિંદા ચાલુ કરી દો. મા-બાપને ઉંમરના કારણે મગજ પર કાબૂ જ નથી. પહેલાં તો થોડું પણ ખબર પડતી હતી. હવે તો જરાય ખબર પડતી નથી.

ભલા ભાઈ ! મા-બાપને ખબર પડતી નથી તે ખબર તને પડી ગઈ ને ? તો પછી તું આખા ગામને કેમ ખબર પાડે છે ? લોકોને ખબર પાડીને તારે શું કામ છે ? ''

**સભાઃ** ''જીવ હલકો થાય. સુલસે અભયકુમારને વાત કરી જ હતી ને ?''

**ગુરુજીઃ** ''સુલસ તમારી જેમ ઉકળાટથી ભરેલો ન હતો પણ પિતાની ભક્તિના પુણ્યથી ભરેલો હતો. પિતાને શાતા કેમ મળે એનો રસ્તો શોધવા માટે અભયકુમારને વાત કરે છે. સુલસે પિતાની જે ભક્તિ કરી તે ગુરુજણપૂઆમાં આવે.''

**સભાઃ** ''મા-બાપ અન્યાય કરે તો પણ ભક્તિ કરવાની ?''

**ગુરુજીઃ** ''પ્રસેનજિત રાજાએ પોતાના દીકરા શ્રેણિકમાં રાજા બની શકે એવી યોગ્યતા જોઈ પણ આ વાત બીજા દીકરાઓ ન જાણે તો સારું એમ વિચારીને પ્રસેનજિત રાજાએ શ્રેણિકનો અનાદર કર્યો અને બીજા કુમારોને જુદા જુદા દેશો આપ્યા ત્યારે શ્રેણિકને કાંઇ આપ્યું નહીં. કેમ કે તેઓ જાણતા હતા કે આખરે તો આ રાજ્ય શ્રેણિકનું જ છે. પરંતુ આ વાત શ્રેણિક મહારાજા જાણતા નથી. રાજા એમનો અનાદર કરે છે તેથી ઘર છોડીને ગયા. જ્યારે પિતાએ અંત સમય નજીક જાણીને બોલાવ્યા ત્યારે પૂર્વના કોઈ અપમાન યાદ ન કરતાં તરત પિતાની સેવામાં આવી ગયા.

**સભાઃ** ''શ્રેણિક રાજાનો પિતાએ અનાદર કર્યો છતાં અંત સમયે બોલાવ્યા તો તરત આવી ગયા. જ્યારે એ જ શ્રેણિકનો દીકરો કોણિકમાં ગુરુજનપૂજા નથી. ઊલટું પિતાને જેલમાં નાખી સવાર-સાંજ સો-સો ચાબુક મારતો હતો. કોણિકના જીવનમાં ગુરુજનપૂજા નથી ને ?''

**ગુરુજીઃ** ''ના, કોણિક પણ ઉત્તમ ધર્માત્મા છે. પણ પૂર્વના વેરને કારણે આ પ્રવૃત્તિ થાય છે. જ્યારે કર્મ હટ્યું ત્યારે તરત જ પિતાને જેલમાંથી મુક્ત કરવા માગે છે. એમાં શ્રેણિક મહારાજાને લાગ્યું કે રોજ તો હાથમાં ચાબુક

લઈને આવતો હતો અને આજે તો લોહદંડ લઈને આવે છે. મને લોહદંડથી મારી નાખશે. તેના કરતાં જાતે જ મરણને શરણ થાઉં એવું વિચારીને શ્રેણિકે તત્કાળ તાલપુટ વિષ જિહ્વાના અગ્રભાગે મૂક્યું અને મૃત્યુ પામ્યા.

આ જાણીને કોણિકે તત્કાળ છાતી કૂટીને પોકાર કર્યો અને વિલાપ કરવા લાગ્યો કે હે પિતાજી ! હું પિતૃહત્યાના પાપકર્મથી પૃથ્વી પર અદ્વિતીય પાપી થયો. પિતાજીને પામવાનો મારો મનોરથ પણ પૂર્ણ ન થયો. પિતાજી! તમારા પ્રસાદનું વચન તો દૂર રહ્યું પણ મેં તમારું તિરસ્કારભર્યું વચન પણ સાંભળ્યું નહીં. હવે ભૃગુપાત, શસ્ત્ર, અગ્નિ કે જળથી મારે મરવું તે જ યુક્ત છે. અતિશોકગ્રસ્ત થયેલો કોણિક મરવા તૈયાર થયો. મંત્રીઓએ સમજાવ્યો.

દિવસે દિવસે પિતાના વિરહના શોકથી ક્ષીણ થતો જોઈને મંત્રીઓએ વિચાર્યું કે આમ જ ચાલ્યું તો અવશ્ય કોણિક મૃત્યુ પામશે. તેથી મંત્રીઓએ પિતૃભક્તિના બહાને અત્યંત જૂના તામ્રપત્રમાં લખ્યું કે, “પુત્રે આપેલા પિંડાદિક મૃત પિતા પણ મેળવી શકે છે.” આ તામ્રપત્ર તેમણે કોણિકને વાંચી સંભળાવ્યું. તેથી ઠગાયેલા કોણિકે પિતાને પિંડાદિ આપ્યા.”

**સભા:** “ત્યારથી આ પિંડાદિ દાન ચાલુ થયું ?”

**ગુરુજી:** “હા, ત્યારથી જ ચાલુ થયું છે.

મારા આપેલા પિંડાદિકને મારા મૃત પિતા ભોગવે છે આવી મૂઢ બુદ્ધિથી ધીરે ધીરે કોણિકે શોક છોડી દીધો. છતાં પણ કોઈ કોઈ વાર પિતાની શય્યા અને આસન વગેરે જોવામાં આવતાં શોક ઉત્પન્ન થવા લાગતો. તેથી તે રાજગૃહીમાં રહેવા અશક્ત થયો તેથી રાજધાની બદલી. ભારતની રાજધાની દિલ્હીને બદલીને બીજી કરવી હોય તો કેટલું અઘરું કામ છે ? આજે ટેકનોલોજી છે છતાં અઘરું છે. તો તે કાળમાં આવી

ટેકનોલોજી ન હતી છતાં આખી રાજધાની બદલી. જ્યારે પણ શ્રેણિક મહારાજાને સો સો હંટર મારતો ત્યારે જેલમાં કોઈને નહોતો જવા દેતો. છતાં ફક્ત માતૃપણાના દાક્ષિણ્યથી ચેલણાને જતાં નહોતો અટકાવી શકતો. ત્યારે પણ માતાના વિનય વગેરે બધું કર્યું છે. શ્રેણિક મહારાજા સાથે વેર પૂર્વભવના નિયાણાના કારણે થયું.

તમારા ઉપકારી મૃત્યુ પામે તો તમે ૬ મહિના મોજ-શોખ બંધ કરી શકો?"

**સભાઃ** "અમને પણ કોણિકની જેમ અમારા ઉપકારીની યાદ આવે તેથી અમે ઘરમાં એમનો ફોટો લગાડતાં નથી."

**ગુરુજીઃ** "જીવતાં તો ઉપકારીના ઉપકારને માન્યા નહીં. મર્યા પછી ફોટો તો લગાડો જેથી કદાચ ફોટો જોતાં તમને તમારા ઉપકારીના ઉપકાર યાદ આવી જાય.

**પબમાં જવું હોય તો પબનો ડ્રેસ કોડ હોય છે એ પહેરીને જ પબમાં જવાય. ત્યાં ધોતી, સાડી ન ચાલે. એમ ધર્મરૂપી પબનો પણ ડ્રેસકોડ છે. કૃતજ્ઞતાનો ડ્રેસકોડ પહેરશો તો જ ધર્મ દીપશે. માટે ધર્મરૂપી પબમાં માય લાઈફ ઈઝ માય લાઈફ રૂપી ડ્રેસકોડ નહીં ચાલે.**

વર્તમાનમાં ક્યાંક ક્યાંક સાસુ વહુના વ્યવહાર જોઈએ ત્યારે અમને લાગે કે, જાણે અમે ભારત-પાકિસ્તાનના રાજદૂત હોઈએ. અમે વહોરવા આવ્યા હોઈએ અને સમજો કે સાસુ કોઈ વસ્તુ વહોરાવવાનું ભૂલી ગયા તો વહુ તે વસ્તુ બાજુમાં મૂકે પણ બોલશે નહીં કે આ વસ્તુ વહોરાવવાની રહી ગઈ છે. અમે રાજદૂત ખરા ને ! એટલે પાકિસ્તાનની સરહદ પર વસ્તુ મૂકી દે. પછી આ પાકિસ્તાની લઈને વહોરાવે પણ ઈન્ડિયાવાળા બોલે નહીં કે સાસુમા, આ વસ્તુની વિનંતી કરી?"

**સભાઃ** "સાસુને બોલવા જાય તો જમાલપુર ત્યાં જ ઊભું થઈ જાય."

**ગુરુજીઃ** "જો આવી હાલત હોય કે વાતે વાતે જમાલપુર ઊભું થતું હોય તો તમે જતિ(સાધુ) કેમ નથી બનતા?"

**સભાઃ** "સાધુ થવાની નેટ પ્રેક્ટિસ ચાલુ છે."

**ગુરુજીઃ** "નેટ પ્રેક્ટિસમાં શું કરો છો?"

**સભાઃ** "દીક્ષા લઈને ચોલપટ્ટો પહેરવાનો છે.તેથી અમે નેટ પ્રેક્ટિસના ભાગરૂપે થ્રી-ફોર્થ પહેરવાનું ચાલુ કર્યું.

દીક્ષા પછી જીર્ણ કપડાં પહેરવાનાં હોય તેથી અમે ફાડેલા જિન્સ પહેરવાનું ચાલુ કર્યું.

દીક્ષા પછી મચ્છર વગેરેના પરિષહો સહન કરવાના હોય તેથી અમે સ્લીવલેસ ટીશર્ટ પહેરવાનું ચાલુ કર્યું છે."

**ગુરુજીઃ** "દીક્ષા પછી ચારૂણમુનિ થવાના લાગો છો, એટલે પ્લેનમાં ઊડો છો? લાખો ધન્યવાદ તમારી નેટ પ્રેક્ટિસને.

...વિશેષ વાતો અવસરે...

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંતલબ્ધિનિધાન-ગૌતમસ્વામિને નમઃ॥

## પડાવ : ૯

## જળ ભરી સંપુટ પત્રમાં,યુગલીક નર પૂંજત
## ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંતઃ

ભવનો અંત લાવવા માટે પ્રાર્થના સૂત્રની વિચારણા કરી રહ્યા છીએ. એમા ગુરુજણપૂજાની વિચારણા કરતા હતા.

વર્તમાનકાળમાં બહુ મોટી જમાત પેદા થઈ છે કે જે માને છે કે વી આર બાયપ્રોડક્ટ. મા-બાપ અમારા ઉપકારી નથી. અમે તો આડપેદાશ છીએ. જેઓ મા-બાપના ઉપકાર માનવા તૈયાર નથી એમના જીવનમાં ગુરુજણપૂજા ક્યાંથી હોય?

ઘણા નાસ્તિક લોકો એવા છે કે જે ઉપકારીઓને લક્કડ-ધક્કડ લેતાં નથી. ફૂટબોલની જેમ કીક મારતાં નથી. પણ, ઉપકારીઓની ભક્તિ કરે છે. છતાં એમની વડીલોની ભક્તિની ગણધર ભગવંત પ્રાર્થનાસૂત્રમાં જે ગુરુજણપૂજા બતાવે છે, એમાં ગણતરી નહીં થાય.

ગણધર ભગવંત જે ગુરુજણપૂઆની વાત કરે છે. એમાં સમાવિષ્ટ થવું હશે તો ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિઆ વગેરે જોઈશે. એના વિનાની નાસ્તિકની ઉપકારીની ભક્તિ ગુરુજણપૂઆ નથી.

**સભાઃ** "ભવનિવ્વેઓ વગરની ઉપકારીની ભક્તિથી શું બંધાય?"

**ગુરુજીઃ** "નાસ્તિકના જીવનમાં ભવનિવ્વેઓ વગેરે નથી. પણ ઉપકારીઓની ભક્તિ નિઃસ્વાર્થ ભાવે કરે છે તો પુણ્ય બંધાશે."

**સભાઃ** "ઉપકારીને ઊલટી થાય તો પોતાના હાથમાં લઈ લે. કપડાં બગડી ગયાં હોય તો સાફ કરી નાખે. ઉપકારી બીમાર થાય તો પોતાના દાગીના વેચીને હોસ્પિટલનું બિલ ભરે. આવી ઉપકારીની ભક્તિ હોય અને

સ્વાર્થથી કરે તો પુણ્ય ન બંધાય ?"

**ગુરુજી:** "સ્વાર્થ હોય તો પુણ્ય ન બંધાય.

મૂળ વાત, નાસ્તિકો બધાં કાંઈ ગુંડા બદમાશ નથી હોતા. એમના જીવનમાં પણ ઉપકારીઓની ભક્તિ હોય છે છતાં એ ભક્તિને ગુરુજણપૂઆમાં સમાવિષ્ટ નહીં કરી શકાય."

**સભા:** "જૈન ધર્મ સિવાયના સંતો પણ સંસાર અસારની વાત કરે ?"

**ગુરુજી:** "ચૈતન્ય સંપ્રદાયના બડેબાબા સંત થયા હતા. બેડબાબા એકવાર માર્ગ ઉપરથી જતા હતા ત્યાં એક કૂતરી ઊંચું મોઢું કરીને રોયા કરતી'તી. બાબાજીએ ત્યાં રહેલ એક વૃદ્ધ બાઈને પૂછ્યું કે કૂતરીના રોવાનું કારણ શું ? એ વૃદ્ધાએ કહ્યું, "બાબા ! આ કૂતરીને ચાર બચ્ચાં હતાં. બચ્ચા ખોવાઇ જવાથી કૂતરીએ કાંઇ ખાધું-પીધું નથી ને આમ ઊંચા અવાજે સતત રોયા કરે છે." આ સાંભળી બાબા એ કૂતરી પાસે જઇને બેસી ગયા ને કહ્યું, "કોણ કોનું સંતાન ? કોણ કોના માતા-પિતા ? સંસારનાં બંધન પાયા વગરના છે. મા ! તમને પૂર્વના પુણ્યના કારણે આ તીર્થમાં જન્મ મળ્યો છે. આ અવસરને નિષ્ફળ ન જવા દેવો ઘટે. માયાના ખેલ આજ સુધી જોયા. હવે નિત્ય નિરંતર પ્રભુસ્મરણ કરો અને સાધુસંગમાં જીવન વીતાવો. અમારા આશ્રમે પધારો. ત્યાં પ્રસાદ લેજો ને રે'જો." સંતો પણ સંસાર અસારની વાત કરતા હતા."

**સભા:** "પછી કૂતરીનું શું થયું ?"

**ગુરુજી:** "સંત જેવા ચાલવા લાગ્યા ત્યારે સંતને એકીટશે જોઇને સાંભળી રહેલી કૂતરી પણ સંતની પાછળ ચાલવા લાગી. સંત આશ્રમમાં આવ્યા ને મેડી પર ગયા. તો એ કૂતરી પણ સંતની પાછળ મેડી ઉપર ચડી ગઈ. ત્યારથી એ કૂતરી ત્યાં જ રહી. સંત જ્યાં-જ્યાં કીર્તન કરવા જાય ત્યાં ત્યાં સાથે જતી."

**સભાઃ** "વડીલોની ભક્તિ કરનાર વ્યક્તિ આસ્તિક છે. સંસારને અસાર માને છે છતાં વડીલોની ભક્તિ સ્વાર્થ અથવા લાગણીના કારણે કરે તો પુણ્ય બંધાય?"

**ગુરુજીઃ** "વ્યક્તિ આસ્તિક છે ,સંસારને અસાર માને છે, તેથી તેનામાં ભવનિર્વેઓ પણ છે. પણ વડીલોની ભક્તિ સ્વાર્થથી કરે છે અથવા લાગણીથી કરે છે. તેથી પુણ્ય બંધાય નહીં.

વડીલોની ભક્તિ સ્વાર્થથી કરે તો એનો અર્થ તામસી વૃત્તિ છે અને લાગણીથી કરે તો રાજસી વૃત્તિ છે. તામસી અને રાજસી વૃત્તિથી પુણ્ય ન બંધાય.

**પરત્થકરણં**

ગુરુજનપૂજાથી કૃતજ્ઞતા આવે છે જ્યારે પરાર્થકરણમાં સ્વાર્થત્યાગ થાય છે. સંસાર રસિક જીવોમાં માત્ર સ્વાર્થ સ્વાર્થ અને સ્વાર્થ જ છે.

**સભાઃ** "સાહેબજી આપની દૃષ્ટિમાં દોષ લાગે છે. બાકી પિતા-પુત્રીનો કેવો ગજબનો પ્રેમ હોય છે?"

**ગુરુજીઃ** "આર્ય ! તું પિતા-પુત્રીના પ્રેમની વાત કરે છે ? પુત્રી ૧૮-૨૦ વર્ષની થાય. જે ઘરમાં મોટી થઈ એ ઘરનાં બધાં સભ્યોને છોડીને પરાયા ઘરે ચાલી જાય એ પુત્રીને પિતા ઉપર પ્રેમ છે ? ૧૮-૨૦ વર્ષ સુખ પિતાના ઘરે લાગતું હતું. માટે ત્યાં રહી. હવે સુખ પતિના ઘરે લાગે છે માટે બધાંને છોડી દે છે."

**સભાઃ** "સાહેબજી ! જવું પડે છે."

**ગુરુજીઃ** "આર્ય ! તું કહે છે કે દીકરીને સાસરે જવું પડે છે. અર્થાત મજબૂરી છે. તો લગ્નને માટે ૬ - ૬ મહિના સુધી શોપિંગ કરી શકે ? મજબૂરીમાં માણસને શોપિંગ સૂઝે ?

ક્રિકેટર આઉટ થાય ત્યારે મજબૂરીથી પીચ છોડવી પડે ત્યારે ફોટો પડાવે છે? કે મોઢું નીચું રાખી પેવેલિયનમાં જાય છે? મજબૂરીથી ગૃહત્યાગ કરનારને ફોટો પડાવવાનું મન કેમ થાય? મજબૂરીમાં પડાવેલા ફોટાઓમાં ગુલાબી ગોટા જેવા મોઢાં આવે?

મૂળ વાત, સંસારી જીવ નાનો હતો ત્યારે મા-મા કરતો મોટો થયો, હવે મિત્રો-મિત્રો કરતો થયો. પછી પત્નીની જરૂર પડી, ત્યારે પત્ની-પત્ની કરતો થયો. સ્વાર્થ સિવાય સંસારમાં છે શું?"

**સભા:** "લોગવિરુદ્ધચ્ચાઓ અને ગુરુજણપૂઆની પ્રાર્થના પહેલાં પરત્થકરણંની પ્રાર્થના કરવી જોઈએ ને!"

**ગુરુજી:** "લોક વિરુદ્ધ પ્રવૃત્તિ તમારા જીવનમાં છે અને પરોપકાર કરવા નીકળો તો તે શોભાસ્પદ ન બને. ગમે તેટલાં ચેરીટીનાં કાર્યો કરો છતાં જીવનમાં લોગવિરુદ્ધ પ્રવૃત્તિઓના કારણે પરોપકારના કાર્યની વેલ્યૂ જેટલી થવી જોઈએ એટલી નહીં થાય.

તમારા જીવનમાં તમારા ઉપકારી વડીલોને વિનય-વિવેક નથી અને તમે પરોપકારના ફરિસ્તા થઈને નીકળો તો તેની વેલ્યૂ થવાની વાતો તો દૂર પણ ટીકાપાત્ર બનો. આજે એવી કેટલીય વ્યક્તિઓ છે જે પોતાના મા-બાપની ભક્તિ કરતાં નથી અને પરોપકાર કરે છે તે ટીકાપાત્ર બને છે.

માટે, ગણધર ભગવંતોએ લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પછી પરત્થકરણં મૂક્યું...."

**સભા:** "પહેલી ૬ પ્રાર્થના આત્મસાત્ કરેલ જીવ સમ્યગ્દષ્ટિ જ હોય એવો એકાંત નથી. પ્રથમ ગુણસ્થાનકે રહેલાં જીવમાં પ્રથમ ૬ પ્રાર્થનાઓ આવી શકે છે. જેનામાં પ્રથમ ૬ પ્રાર્થના આવી ગઈ છે એવો મિથ્યાત્વી જીવ, મિથ્યાત્વ અવસ્થામાં ટોપ લેવલનું પુણ્ય બાંધે છે.

ગણધર ભગવંત કમાલની ખૂબી સાથે આપણામાંથી દોષ ત્યાગ અને ગુણપ્રાપ્તિના રસ્તા બતાવે છે. પહેલી ૬ પ્રાર્થના સુધી ભલે મિથ્યાત્વ છે. પણ એવા પુણ્યનું ઉપાર્જન કરાવે કે જેથી **સદ્‌ગુરુનો** યોગ થાય.

## પરોપકાર

आकालमेते परार्थव्यसनिनः !

તીર્થંકર પરમાત્માના જીવદળમાં અનાદિ દશ ગુણ હોય છે. એમાં એક પરોપકાર છે. **કેટલાક જીવો આલ્કોહોલિક(દારૂડિયા) હોય છે. કોઈક જીવો વર્કોહોલિક હોય છે જ્યારે તીર્થંકર પરમાત્માઓ દુર્ગતિમાં હોય તો પણ પરોપકારોહોલિક હોય છે.** ધન્નાસાર્થવાહ સમ્યગ્‌દર્શન પામ્યા પહેલાં પણ કેવા પરોપકારી હતા !

आसंस्तस्य महेच्छस्याऽनन्य साधारणः श्रियः ।
परोपकारैकफला, रूचो हिमरूचेरिव ॥

ધન્ના સાર્થવાહ પાસે કોઈની ધારણામાં ન આવી શકે તેટલી તથા ચંદ્રની કાન્તિની માફક પરોપકાર કરાવવાના ફળવાળી ઘણી લક્ષ્મી હતી. એક વખત ધન્ના સાર્થવાહને વસંતપુર જવાની ઇચ્છા થઇ ત્યારે તેણે સર્વ નગરમાં પોતાના માણસ પાસે પડહ વગડાવી એવી ઘોષણા કરાવી કે, " ધનસાર્થવાહ વસંતપુર જવાના છે. માટે જેઓ તેમની સાથે આવવા ઇચ્છતા હોય તે ચાલો. જેની પાસે પાત્ર નહીં હોય તેને પાત્ર આપશે. જેને વાહન નહીં હોય તેને વાહન આપશે. જેને સહાય નહીં હોય તેને સહાય આપશે. જેને પાથેય નહીં હોય તેને પાથેય(ભાતું) આપશે. માર્ગમાં ચોર લોકોથી અને શિકારી પ્રાણીઓના ઉપદ્રવથી તે સર્વેની રક્ષા કરશે. જે કોઈ અશક્ત હશે તેઓનું પોતાના બંધુની જેમ પાલન કરશે."

**સભાઃ** "કદાચ અમારા સગા ભાઈની શ્રાવિકા પિયર, હોસ્પિટલમાં કે

અંતરાયમાં હોય તો પણ અમે અમારા સગા ભાઈને જમાડતાં નથી.''

**ગુરુજી:** ''આર્ય ! તમારી વાત સાંભળતા મન ખાટું થઇ જાય. ખરેખર, તમે બોલ્યા તેવી પરિસ્થિતિ હોય તો તમે પૃથ્વી ઉપર ભારરૂપ છો. ઢાંકણીમાં પાણી લઈને...''

**સભા:** ''અમે અમારા જન્મદિવસે, લગ્નની તિથિ વગેરે દિવસે મિત્રોને પાર્ટી આપીએ છીએ. એ પરોપકાર જ કહેવાય ને ?''

**ગુરુજી:** ''તમારી જન્મ દિવસ, લગ્નતિથિની પુલપાર્ટી વગેરેને પરોપકાર ન કહેવાય. પરંતુ વ્યભિચાર કહેવાય. આવા વ્યભિચારો તો આર્યદેશના ભંગી-કોળીના છોકરાઓમાં પણ ન હતા. I know about your every party, please shut your mouth !''

**સભા:** ''અમને મા-બાપે સંસ્કાર ન આપ્યા તેથી આવા દિવસો આવ્યા.''

**ગુરુજી:** ''ભૂલ્યા ત્યારથી ફરી ગણવાનું, જાગ્યા ત્યારથી સવાર એ ન્યાયે હવે તમારા સંતાનોને તો સંસ્કાર આપજો.

તમારા સંતાનોને સ્કૂલમાં ક્યારેક ચોકલેટ ડે, ક્યારેક મધર ડે, ક્યારેક ચિલ્ડ્રન્સ ડે ઉજવતા હોય છે. એમ તમે તમારા સંતાનને અનુકંપા ડે, સાધર્મિકભક્તિ ડે, સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ડે, પાઠશાળા ડે, દેરાસર શુદ્ધિકરણ ડે, જીવદયા ડે, આવા ડે રાખીને સંસ્કાર આપો.''

**સભા:** ''સમજાયું નહી.''

**ગુરુજી:** ''સમજો કે તમારા દીકરાની ઉંમર ત્રણ-ચાર વર્ષની છે. એના હાથે પરોપકારનાં કાર્યો કરાવો. દા.ત. તમારી બિલ્ડીંગ ૨૦ માળની છે. દરેક ફ્લોર પર ૪-૪ ઘર છે. એટલે ટોટલ ૮૦ ઘર થયાં. બધાં જૈન છે તેથી તમારા સાધર્મિક છે. તમારા દીકરા પાસે દરેક ઘરે ૧૦ રૂપિયાની એક મોસંબી ઇત્યાદિથી ભક્તિ કરાવી શકાય અને વિનંતી કરે કે, મને સાધર્મિક ભક્તિનો લાભ આપો. આ રીતે સાધર્મિક ભક્તિ ડે ઉજવી શકાય.

એક દિવસ બિલ્ડીંગના વૉચમેન, ઝાડુવાળા, કામવાળા સેવક ભાઈઓને એવી જ રીતે મોહનથાળ વગેરે દ્વારા અનુકંપા કરીને અનુકંપા ડે ઉજવી શકાય. એક દિવસ સાધુ-સાધ્વીજી ભગવંતની વૈયાવચ્ચ કરવા લઈ જાઓ."

**સભા:** "આનાથી ફાયદો શું થાય?"

**ગુરુજી:** તમારા નાના દીકરાને આ રીતે સાધર્મિક ભક્તિ ૧૦-૨૦ વાર કરી હોય તો એ એને યાદ રહેશે. પછી મોટો થાય અને પર્યુષણમાં સાધર્મિક ભક્તિનું વ્યાખ્યાન સાંભળશે એટલે તરત બોલશે કે મેં આખી બિલ્ડીંગની આવી સાધર્મિક ભક્તિ કરી છે. ગુરુજી કહી શકશે કે આજે તો તું આખા મુંબઈની ભક્તિ કરી શકે એટલો સદ્ધર છે તેથી તારે આખા મુંબઈની ભક્તિ કરી શકાય.

બીજું નાનપણમાં આ રીતે સાધર્મિક ભક્તિ કરી હોય તેથી બિલ્ડીંગના બધાં એને ઓળખતા થાય. સજ્જન પુરુષોનો પરિચય વધે. તેથી જાહેરમાં કોઈ લોકવિરુદ્ધ પ્રવૃત્તિ કરવી હોય તો શરમ આવે. કદાચ કરતો હોય તો લોકો એનો કાન ખેંચી શકે. નાનો હતો ત્યારે કેટલો ગુણીયલ હતો, આજે કેમ બગડી ગયો છે વગેરે હિતવચનો દ્વારા માર્ગ ઉપર લાવી શકાય. મોટા થઈને કદાચ તમને ઘરમાંથી કાઢી મૂકે તો ૫૦ જણ એને કહેવાવાળા નીકળે. આ રીતે એના જીવનમાં પરોપકારના કારણે લોકવિરુદ્ધ પ્રવત્તિનો ત્યાગ, ગુરુજનપૂજા વગેરે આવી શકે.

આ રીતે મહિને હાર્ડલી ૩-૪ હજારના સદ્વ્યય માં તમારા સંતાનનું અદ્ભુત સંસ્કરણ થાય."

**સભા:** "ભીષ્મપિતામહે પિતાજીનાં લગ્ન માટે થઈને પોતે બ્રહ્મચર્ય લીધું. આ બધી પરોપકારની વાતો ફિલ્મમાં સારી લાગે. રીયલ લાઈફમાં આવું થોડું હોય છે?"

**ગુરુજી:** "આર્ય ! સ્કૂલ, ટી.વી.,નોવેલ વાચવાના કારણે તમારો આપણા સાચુકલા ઈતિહાસ સાથે પરિચય નથી બાકી હિન્દી ફિલ્મની સ્ટોરી જેવી ભીષ્મપિતામહની વાત ન લાગત.

"મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે."

એવાં અનેક પદો રચનાર જાણીતા ગુજરાતી ભક્તકવિ કેશવલાલ(સંવત ૧૯૦૭ થી ૧૯૫૨) ના પૂર્વજોની વાત છે.

ૠગ્નાથ ભટ્ટ તેર-ચૌદ વર્ષની વયે નવ વર્ષની કન્યા સાથે પરણેલા. એ ૠગ્નાથ ભટ્ટ ૨૧ વર્ષની વયે સખત માંદા પડ્યા. બચવાની આશા ન રહી. વડીલ વૈદ્યોએ નિદાન કર્યું  કે, ક્ષય રોગ થયો છે. બીજા દિવસે સવારે પત્નીએ પતિને પ્રદક્ષિણા કરી. ઘરના દેવ સમીપે જઈ સંકલ્પનું જળ મૂકી રડી પડ્યા. પતિની સેવા ચાલુ કરી. રાત્રે સૂવાનું મળે તો તેઓ સાસુની પાંગતે સૂઈ રહેતા.

પ્રભુની કૃપાથી ૠગ્નાથ ભટ્ટ છ-આઠ મહિને સાજા થવા લાગ્યા. ઘરમાં હરતા-ફરતા થયા ને વરસે તો ઘોડા જેવા સાજા થઈ ગયા. ૠગ્નાથ ભટ્ટની માએ પુત્રવધૂને કહ્યું કે, બેટા ! મારી પાંગતે સૂવાની હવે જરૂર નથી." પણ વહુએ કહ્યું, "મા, મારું સ્થાન તમારી પાંગતે જ છે."

થોડા વખત પછી બહારગામથી આવેલા નણંદે બા પાસે ઈચ્છા પ્રગટ કરી કે, "ભાભીને સીમંત આવે તો હું ઝટ રાખડી બાંધું." "હું પણ પૌત્રનું મોઢું જોવાની આશા એ જીવું છું" એવું માએ કહ્યું ત્યારે વહુએ કહ્યું કે, એમને બેઠા કરવા મેં ભગવાન પાસે જીવનભરનું વ્રત લીધું છે."

વિચારવા જેવું છે કે ૧૬-૧૮ વર્ષની છોકરી પતિ માટે થઈને આજીવન બ્રહ્મચર્ય લઈ શકે છે. આ તો હમણાંની જ વાત છે.

તમને માઈકલ જેક્સન, સલમાનની વાતોમાં રસ છે. તો પછી આ ત્યાગ-વૈરાગ્યની વાતો હિન્દી ફિલ્મની સ્ટોરી જ લાગેને ! બાકી...

મૂળ રાજસ્થાન ગઢસિવાનાના રહેવાસી હાલ અમદાવાદમાં રહેતા સીતાદેવી વંશરાજજી બાલડના જીવનની એમના ભાણેજ કિરણ બાફનાએ મને વાત કરી કે મારાં માસી ખરેખર ગજબ પરોપકારી. અમારા ઘરે મુંબઇ ૧-૨ કલાક માટે આવ્યા હોય તો પણ બિલ્ડીંગના વૉચમેનને ૧૦૦-૧૦૦ રૂપિયા આપતાં જાય. મારી બિલ્ડીંગના વૉચમેન મને પૂછે કે તમારાં માસી ક્યારે આવવાનાં છે ?

મારાં માસી, માસા, મોટો દીકરો કુશલજી અને નાનો દીકરો સંતોષજી ત્રણેય પાસેથી પૈસા લે. ઘણીવાર તો એમના દિયરના દીકરા અશોકજી પાસેથી પણ પૈસા માંગે કે મને પૈસા આપો પછી તમને આપું છું.

ઘરમાં બધાને એમ કે સોનું લેતાં હશે, પૈસા ભેગા કરતાં હશે. પણ મૃત્યુ પછી તિજોરી ખોલી તો ન મળે સોનું કે ન મળે રૂપિયા. એમની સ્મશાનયાત્રામાં શાકવાળા, વાસણવાળા, કામવાળા સેંકડો લોકો આવ્યા હતા. બધાં પોક મૂકીને રડતાં હતાં અને બોલતાં હતાં કે શેઠાણીએ અમારા પર ઘણા ઉપકાર કર્યા છે.

તમે કહો છો તેવું મને પણ પહેલાં કિરણ બાફનાએ વાત કરી ત્યારે હિન્દી ફિલ્મની સ્ટોરી જેવું લાગતું હતું પણ હું એમના ઘરના રસોઇયાને મળ્યો ત્યારે એમના મૃત્યુના ૪ વર્ષ પછી પણ રસોઇયાની આંખમાં આંસુ હતાં. મારી શેઠાણી ગામે જાય તો મારા ઘર માટે પણ અચૂક મીઠાઇનું પેકટ લઇને જ જાય. એકવાર પણ ભૂલ્યા નથી અને મને દીકરાની જેમ સાચવ્યો છે. રોજના ૫૦૦૦ રૂપિયાનું દાન ન કરે ત્યાં સુધી શેઠાણી નવકારશી ન કરી શકે. જો કદાચ દાન કરવાનું રહી ગયું હોય તો એમને ચેન ન પડે. ૫૦૦૦ રૂપિયાનુ દાન કરે પછી જ એમને ચેન પડે. આ વાત મેં એમના રસોઇયા પાસે સાંભળી ત્યારે લાગ્યું કે, “આર્ય ! આપણને આપણા દેશનો ભવ્ય ઇતિહાસ ખબર નથી. આપણા ભવ્ય ઇતિહાસથી આપણે અજાણ

હોવાથી "We are realy backward"."

**સભાઃ** "ગુરુજી આપની વાત સાચી છે. ભારતની ગલીએ ગલીએ આવી સીતાદેવીઓ અને ગીતાદેવીઓ હતી..."

**ગુરુજી:** "એની જગ્યાએ બહુ દુઃખની વાત છે. મિસ ઇન્ડિયા બનવા થનગનતી નટીઓથી ગલીઓ ઊભરાય છે."

**સભાઃ** "આપે કહ્યું કે લોકવિરુદ્ધચ્ચાઓનો ત્યાગ, ગુરુજનપૂજા ન હોય તો પણ પરોપકાર પ્રવૃત્તિ ટીકાપાત્ર બને તો પરોપકાર કરવો કે નહીં ?"

**ગુરુજી:** "રામાયણમાં પ્રસંગ આવે છે. વજ્રકર્ણ રાજાએ ગુરુ ભગવંત પાસે પ્રતિજ્ઞા લીધી કે, અરિહંત દેવ તથા નિર્ગ્રંથ ગુરુભગવંતો સિવાય હું બીજા કોઇને નમીશ નહીં. પણ, સિંહોદર મોટો રાજા હતો તેથી તેને ન નમે તો વૈરી થાય માટે વજ્રકર્ણ રાજાએ પોતાની વીંટીમાં મુનિસુવ્રત સ્વામીની મણિમય પ્રતિમા સ્થાપન કરી. પછી પોતાની વીંટીમાં રહેલા પ્રભુના બિંબને નમન કરીને તે સિંહોદર રાજાને છેતરવા લાગ્યો. આ વાતની જાણ સિંહોદર રાજાને થઇ તેથી તે વજ્રકર્ણ ઉપર ચઢાઇ કરવાનો હતો એ વાત સિંહોદરના રાજમહેલમાં ચોરી કરવા આવનાર ચોરને ખબર પડી. તેથી તેણે સાધર્મિકપણાના સંબંધથી ચોરી પેન્ડિંગ રાખીને વજ્રકર્ણને સમાચાર આપ્યા.

ચોરના જીવનમાં લોગવિરુદ્ધ પ્રવૃત્તિ ચોરી છે, છતાં પરોપકાર કરવા જાય છે. એવી જ રીતે તમારા જીવનમાં ક્યા લેવલનું લોગવિરુદ્ધ છે? તથા ગુરુજણપૂઆમાં શું ખામી છે ? બંને વાત સંવિજ્ઞગીતાર્થ ગુરુભગવંતને પૂછી એમના માર્ગદર્શન મુજબ પરોપકારની પ્રવૃત્તિ કરવી."

**સભાઃ** "ચોર કોણ હતો ?"

**ગુરુજી:** "વણિકનો દીકરો હતો. કરિયાણું લેવા-વહેંચવા ઉજ્જયિની નગરીએ ગયો હતો. ત્યાં કામલતા વેશ્યાના પ્રેમમાં પડ્યો અને વેશ્યાને

સિંહોદર રાજાની રાણી જેવાં કુંડલ જોઈતાં હતાં. તેવાં કુંડલ લેવાની તો તેની શક્તિ હતી નહીં માટે રાજાને ઘરે ચોરી કરવા ગયો હતો.

અમારે ગોચરી ૪૨ દોષરહિત લાવવાની છે. એમાં એક દોષનું વર્ણન કર્યું કે ઘણીવાર ગૃહસ્થને ખબર પડે કે ગુરુભગવંત ચૈત્રીઓળી વગેરે કરાવવા પધારશે તો ગોચરીનો લાભ મળે તેથી સંતાનના લગ્ન વહેલાં મોડાં કરે. સાધુ ભગવંતને વહોરવા માટે થઈને લગ્ન આગળ પાછળ કરે. ગૃહસ્થના પક્ષે આ ઉદારતા છે. પણ સાધુ ભગવંતે ઉપયોગ રાખવો જોઈએ. મૂળ વાત એ કે કેવો પરોપકાર જગતમાં છે... જ્યારે તમારે દીકરાના લગ્નમાં સાધુ ભગવંત ગોચરી આવે તો ગોચરી મળે ?''

**સભા:** ''તમને આઈસ્ક્રીમ વગેરે અભક્ષ્ય ન ચાલે.''

**ગુરુજી:** ''અમને ન ચાલે, તો તમને ચાલે ? તમારા ભગવાન અને અમારા ભગવાન અલગ છે ? ભગવાને આઈસ્ક્રીમ વગેરે અભક્ષ્ય કહ્યા છે તો તમને કેવી રીતે ચાલે ?''

**સભા:** ''સાધુ વહોરી જાય તો ઓછું પડે એના ડરથી અભક્ષ્ય રાખે છે.''

**ગુરુજી: ''આર્ય ! તારી ચૂક છે. તું શ્રાવકોનું આટલું નીચું લેવલ ન સમજ. કોઈના મોઢા ઉપર ખીલ થયો હોય તો એને કોઢ થયો છે એમ ન કહેવાય. બરફ, આઈસ્ક્રીમ વગેરે જમણવારમાં રાખવું તે ખીલના સ્થાને છે. વહોરાવવાના ભાવ નહીં તે કોઢ છે. અહીં ખીલ જેટલો જ રોગ છે, કોઢ નહીં. કદાચ ૫૦ સાધુ ભગવંત ગોચરી આવે તો આનંદિત થઈ જાય એવા શ્રાવકો છે.**

એક શહેરમાં બનેલી સત્ય ઘટના છે. એક ગુરુ ભગવંતની પાસે નાનું બાળક આવી મ.સા.ને પૂછવા લાગ્યું કે આપ વિહાર ક્યારે કરશો ? મ.સા. એ પૂછ્યું કે કેમ આવું પૂછે છે ? બાળક બોલ્યો કે આપ વિહાર કરશો પછી મમ્મી દૂધ પીવા આપશે. નહીંતર આપને વહોરાવી દે છે. આટલી નબળી પરિસ્થિતિમાં સાધુ ભગવંતને વહોરાવવાના ગજબ ભાવો છે. ત્યાં

તમે એમ કહો કે શ્રાવકોને સાધુ ગોચરી વહોરવા આવે એ ન ગમે એ વાતમાં કોઇ માલ નથી.

મૂળ વાત, તીર્થંકર પરમાત્માના જીવનમાં વગર ધર્મ પામે પણ કેવો ગજબ પરોપકાર હોય છે તે આપણે ધન્ના સાર્થવાહના જીવન ઉપરથી જોયું. શ્રીપાલ મહારાજાના મયણાસુંદરી સાથે લગ્ન થયાં. ગુરુ ભગવંતના સંપર્કથી ધર્મ પામ્યા છે. ત્યાર બાદ પોતાનું રાજ્ય લેવા જતા હોય છે ત્યારે રસ્તામાં શ્રીપાલ મહારાજાને જોઇને વિદ્યા સાધકને થાય છે કે આ મારો ઉત્તરસાધક થાય તો સારું. આ મહાપુરુષ છે."

**સભાઃ** "શ્રીપાલ રાજાને જોતા જ ખબર કેવી રીતે પડી કે આ મહાપુરુષ છે?"

**ગુરુજીઃ** સાહિત્ય દર્પણમાં લખ્યું છે કે, " आकृति गुणान् कथयति !"

માણસની આકૃતિ પરથી ખબર પડી જાય છે કે, પુરુષ લક્ષણવાળો છે કે નહીં ? શ્રીપાલ રાજા બત્રીસ લક્ષણવાળા છે. બત્રીસલક્ષણો પુરુષ મારો ઉત્તરસાધક થાય તો મારી વિદ્યા સિદ્ધ થઇ જાય. વિદ્યા સિદ્ધ કરવામાં વચ્ચે કોઈ વિઘ્ન આવે તો ઉત્તરસાધક વિઘ્નને દૂર કરી શકે. વિદ્યા સિદ્ધ થવામાં જે કોઇ તકલીફ આવે એ બધી તકલીફ પહેલાં ઉત્તરસાધકને આવે. એમાં મૃત્યુ પણ થઇ શકે."

**સભાઃ** "વિદ્યાસાધક જાપ કરે એટલે વિદ્યા સિદ્ધ ન થઇ જાય?"

**ગુરુજીઃ** "તમે ૐ પદ્માવતી બોલો એટલે પદ્માવતી હાજરાહજૂર ન થઇ જાય ? ઈવન વાસુદેવ ચક્રવર્તીને પણ દેવી-દેવતાને બોલવવા માટે અઠ્ઠમ કરવો પડે છે. તમારે વિદ્યા સિદ્ધ કરવી હોય તો વિદ્યાના અધિષ્ઠાયક દેવી-દેવતા તમારી પરીક્ષા કરશે. એમને એમ વિદ્યા સિદ્ધ ન થાય."

**સભાઃ** "લૂંટારાઓ બેંક લૂટવા આવે તો પહેલા વૉચમેન મરે. પછી મેનેજર વગેરેનો વારો આવે એમ અહીં પહેલા ઉત્તર સાધક મરે."

**ગુરુજી:** "હા, શ્રીપાલ મહારાજાને બધી ખબર છે કે આમાં કેવા કેવા પ્રોબ્લેમ આવી શકે છે. શ્રીપાલ મહારાજાને આ વિદ્યાસાધક સાથે કોઇ લેવા દેવા ? વિદ્યાસાધક પાસેથી શ્રીપાલ મહારાજાને કાંઇ જોઈએ છે ? વિદ્યાસાધક કાકા-મામારો સોરો વૈ ? ભવિષ્યમાં વિદ્યાસાધક કામ લાગશે એવો કોઇ આશય છે ?

**સભા:** "અમે તો નવો વેપારી માર્કેટમાં ધંધો કરવા આવે તો હેલ્પ કરીએ. ફ્યુચરમાં અમને કામ લાગશે એ એંગલથી."

**ગુરુજી:** "કામ ન આવે તો ?"

**સભા:** "આખા ગામમાં કહેતાં ફરીએ કે માણસ બેકાર છે. કાંઇ કદર નથી.

**ગુરૂજી:** "માટેસ્તો તમારું ઉદાહરણ નથી લેવાતું, શ્રીપાલ મહારાજનું ઉદાહરણ લેવાય છે.

**સભા:** "ગુરુજી ! એ શ્રીપાલ મહારાજા છે તેથી પરોપકાર કરે. અમે મહારાજા બનીશું પછી કરશું."

**ગુરુજી:** "શ્રીપાલ મહારાજને ઘરનું ઘર નથી. પત્ની પિયર છે. મા પણ પોતાના સસરાને ત્યાં છે. બેંક બેલૅન્સ કશી નથી. આમ જુઓ તો પોતે રસ્તા ઉપર છે છતાં પોતાનું કામ પડતું મૂકીને વિદ્યાસાધકને મદદ કરે છે. નિઃસ્વાર્થ ભાવે ઉત્તરસાધક થાય છે. આ છે પરોપકાર...

લોકો બોલ્યા કરે, "ફૂલોં કે શહેર મે હો ઘર અપના." ખરેખર આપણી આજુબાજુ સ્વાર્થથી ઊભરાતી ગટરો ભરેલી છે. તેથી શ્રીપાલ મહારાજા જેવાં ઉદાહરણો આપણા મગજમાં બેસે નહી."

**સભા:** "શ્રીપાલ મહારાજાની જેમ મદદ કરવાની વાત તો દૂરની છે. લેપટોપ ઉપર કોઇ કંપનીને ક્વોટેશન આપતા હોઇએ ત્યાં કોઈ સાધર્મિક અમારી ઑફિસમાં આવી જાય તો તરત લેપટોપ બંધ કરી નાંખીએ. જો એને ખબર પડી જશે કે X.Y.Z. કંપનીને ક્વોટેશન આપ્યા છે તો એ પણ

ક્વોટેશન આપશે તો ?"

**ગુરુજી:** "મને એમ હતું કે તમે ઇન્કમટેક્ષ કે સેલ્સટેક્ષ ઑફિસરથી જ ડરતા હશો. પણ હવે ખબર પડી કે સાધર્મિક એવા વેપારીથી પણ તમે ડરો છો...ઑ ! માય ગૉડ !

કોઇ મારું લૂંટી જશે. હું લૂંટાઇ જઇશ આવા કેટકેટલા ભય તળે જીવો છો. તો પરોપકાર ક્યારે કરશો ?

વિદ્યા સાધકથી છૂટા પડ્યા પછી લાઇફમાં ક્યાંય મળશે કે નહીં એ ખબર પણ નથી. પોતાનું કોઇ કાર્ડ કે નંબર આપતો નથી. અરે અમે તમારે દેશ આવશું ત્યારે જરૂર મળશું એવું પણ કાંઇ કહ્યું નથી."

**સભા:** "અમે તરત કહી દઇએ કે તમે લોનાવલા રહો છો, તો અમે લોનાવલા ફરવા આવશું ત્યારે તમારે ત્યાં જ ઊતરશું એમ કહીને તરત બુકીંગ કરી નાખીએ છીએ."

**ગુરુજી: "માટે તો કર્મસત્તા તમારા પુણ્યનું બુકીંગ કરતી નથી. ગૉડ બ્લેસ યુ!"**

**સભા:** "ભૌતિક બાબતમાં કોઇને પણ ફીમાં કે નિઃસ્વાર્થભાવે પરોપકાર કરવાથી લાભ શું ?"

**ગુરુજી:** "સ્વાર્થ ઓગળશે તો જ પરોપકાર થશે. સ્વાર્થ ઓગળ્યા વિના પરોપકાર કરવો શક્ય જ નથી.

વિદ્યાસાધકની વિદ્યા સિદ્ધ થયા પછી શ્રીપાલ મહારાજા આગળ જતા હોય છે, ત્યાં એક વ્યક્તિ સુવર્ણ સિદ્ધિ કરી રહ્યો છે."

**સભા:** "એમાં કેટલો ટાઇમ જાય ? એ ટાઇમ વેસ્ટ કરવા જેવો છે ?"

**ગુરુજી:** "તમારી વૃત્તિ પ્રોફેશનલ થઇ ગઇ. તમે ગાયને ૨૦૦૦ રૂ. નું ઘાસ આપો તો મહિને કેટલું દૂધ આપશે ? એવો સવાલ પૂછતા થયા. કારણ કે, તમે બધે પૈસાનાં જ લેખાંજોખાં રાખો છો."

**સભા:** "સાહેબજી અમારી નજર કમર્શિયલ થઇ ગઇ છે."

**ગુરુજી:** "સાચી વાત છે. મા-બાપ બીમાર હોય તો એમની બીમારીને પણ પૈસાના લેખાજોખાંથી ગણશો. તમે મહિને તમારી પાછળ ૧૦ હજાર રૂપિયા વાપર્યા તો ૫૦ વર્ષમાં ૬૦ લાખ રૂપિયા ખર્ચ કર્યા એ દેખાતા નથી. કદાચ વરસના વચલે દિવસે દાન કરવા નીકળ્યા તો પણ સવાલ હશે. ૮૦ જી માં કેટલા ટકા બેનિફિટ?

સુવર્ણસિદ્ધિકારને સુવર્ણસિદ્ધિ થઇ અને શ્રીપાલ મહારાજાને કહે છે કે આટલું સોનું લેતા જાઓ.. ત્યારે શ્રીપાલ મહારાજા કહે છે કે, "કોણ ઉપાડે ઇણ ભાર?"

શ્રીપાલને સોનું ભાર લાગે છે, તમે ૧૦ ઉપવાસ કર્યા હોય તો પણ ૧૦ કિલો સોનું આપે તો ઉપાડી લ્યો ને? શ્રીપાલ મહારાજા સંસારી જીવ છે છતાં મફતનું સોનું ભાર લાગે છે. શ્રીપાલ મહારાજાના જીવનમાંથી કાંઇક શીખજો. તમારી ઑફિસમાં સાધર્મિક વેપારીઓ આવતા હોય તો પહેલા એમને મીઠું મોઢું કરાવવા દ્વારા સાધર્મિક ભક્તિ કરી શકાય, પછી બીજી વાત! ખવડાવવા-પીવડાવવાની વાત તો આર્યદેશોમાં ચોરે ને ચૌટે ચાલે છે.

અમૃતસરના સુવર્ણ મંદિરમાં રોજના ૧ લાખથી વધુ ભક્તો ભોજન લે છે. ૨ લાખથી વધુ પંજાબી રોટી પકાવવામાં આવે છે."

**સભા:** "આટલી રોટી બને ક્યારે?"

**ગુરુજી:** "૧૦ હજાર રોટી ૧ કલાકમાં બની શકે એવું મશીન વસાવ્યું છે. રોટી બનાવવા માટે રોજનો ૭ હજાર કિલો ઘઉંનો લોટ, ૧૨૦૦ કિલો ચોખા, દોઢ ટન રોજની મસૂર દાળ, ૫૦૦ કિલો ઘીનો વપરાશ થાય છે. રાંધવા માટે રોજ ૧૦૦ એલ.પી.જી. સિલિન્ડર, ૫ હજાર કિલો લાકડાં વપરાય છે. ૪૫૦ કર્મચારીઓ કામ કરે છે. ભક્તો પણ પીરસવા, વાસણ

ઉટકવા વગેરે સેવા આપે છે. સવાર-સાંજ ત્રણ લાખ થાળી, વાટકા અને ચમચીઓ સેવકો ધૂએ છે. તમારાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ પણ પીરસણીયા બનીને સેવાનો લાભ લીધો હતો. દરરોજ એક લાખથી વધુ અને તહેવારોમાં આનાથી બમણાં લોકો જમે છે."

**સભાઃ** "ઑફિસમાં આ રીતે તો સાધર્મિક ભક્તિ રાખીએ તો વેપારીઓ ફાયદો જ ઊઠાવે."

**ગુરુજીઃ** "ભક્તિ કરવાથી લૂંટાઇ જઇશું. આ જ તમારી અંદર રહેલું મિથ્યાત્વ બોલી રહ્યું છે. ખરેખર તમને ફાયદો થાય છે.તમે તમારી દુકાને આવનાર સાધર્મિકને બદામ કતરીથી ભક્તિ કરી તો તમને પુણ્ય બંધાય. ખરેખર સાધર્મિક વાપરીને તમારા ઉપર ઉપકાર કરે છે. ભરત ક્ષેત્રમાં પંચમકાળ છે, કલહ-કંકાશ હોઇ શકે, કોઇ વિશિષ્ટ જ્ઞાની ગુરુભગવંત પણ નથી, છતાં જે સંઘ છે તે રત્નની ખાણ છે. વર્તમાનમાં જે લોકો એમ કહે કે સંઘ નાશ પામ્યા છે તો શાસ્ત્રકારો કહેશે કે એને સંઘની બહાર કરવા. પૂર્વકાળમાં લોકોમાં સ્વાર્થ ઓછો હતો. બીજા માટે ઘસાતાં હતાં. માટે એમને ખાલી ટચ આપવાનો રહેતો હતો. અર્થાત ભવનિર્વેદ-મગ્ગાણુસારિઆ આવી જાય, કામ થઇ જાય. આજે તો બધું પાયાથી શીખવવું પડે એમ છે.

પ્રથમના ૬ ગુણ જેનામાં હોય તે જીવ સુગુરુને પામવાની યોગ્યતાવાળા છે. જેમ સગાઈ થઇ. લગ્નની ડેટ નક્કી થઇ, કંકોત્રી છપાઈ ગઇ. વહેંચાઈ ગઇ. જાન લઇને ગયા. આ બધી જેમ લગ્નની પૂર્વ તૈયારી છે. એવી જ રીતે **પહેલાં ૬ ગુણ પામેલાને સદ્‌ગુરુના યોગને યોગ કહીશું. બાકી જીવોને સદ્‌ગુરુનો યોગ નથી થતો, સંપર્ક થાય છે.** જેને સદ્‌ગુરુનો યોગ થયો છે તેના આત્માનો વિકાસ થશે. આત્માનો વિકાસ ન થાય તો સમજવાનું કે, સદ્‌ગુરુનો યોગ નથી મળ્યો. સંપર્ક થયો છે.

સ્કૂલમાં વિદ્યાર્થીઓને ઑપન ડે હોય છે જ્યારે આપણો પરોપકારમાં ક્લોઝ ડે છે. આપણાં જીવનમાં પરોપકારમાં ઑપન ડે આવે એ જ પ્રભુને પ્રાર્થના...

...વિશેષ વાતો અવસરે...

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંતલબ્ધિનિધાન-ગૌતમસ્વામિને નમઃ॥

## પડાવ : ૧૦

## જળ ભરી સંપુટ પત્રમાં,યુગલીક નર પૂંજત
## ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંતઃ

ભવનો અંત લાવવા માટે આપણે ભેગા થયા છીએ એમાં પ્રાર્થના સૂત્રનું આલંબન લઈને વિચારણા કરી રહ્યા છીએ. પ્રાર્થના સૂત્રમાં આપણે પરત્થકરણં સુધી પહોંચ્યા હતાં.

ભવનિવ્વેઓ અને મગ્ગાણુસારિયા આ બે પ્રાર્થના જેના જીવનમાં નથી એ જીવોનો પરોપકાર મોક્ષમાર્ગની બહારનો કહેવાશે.

**સભાઃ** “ગમે તેવો પરોપકાર હોય તો પણ ?”

**ગુરૂજીઃ** “હા, તમને તો સગાં-સ્નેહીઓ માટે ઘસાતાં પણ ઊનીયો અને ટાઢીયો વાય છે. “બધાનું મારે જ કરવાનું? આખી જિંદગી આ જ ગદ્ધાવૈતરાં કરવાનાં ?”આવા શબ્દો તમારા મુખમાંથી નીકળે છે.

જયારે જયપુરની એક કન્યાની વાત છે. કન્યાએ ફોરેનમાં જોબ માટે એપ્લિકેશન કરી. ત્યાં એક કરોડ રૂપિયાના પેકેજવાળી ફેશન ડિઝાઈનર તરીકેની જોબ મળી ગઈ છે. ફોરેન જવા માટે પોતાના ઘરેથી ગાડીમાં બેસી એરપોર્ટ જતી હોય છે. રસ્તામાં એણે ગરીબ બાળકને નગ્ન અવસ્થામાં જોયો. કન્યાને વિચાર આવ્યો કે હું વિદેશમાં ફેશન ડિઝાઈનરનું કામ કરવા જાઉં છું અને મારા દેશનાં બાળકોને પહેરવા કપડાં નથી. તેથી એરપોર્ટ જતી ગાડીને પાછી વાળી અને પોતાના ઘરે પાછી આવી. મારે વિદેશ જવું નથી. મારે આવા પૈસા નથી જોઈતા.

ત્યારબાદ ગરીબ બાળકોને પોતાને ત્યાં રાખવા લાગી. એમને ભણાવવાનું, ખવડાવવાનું, રાખવાની બધી જવાબદારી પોતે વહન કરવા

લાગી. એના માટે પોતે પેઈન્ટીંગ કરીને વેચે તેના પૈસાથી બાળકોનું ભરણપોષણ કરે. જોતજોતામાં એની પાસે ૨૦૦-૩૦૦ બાળકો થઈ ગયાં. આ કેવો ગજબ પરોપકાર કહેવાય ! છતાં શાસ્ત્ર કહેશે જો પ્રથમ બે પ્રાર્થના જીવનમાં નથી તો આ નિઃસ્વાર્થ ભાવે થતા પરોપકારને પણ મોક્ષમાર્ગની બહારનો પરોપકાર કહેવાશે. એટલું ધ્યાન જરૂર રાખવું કે આવી પરોપકારી વ્યક્તિને ધર્મ પમાડવો અપેક્ષાએ સહેલો છે. પણ જે પોતાનાં સગાં માટે પણ ઘસાવા તૈયાર નથી તેને ધર્મ પમાડવો અઘરો છે.

**આર્યદેશની વાતો.... પરોપકારની વાતો**

દક્ષિણ સૌરાષ્ટ્રમાં સોરઠ જિલ્લામાં વંથલી નામે ગામ છે. ઈ.સ. ૧૮૦૦ની આસપાસ ત્યાં એક બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેમાં રઘુનાથ નામે એક છોકરો હતો. તેની પત્ની લીલબાઈની વાત છે.

રઘુનાથ અને લીલબાઈનો સંબંધ નાનપણથી થઈ ગયેલો. લીલબાઈ આઠેક વર્ષનાં થયાં હશે ત્યારે શીતળાના ભયંકર રોગમાં પટકાયાં. તેમાંથી સાજા તો થયાં પણ બંને આંખો તદ્દન ગુમાવી.

રઘુનાથની મા જોવા આવ્યા અને ખેદ કર્યો ત્યારે લીલબાઈની માએ કહ્યું. છોડીના બાપ કહેતા હતા કે હવે આ આંધળીને પરણાવી કોઈના પર ભાર નાખવો નથી. રઘુનાથની માએ કહ્યું, "છોકરીએ આંખો ખોઈ તેથી શું એ તમારા ઘરમાં ભારરૂપ થઈ છે ખરી ? પેટનું જણ્યું કાંઈ ભારરૂપ થાય?

તો બેન ! મારેય એ પેટની જણી જ છે. એની આંખ જવાની હશે તો ગઈ, પણ છોકરીને પરણાવી દેજો. આ એના બાપનું ઘર છે. વખત જતાં ભાઈઓનું થશે. પણ મારું ઘર તો લીલીનું પોતાનું છે." આમ કહી છોકરીને માથે હાથ ફેરવતાં કહ્યું : "લીલી, બેટા ! ઓલું ઘર તો તારું પોતાનું છે, હો માડી!" ને આવી ખેંચતાણને અંતે અગિયારેક વર્ષની વયે

લીલબાઈના રઘુનાથ સાથે લગ્ન થયાં. ને ચૌદ-પંદર વર્ષની વયે તેઓ સાસરે આવ્યા.

સાસુ વિષે વાત નીકળતાં તેઓ કહેતાં, "પરણીને સાસરે આવી ત્યારથી મને કદી નથી લાગ્યું કે મારે આંખ નથી. મને પગલે-પગલે દોરીને, દરેક વસ્તુ આપીને સાસુએ મારી પર ઉપકાર જ કર્યો છે. સાસુની ચાકરી હું કરું, તેને બદલે મારી ચાકરી સાસુએ કરવી પડે એ વાતનું મને દુઃખ થતું. ત્યારે મારા સાસુ મને કહેતાં કે પ્રભુએ મને આ રીતે અવસર આપ્યો છે ને ચાકરી કરી છૂટું તો તેમાં મને ના ન કહેવાય. વળી બીજાને પુણ્ય રળવા દેવામાં ય પુણ્ય છે. તે વહુને તેના સાસુ ગરમ રસોઈ જમાડતાં. આઠ-દશ દિવસે વગર અવસરે શીરો કરી ખવડાવતાં. ઘરનાં કપડાં સાસુ ધોતાં ને, એ કપડામાં સૌથી વધુ સ્વચ્છ કપડાં વહુનાં રહેતાં! રોજ સવારના માથું ઓળી, વહુના કપાળે ચાંલ્લો કરી દેતાં.

લીલબાઈને સૌથી વધારે સુખ તો એ લાગતું કે, બપોરે સાંજે, રાત્રે, નવરાશ મળે ત્યારે સાસુ વહુનું માથું ખોળામાં રાખી સૂવડાવીને માથે હાથ ફેરવતાં, કુટુંબની જૂની વાતો કરતાં. વ્રતકથા કહેતાં ને પદો ગાતાં."

**સભાઃ** "સાસુ આવી રીતે રાખે તો વહુને તો જલસા જ થઈ પડે."

**ગુરૂજીઃ** "બધાંને તમારા એશોઆરામના જોખાથી જોખતાં નહીં. રાત્રે સાસુના પગ દબાવવાની લીલબાઈએ હઠ લીધી ત્યારે સાસુએ કહ્યું, "મારા પગ દુઃખતાં નથી, દાબો મા"!

"દુઃખે તો જ દબાય એવું ક્યાં છે બાઈજી ? વહુએ કહ્યું, ભગવાન આગળ ઘીનો દીવો ધરીએ છીએ તે કાંઈ ભગવાનમાં તેજ ઓછું થયુ હોય તે વધારવા ધરીએ છીએ એવું નથી. હું તો પગ એટલા માટે દાબું છું કે તેથી મારું મન ભર્યું રહે ને થાય કે મારી સાસુના ચરણે મેં મારો હરખ ધર્યો છે.

વિચારવા જેવું છે, આઠ વર્ષની આંધળી છોકરીને પોતાની વહુ બનાવતી અને આખી જિંદગી એની કેવી ચાકરી કરવી? આ કેવો પરોપકાર? છતાં આ પરોપકાર ત્યારે જ મોક્ષમાર્ગનો ગણાશે કે પ્રથમ બે પ્રાર્થના જીવનમાં હશે તો.

## સુહગુર જોગો

મોક્ષનો માર્ગ ચામડાની આંખે જોઈ શકાય એમ નથી. એ આંતરિક માર્ગ છે. અંતરનો ઉઘાડ ગુરુ ને જિનવચનથી થાય. પ્રત્યેક બુદ્ધને સ્વયંસંબુદ્ધને પોતાની મેળે ઉઘાડ થઈ શકે છે."

**સભા:** "સ્વયંબુદ્ધ એટલે શું?"

**ગુરુજી:** "બોધિ પામે અર્થાત ચારિત્ર સ્વીકારે તે બાહ્ય નિમિત્ત વિના સ્વયં બુદ્ધ-જાગૃત હોય, દા.ત. તીર્થંકર, સમરાદિત્ય વગેરેને કોઈ નિમિત્ત મળ્યા પછી જાતિસ્મરણ થાય અને બોધ પામે એવું નહી."

**સભા:** "પ્રત્યેક બુદ્ધ એટલે શું?"

**ગુરુજી:** "બાહ્ય નિમિત્ત વિના બુદ્ધ ન બને. દા.ત. કરકંડુ રાજાએ હટ્ટાકટ્ટા બળદને જીર્ણ થઈ ગયેલો જોઈ, વૈરાગ્ય પામી ચારિત્ર લીધું. એવી જ રીતે મહોત્સવના બીજે દિવસે એની માળાઓ કરમાયેલી જોઈ વૈરાગ્ય પામી ચારિત્ર લીધું. પ્રત્યેક બુદ્ધને આવી કોઈ ઘટનાથી જાતિસ્મરણ જ્ઞાન થવાથી ચારિત્ર માર્ગનો ખ્યાલ આવી જવાથી જાતે ચારિત્ર લઈ પાળી શકે છે."

**સભા:** "પ્રત્યેકબુદ્ધને તથા સ્વયંબુદ્ધને સાધુવેશ કોણ આપે?"

**ગુરુજી:** "પ્રત્યેક બુદ્ધને દેવતા સાધુવેશ આપે. સ્વયંબુદ્ધ સાધુવેશનો સ્વીકાર જાતે પણ કરે યા આચાર્ય પાસે પણ કરે.

મૂળવાત, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ બન્નેને ગુરુની જરૂર નથી. કેમકે એમને આંતરિક ઉઘાડ પોતાની જાતે થાય છે. આના સિવાય બાકીના જીવોને ગુરુની જરૂર પડશે. તમારામાં ૬ પ્રાર્થના આત્મસાત્ થઈ હોય તો

ગુરુ ફળે છે."

**સભાઃ** "પંદરસો તાપસમાં ૬ પ્રાર્થના આત્મસાત્ થઈ છે?"

**ગુરુજીઃ** "પંદરસો તાપસમાં ગજબ કોટિનો ભવનિર્વેદ છે. મોક્ષ મળતો હોય તો કાચી સેકન્ડ સંસારમાં રહેવું નથી. આપણે તો ખાલી બોલવા પૂરતું જ બોલતાં હોઈએ છીએ કે, આપો આપો ને મહારાજ અમને શિવસુખ આપો ને! પંદરસો તાપસને તો ખરેખર શિવસુખ જ જોઈએ છે."

**સભાઃ** "અમે બોલીએ છીએ "તારા વિના વીર મને એકલડું લાગે."

**ગુરુજીઃ** "ગપ્પાં મારો નહીં, વીર વગર તમને તો મજા જ છે."

**સભાઃ** "અમારે મોક્ષમાં જવાની ના નથી. અનંતકાળથી સંસારમાં દુઃખો જ જોયા છે. ૫-૨૫ ભવ સદ્ગતિના ભવ મળી જાય. એમાં ફરી સુખો ભોગવી પછી મોક્ષે જ જવું છે. મોક્ષમાં જવાની અમારી ના નથી."

**ગુરુજીઃ** "આને સ્પષ્ટ ગુજરાતીમાં ઊંઠાં ભણાવ્યા કહેવાય. પંદરસો તપસોને ખબર પડી કે અષ્ટાપદ તીર્થની યાત્રા મોક્ષનો હેતુ છે. પોતે અન્ય ધર્મના ઉપાસક હોવા છતાં અષ્ટાપદ તીર્થ આવ્યા. આને કહેવાય માર્ગાનુસારી ક્ષયોપશમ. તેથી માર્ગાનુસારીપણું પણ છે."

**સભાઃ** "તાપસો અષ્ટાપદને મોક્ષનો હેતુ સાંભળીને અષ્ટાપદપર આવ્યા એવો શાસ્ત્રપાઠ ક્યાં છે?"

**ગુરુજીઃ** "इतश्चाष्टापदं मोक्षहेतुं श्रुत्वा तपस्विनः।

મૂળ વાત, બાકી ધર્મના નામે કેટકેટલા ગતકડાંઓ ચાલે છે. એમાં ક્યાય ૧૫૦૦ તાપસો ફસાયા નહીં અને અષ્ટાપદ પર આવ્યા."

**સભાઃ** "ધર્મના નામે ચાલતાં ગતકડાંઓનું એકાદ ઉદાહરણ આપો ને?"

**ગુરુજીઃ** "ઇજિપ્તવાસી લોકો બિલાડીઓને રહેવા માટે પથ્થરનાં મોટાં મંદિરો બાંધતાં, બિલાડીઓને દેવ તરીકે પૂજતા. તથા દર વર્ષે બિલાડીઓનો મહોત્સવ ઉજવતાં. પ્રાચીન ઇજિપ્તમાં ઘરમાં પાળેલી

બિલાડીના કાનમાં આભૂષણો પહેરાવવામાં આવતાં અને કુટુમ્બના એક અતિ માનનીય સભ્ય તરીકે તેની પ્રત્યે વર્તન કરવામાં આવતું હતું જ્યારે બિલાડીનું મૃત્યુ થતું ત્યારે માલિકો ભ્રમર મુંડાવતાં. પાડોશીઓ પણ સ્મશાન યાત્રામાં હાજરી આપતાં. મૃત્યુ પામેલ બિલાડીના શરીરમાં સુગંધી દ્રવ્યો ભરીને માણસના શબની જેમ તેને કપડામાં વીંટીને ખાસ કબરમાં દાટવામાં આવતી હતી.

૧૫૦૦ તાપસના જીવનમાં મોક્ષની સાધનાને અનુકૂળ, ધર્મ અવિરોધી તથા ધર્મમાં પૂરક ભૌતિક ઇચ્છાઓની પૂર્તિ છે. માટે ઈષ્ટફલસિદ્ધિ પણ તેમના જીવનમાં છે.

૧૫૦૦ તાપસોનું જીવન પારદર્શક છે. શિષ્ટ પુરુષ અન્ડર લાઇન કરીને કહી ન શકે કે આમના જીવનમાં આ ખામી છે. તેથી લોગવિરુદ્ધનો ત્યાગ પણ એમનામાં છે.

૧૫૦૦ તાપસના જીવનમાં વડીલોની સેવા ઈત્યાદિ છે. અર્થાત ગુરૂજણપૂઆ પણ છે.

૧૫૦૦ તાપસના જીવનમાં પરોપકારની વૃત્તિઓ પણ છે. અર્થાત પરત્થકરણં પણ છે.

પાંચસો-પાંચસો-પાંચસો ના ત્રણ ગૃપ છે. ૧-૨-૩ ઉપવાસના પારણે ૧-૨-૩ ઉપવાસ કરે છે. પારણે સૂકી સેવાળ વાપરે છે. આપણને વૈદ્ય અમુક ઉકાળા આપે તો મોઢામાં મૂકી ન શકીએ. આપણી જીભ તો રસમાં અત્યંત લોલુપ્ત છે. આ પંદરસો તાપસો જેવું વાપરે છે એવું કદાચ વાપરવાનું આવે તો ઊલટી થઇ જાય. ગાયના છાણ જેવી ફીક્કી સેવાળ વાપરીને સાધના કરે છે.

છતાં એમને અંદરનો માર્ગ સાંગોપાંગ ખૂલ્યો નથી. અંદરના માર્ગે સડસડાટ ચડવાનું છે તે માર્ગે ચડી નથી શકતા. ગુણીયલતા અવ્વલ કક્ષાની

છે. આત્મિક શક્તિઓ વધી છે. એટલે જ અષ્ટાપદ તીર્થના એક એક યોજન પહેલું, બીજું, ત્રીજું પગથિયું ચડી શક્યા છે. આ પંદરસો તાપસના જીવનમાં ભૌતિક ઝાકઝમાળનો જરા પણ પ્રભાવ નથી.''

**સભા:** ''કેવી રીતે?''

**ગુરુજી:** ''અષ્ટાપદ પર્વત ઉપર વિદ્યાધરો, દેવી દેવતાઓની અવરજવર હોય. વિદ્યાધરો વિમાનમાં બેસીને ઉપર જતાં હોય. દેવતાઓ આવતા હોય. પણ કોઈથી અંજાયા નથી. કોઈનાથી પ્રભાવિત થયા નથી.

આ તરફ ગૌતમસ્વામી ભગવંત પોતે ચરમશરીરી છે. એની ખાત્રી કરવા માટે અષ્ટાપદ તીર્થ પર પધાર્યા છે. ૧૫૦૦ તાપસો ગૌતમ સ્વામીને આવતાં જુએ છે. વિચાર આવે છે કે આવા કદાવર શરીરવાળા કેવી રીતે ચઢશે? સાધના કરી શરીર સૂકવી નાંખ્યું છે, છતાં અમે ચઢી શકતા નથી. તો આ માણસ કેવી રીતે ચઢશે? પરંતુ ગૌતમસ્વામીજી સૂર્યના કિરણો પકડીને ચઢી ગયા. તાપસોને થયું કે આ માણસમાં દમ લાગે છે. તેથી વિચારે છે કે આ વ્યક્તિની રાહ જોવા જેવી છે. ગૌતમસ્વામી યાત્રા કરી રાત્રે ત્યાં રોકાયા.''

**ગુરુજી:** ''ગૌતમસ્વામીજી ભગવંત પોતાના મોક્ષની ખાત્રી કરવા માટે ભગવાનની રજા લઈને જાત્રા કરવા આવ્યા હતાં. જાત્રા થઈ ગઈ પછી રાત્રિ કેમ રોકાયા?''

**સભા:** ''ભગવાને કીધું કે સ્વલબ્ધિથી જાત્રા કરે તે તે જ ભવે મોક્ષે જાય માટે રાત્રિ રોકાયા.''

**ગુરુજી:** ''આર્ય ! ભગવાને કીધું કે સ્વલબ્ધિથી જાત્રા કરે તે તે જ ભવે મોક્ષે જાય. જાત્રા થઈ ગઈ. હવે રોકાવાની જરૂર શું?''

**સભા:** ''ભગવાનની અદ્ભુત પ્રતિમાની ભક્તિ કરવા માટે રોકાયા હશે.''

**ગુરુજીઃ** "ભગવાનની પ્રતિમા કરતાં સાક્ષાત્ તીર્થંકર વધારે અદ્ભુત નહીં? સાક્ષાત્ ભગવાનને છોડીને ત્યાં રોકાવાથી શું ફાયદો વધારે. શાસ્ત્રમાં કહ્યું છે કે સ્થાપના નિક્ષેપા કરતાં ભાવ નિક્ષેપાના ભગવાન ચઢી જાય. માટે "नामाकृति द्रव्यभावैः:" આ ક્રમ લખ્યો છે. તમે તો કહો છો કે ભગવાનથી અલગ પડવાની એમને ક્યારેય ઈચ્છા નથી. તો રાત્રિ રોકાવાની જરૂર શું?"

**સભાઃ** "આપ જ કહોને?"

**ગુરુજીઃ** "આપણે અધૂરું સાંભળીએ છીએ એટલે પ્રોબ્લેમ છે. ભગવાને શું કીધું તે વાચો, "योऽष्टापदे जिनान्नत्वा, वसेद्रात्रिं स सिध्यति ।" જે અષ્ટાપદ તીર્થમાં જિનેશ્વરોને વાંદીને રાત્રે રોકાય તે મોક્ષ પામે છે. માટે રાત્રે રોકાયા છે, એ મુખ્ય કારણ છે.

ગૌતમસ્વામી પ્રાતઃકાળે નીચે ઊતરવા લાગ્યા. રાહ જોઈ રહેલા તાપસોએ તેમને જોયા અને તેમની પાસે આવીને નમીને કહ્યું કે, 'હે તપોનિધિ મહાત્મા ! અમે તમારા શિષ્યો થઈએ અને તમે અમારા ગુરુ થાઓ.' ગૌતમસ્વામી બોલ્યા કે, "સર્વજ્ઞ ભગવંત મહાવીર પ્રભુ છે તે જ તમારા ગુરુ થાઓ"

આટલાં વર્ષોથી એમના મગજમાં જે ગેરસમજો હતી. તે બધી એક જ દેશનામાં દૂર થઈ. સમ્યગ્દર્શન પામી ગયા. અત્યાર સુધી સમ્યગ્દર્શન પામ્યા ન હતા. અત્યાર સુધી એમનામાં મિથ્યાત્વ હતું."

**સભાઃ** "એમનામાં ક્યું મિથ્યાત્વ હતું?"

**ગુરુજીઃ** "અનાભિગ્રહીક મિથ્યાત્વ. તમે ચિત્ર દોર્યું હોય તો વર્લ્ડ ફેમસ ચિત્રકાર તમારું ચિત્ર જોતાં તરત કહી દે ને, કે આ ચિત્રમાં શું ખામી છે? એમ ગૌતમ સ્વામીએ એમની ખામી દૂર કરી.

અહીં જોવા જેવું એ છે કે ગૌતમ સ્વામીએ એમને કીધું કે મા-બાપની ભક્તિ કરવા જેવી છે ? આપણું જીવન મિસ્ટર ક્લિન હોવું જોઈએ, અર્થાત સપ્ત વ્યસન ન હોવાં જોઈએ, માર્ગાનુસારીના ૩૫ ગુણો હોવા જોઈએ, આવું કશું કીધું? તમે પરોપકાર કરો, સ્વાર્થ તો અનંતકાળથી કરતા આવ્યા છીએ, આવું કહ્યું ? સંધ્યાના રંગો જેવું ક્ષણભંગુર આ જીવન છે, આવું કહ્યું? પાણીના પરપોટા જેવું મનુષ્યનું આયુષ્ય છે, એવું કહ્યું ? ઈનશોર્ટ, સંસાર અસાર છે, એવું કહ્યું ? ના.''

**સભા:** ''ગૌતમસ્વામીજીએ શું કહ્યું ?''

**ગુરુજી:** **''ગૌતમસ્વામીજીને ખબર છે કે આ સાધકોની ખૂટતી કડી કઈ છે. અવ્વલકક્ષાના સાધકો છે. ૧૦૦ ટચનું સોનું છે.''**

**સભા:** ''લોખંડની મેખ શું હતી?

**ગુરુજી:** ''શાસ્ત્રીય પરિભાષામાં કહું તો એમના જીવનમાંથી મોહરાજનું સંઘયણબળ અવિદ્યાનો નાશ થઈ ગયો છે, પણ મોહરાજા જે સિંહાસન પર બેઠેલો છે એ વિપર્યાસને દૂર કરવાની જરૂર છે.''

**સભા:** ''એ વિપર્યાસ શું છે ?''

**ગુરુજી:** ''દેવ-ગુરૂ-ધર્મની બાબતમાં ફંડા ક્લીયર નથી.''

**સભા:** ''આવા ઉત્તમ સાધકને ધર્મની બાબતમાં ફંડા ક્લીયર નથી? ડાયજેસ્ટ ન થયું!''

**ગુરુજી:** ''આર્ય ! ઉત્તમ સાધક છે એની ના નથી પણ સ્થૂળ એટલે મોટા મોટા ધર્મની ખબર પડે છે સૂક્ષ્મ બાબતમાં ખબર પડતી નથી. દા.ત. તમે કોઈના ઘરેથી સોનાના દાગીના ચોરી લ્યો એ ખરાબ કહેવાય, એની ખબર પડે છે. પણ સૂક્ષ્મ ચોરીની ખબર પડતી નથી.''

**સભા:** ''પંદરસો તાપસાના જીવનમાં સૂક્ષ્મ ચોરી શું?''

**ગુરુજી:** ''પંદરસો તાપસ છે, અર્થાત સંન્યાસી છે. પારણે સૂકી સેવાળ

વાપરે છે. સૂકી સેવાળ જ્યાંથી લે છે તેના માલિકની રજા લે છે? માલિકની રજા લીધા વગર લઈએ તો સૂક્ષ્મ અદત્તાદાનનું પાપ લાગે. અમારે મેદાનમાં માત્રુ પરઠવવાનું હોય તો પણ અમે જગ્યાના માલિકની રજા સ્વરૂપે અણુજાણહ જસ્સુગ્ગહો કહીએ છિએ. મને માત્રુ પરઠવવાની રજા આપો. અમને ધૂળનું ઢેફું પણ જોઈએ  તો રજા વગર ન લઈએ. કદાચ લઈએ તો સૂક્ષ્મ અદત્તાદાનનું પાપ લાગે, આવી સૂક્ષ્મ ગુણ-દોષની તાપસોને ખબર નથી. તમને તો મોટાં પાપો પણ ખબર ન પડે. તમે સાધુ મ.સા.પાસે આવો તો ટેબલ પર વસ્તુ પડી હોય તે લઈને ખોલવા માંડો. આ દોષ કહેવાય એની તમને ખબર પડે? કદાચ મ.સા. તમને કહે કે, આમ કોઈની વસ્તુ પૂછ્યા વિના ન લેવાય, તો થોબડું ચડી જાય."

**સભાઃ** "સહજ વાંચીએ છીએ. કાંઈ અંગત જાણવાની જિજ્ઞાસા નથી."

**ગુરુજીઃ** "આને જિજ્ઞાસા ન કહેવાય. આને કુતૂહલ કહેવાય. અપ્રશસ્ત કુતૂહલદોષ કહેવાય. આવાં અનેક કુતૂહલ આપણામાં પડ્યાં છે. ઉપવાસ હોવા છતાં માથું મારીએ કે આજે વાપરવામાં શું હતું ? માથું તો મારીએ પણ અપ્રશસ્ત કુતૂહલોને અધર્મ માનવા પણ તૈયાર નથી. પંદરસો તાપસોને સૂક્ષ્મ ગુણ-દોષમાં ખબર નથી પડતી કારણ કે એમના ધર્મશાસ્ત્રમાં સૂક્ષ્મ ગુણ દોષોની સમજ આપી નથી. જેટલી ગુણ દોષોની સમજ આપી છે તેટલી સમજ તથા આચરણ એમનાં જીવનમાં છે. આપણને આપણા શાસ્ત્રોએ ગુણ-દોષનો જેટલો બોધ આપ્યો છે, તે બોધની સમજ પણ નથી. ગુણ ક્યારે આવશે એ તો ભગવાન જાણે.

અહીં જોવા જેવું છે. પંદરસો તાપસમાં તેમના ધર્મ મુજબનું સંતપણું હતું. નયસારના જીવનમાં પણ એમના ધર્મશાસ્ત્ર મુજબનો બોધ અને ગૃહસ્થપણું હતું. નયસાર ના જીવનમાં લોગવિરુદ્ધચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં છે."

**સભાઃ** "કેવી રીતે?"

**ગુરુજીઃ** "નયસાર ગ્રામચિંતક છે અર્થાત મુખી છે. જાહેર જીવનમાં છે. ગામનો મુખી હોવાથી લોગવિરુદ્ધ પ્રવૃતિ એના જીવનમાં નથી. માટે તો રાજાનો માનીતો છે. લોગવિરુદ્ધ પ્રવૃતિ કરનાર મોટા વ્યક્તિના માનીતા ન હોય.

ગુરુજણપૂઆમાં ઉપકારીની ભક્તિ છે. રાજા માટે લાકડું લેવા આવ્યો છે એમાં ક્યાંય ઘાલમેલ નહી. પૂર્ણ ભક્તિનો ભાવ છે. પરોપકાર પણ જીવનમાં છે માટે તો ભૂખ લાગી છે છતાં જંગલમાં અતિથિને વપરાવીને વાપરું એવી ભાવના છે.

અને ગુરુનો યોગ થયો. ગુરુએ પણ યોગ્યતા જોઇ. ભૂમિકા તૈયાર છે પણ દેવ-ગુરુ-ધર્મના બોધમાં ચૂકે છે. માટે "દેવ-ગુરુ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર; પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે..."

**સભાઃ** "નયસારના જીવનમાં ભવનિવ્વેઓ કે માર્ગાનુસારીપણું છે?"

**ગુરુજીઃ** "નયસારને ગુરુ જે રીતે ઉપદેશ આપે છે તે જોતાં લાગે છે, કે ભવનિર્વેદ હશે તેથી જ દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજાવ્યું."

**સભાઃ** "સંસારને અસાર માને છે એવી ખબર કેવી રીતે પડી?"

**ગુરુજીઃ** "ગુરુની સાથે વાતચીત થઇ હશે એમાં સંસારની અસારતા જણાઈ હશે. દા.ત. આયખાનો શો એતબાર ? સંસારમાં બધું નાશવંત છે. સાથે આવશે આપણો કરેલો ધર્મ. વગેરે વાતો થઇ હોઇ શકે. એના ઉપરથી ગુરુએ દેવ-ગુરુ-ધર્મનો બોધ આપ્યો. તેથી જણાય છે કે ભવનિર્વેદ છે. માર્ગાનુસારી ક્ષયોપશમ છે તેથી રસ્તો બતાવવા જાય છે. ગુરુ ઉપદેશ આપવાની વાત કરે છે. ત્યારે નયસારને આ ક્યાં આંગળી દેતાં હાથ પકડ્યો એવું લાગતું નથી. ઊલટાનું એવું બોલે છે કે આપ આપનો શિષ્ય સમજીને મને કહો.... એ જોતાં મને લાગે છે કે નયસારમાં ભવ્વનિર્વેદાદિ

પ્રથમ ૬ પ્રાર્થના છે છતાં સંવિજ્ઞગીતાર્થ ગુરુ કહે એ પ્રમાણભૂત...

તાપસોને સુહગુરુયોગ કેવલજ્ઞાનનું કારણ બન્યું. જયારે નયસારને સમ્યગ્દર્શનનું કારણ બન્યું."

**સભા:** "પંદરસો તાપસનું શું થયું?

**ગુરુજી:** "ગૌતમ સ્વામીને કીધું કે તમે મારા ગુરુ પછી ગૌતમ સ્વામીએ કહ્યું, ભગવાન મહાવીર આપણા ગુરુ છે ત્યારે જ દેવતાઓએ સાધુવેશ આપ્યો. દીક્ષા લીધી અને ત્યાંથી વિહાર કર્યો.

વિહાર કરતાં માર્ગમાં કોઈ ગામ આવતા ભિક્ષાનો સમય થયો એટલે ગૌતમ ગણધરે તાપસ મુનિઓને પૂછ્યું કે, તમારા પારણા માટે શું વસ્તુ લાવું? તાપસ મુનિઓએ ખીર મંગાવી."

**સભા:** "દીક્ષા પહેલાં ઉપવાસ-છઠ-અઠ્ઠમના પારણે ઉપવાસ-છઠ-અઠ્ઠમ કરતાં. હવે સીધી ખીર માંગી, આ કેવું?"

**ગુરુજી:** "તમારો પ્રશ્ન વ્યાજબી છે. કોઈ વ્યક્તિ પોતાના ઘરે રોજ એકાસણાં, આયંબિલ કરતા હોય અને પાલીતાણા જઈને છૂટું વાપરે તો પ્રશ્ન થાય કે ત્રણ જગતમાં આવું તીર્થ નથી. ત્યાં આવીને છૂટું કરે છે અને ઘરે રોજ આયંબિલ એકાસણાં કરે છે. એમ ૧૫૦૦ તાપસમુનિઓને ગૌતમ સ્વામી ગુરુ મળ્યા પછી જે તત્ત્વ ગુરુ પાસે સાંભળ્યું ત્યારે લાગ્યું કે અલૌકિક તત્ત્વ મળ્યું છે. શરીર કૃશ થઈ ગયેલું છે. આવા ગુરુ પાસેથી તત્ત્વ પામવું છે અને શરીરને ટકાવવું હશે તો વાપરવું પડશે માટે ખીર માંગે છે. બાકી રસનેન્દ્રિય લોલુપ નથી. માટે બોલ્યા પરમાન્ન...

બાકી વર્તમાન કાળની ઘટના કહું? એક યુવાને દીક્ષા લીધી. બીજા દિવસે એક નિર્દોષ મોહનથાળનો ટુકડો દાદા-ગુરુએ નૂતન દીક્ષિતના પાત્રમાં મૂક્યો. ત્યારે નૂતન દીક્ષિતે ગુરુને પ્રશ્ન કર્યો કે ગુરુદેવ, શું મેં વાપરવા માટે દીક્ષા લીધી છે? દાદા ગુરુદેવે તરત મીઠાઈનો ટુકડો લઈ

લીધો અને બોલ્યા. " શાબાશ! શાબાશ!"'"

**સભાઃ** "કોણ મહાત્મા હતા?"

**ગુરુજીઃ** "એમનું નામ આપીશ એ એમને ગમશે નહીં માટે નથી કહેતો. પણ એમના ગુરુ મહાન તપસ્વી છે. માટે એમના જીવનમાં આ ગુણ આવ્યો. વર્તમાનકાળના નૂતન દીક્ષિત મીઠાઈ છોડી શકે તો શું પંદરસો તાપસ મુનિ ન છોડી શકે? શરીર તપના કારણે કૃશ થઈ ગયું છે, સદ્‌ગુરુ પાસેથી તત્ત્વ પામવા માટે શરીર ટકાવવું જરૂરી હતું માટે ખીર મંગાવી છે.

ગૌતમસ્વામી એક પાત્રમાં એકનું પેટ ભરાય તેટલી ખીર લાવ્યા. પછી બધાને કહ્યું, 'હે! મહર્ષિઓ ! સૌ બેસી જાવ અને ખીરથી પારણું કરો.' સર્વેના મનમાં થયું કે આટલી ખીરથી શું થશે ? તથાપિ આપણા ગુરુની આજ્ઞા આપણે માનવી જોઈએ. એવું વિચારી બધાં એક સાથે બેસી ગયા.

ગૌતમસ્વામીએ અક્ષીણ મહાનસ લબ્ધિવડે તે સર્વેને પારણું કરાવ્યું.આપણા પુણ્યોદયથી જગદ્‌ગુરુ શ્રી વીર પરમાત્મા આપણને ધર્મગુરુ તરીકે પ્રાપ્ત થયા છે. તેમજ પિતાતુલ્ય બોધ કરનાર આવા મુનિ મળવા એ પણ બહુ દુર્લભ છે. માટે આપણે સર્વથા પુણ્યવાન છીએ. આ પ્રમાણે ભાવના ભાવતાં સેવાળ વગેરે પાંચસો તાપસોને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દત્ત વગેરે પાંચસો તાપસોને દૂરથી પ્રભુના પ્રતિહાર્ય જોતાં ઉજ્જવળ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેમજ કોડિન્ય વગેરે પાંચસોને દૂરથી ભગવાનનાં દર્શન થતાં કેવલજ્ઞાન મળ્યું."

**સભાઃ** "પાંચસો તાપસને ખીર વાપરતાં કેવલજ્ઞાન થયું. જ્યારે અમને તે ખીર ઉપર દ્વેષ થાય છે."

**ગુરુજીઃ** "કેમ ?"

**સભાઃ** "મારવાડીઓ ભાત વાપરતા નથી. પણ ભાતનો જેટલો સ્ટોક

બચાવ્યો હોય, એ બધા સ્ટોક ખીર બનાવે એમાં પૂરો કરી નાખે છે. ખીરમાં ભાત સિવાય કાંઇ હોતું નથી. મારવાડીઓની ખીર અમને ઉપર દ્વેષ છે.

**ગુરુજી:** "ભલું થાઓ તમારું !"

પંદરસો તાપસમાં જેવી યોગ્યતા છે તેવી જ યોગ્યતા તામલી તાપસમાં છે. પણ તામલી તાપસને સદ્ગુરુ યોગ નથી તેથી લોંગ લાઈફ મિથ્યાત્વ અવસ્થામાં જ રહ્યા."

**સભા:** "તામલી તાપસમાં સરખી જ યોગ્યતાનું પ્રમાણ શું?"

**ગુરુજી:** "મૃત્યુ પામ્યા પછી ઇન્દ્ર થતાં, રત્નના શાસ્ત્ર વાંચતા સમ્યગ્દર્શન પામ્યા એની ઉપરથી લાગે છે જો સદ્ગુરુનો યોગ થયો હોત તો મનુષ્યભવમાં પણ સમ્યગ્દર્શન પામી કદાચ આગળનો વિકાસ પણ કરી શકત. વિચારવા જેવું છે કે આટઆટલી યોગ્યતા પછી પણ સદ્ગુરુ ન મળે તેવું બને છે."

**સભા:** "તામલી તાપસને રત્નોના શાસ્ત્ર વાંચતાં એવો શું બોધ થયો હશે કે સમ્યગ્દર્શન પામી ગયા?"

**ગુરુજી:** "સમિતિગુપ્તિનું જ્ઞાન, વાંચતા લાયક જીવ છે માટે સમ્યગ્દર્શન પામી ગયા હશે. દા.ત. સંન્યાસી લાકડાંની વસ્તુમાં વાપરે છે તેને કમંડળ કહે છે અને સાધુ ભગવંત લાકડાંના વસ્તુમાં વાપરે છે તેને પાતરા કહે છે. ઉપલક નજરથી બન્નેમાં ખાલી નામ અલગ છે એવું જેને સમિતિનું જ્ઞાન નથી એને લાગશે બાકી કોઇ ફરક નહીં લાગે.

સાધુની પાત્રા વાપરવાની વિધિ નિરવદ્ય હશે. પાતરાને હાથ લગાડવો હશે તો પણ પૂંજીને લેશે, પૂંજીને મૂકશે, વાપરવામાં જે પાત્રા વાપરશે એને કપડાંથી સાફ કરશે. એ કપડાને પરિમિત જલથી સ્વચ્છ કરશે. એ જલને નિરવદ્ય સ્થાને પરઠવી દેશે. એ કપડું એવી રીતે સૂકાવશે કે બે ઘડી પહેલાં સૂકાઇ જાય. નાહક વાયુકાયની હિંસા ન થાય એનું ધ્યાન

રાખશે. આ પાતરાને દિવસમાં બે વાર પડિલેહણ કરશે. સાંજે પાત્રાને બાંધીને મૂકી દેશે જેથી કોઈ જીવ મરી ન જાય.

આ પાતરા બાંધવાની વિધિ પણ નિરવદ્ય. સર્વત્ર જીવદયા હશે. જેની પાસે સમિતિનું જ્ઞાન નથી તેને માત્ર કમંડળ અને પાતરા વચ્ચે નામ ભેદ લાગશે. તામલી તાપસ સમિતિ ગુપ્તિનું વર્ણન વાંચતા સમ્યગ્દર્શન પામી ગયા હોય. અથવા ભગવાન કોને કહેવાય એ વાંચતાં સાંભળતા સમ્યગ્દર્શન પામી ગયા હોય.

તીર્થંકરનું વર્ણન વાંચો એમાં તમને એક વિકાર નહીં દેખાય જ્યારે અજ્ઞાની વ્યક્તિ ભગવાનના સ્વરૂપનું એવુ વર્ણન કરે કે જે વાંચતા વિચાર આવે કે ભગવાનને ગુસ્સો કરવાનો હોય? ત્રીજું નેત્ર ખોલવું પડ્યું એટલે શું? ભગવાન નાચતા હોય એવું વર્ણન વાંચતા થાય કે નૃત્ય એ તો વિકાર છે. વિકાર તો સંસારી એવા મને પણ સારો નથી લાગતો તો ભગવાનમાં વિકાર હોય? તમારી અંદર વિકાર હોય તો જ તમે નાચી શકો."

**સભાઃ** "પ્રશસ્ત નૃત્યમાં પણ વિકાર હોય?"

**ગુરૂજીઃ** "ચાહે પ્રશસ્ત નૃત્ય હોય કે અપ્રશસ્ત નૃત્ય હોય પણ નૃત્ય વિકાર વિના ન જ થઇ શકે.

**પૂર્ણ વ્યક્તિના સ્વરૂપનું વર્ણન કરો એમાં વિકાર બતાવો એટલે તરત સમ્યગ્દૃષ્ટિના કમ્પ્યુટરમાં એરર આવશે...**

...વિશેષ વાતો અવસરે...

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંતલબ્ધિનિધાન-ગૌતમસ્વામિને નમઃ॥

## પડાવ : ૧૧

## જળ ભરી સંપુટ પત્રમાં,યુગલીક નર પૂંજત
## ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંતઃ

ભવનો અંત લાવવા માટે આપણે પ્રાર્થના સૂત્રની વિચારણા કરી રહ્યા છીએ. એમાં આપણે સુહગુરુજોગો સુધી પહોંચ્યા છીએ.

આપણા જીવનમાં સદ્ગુરુના મુખ્ય બે રોલ છે.

૧. પ્રતિબોધ  ૨. અનુશાસન

પ્રતિબોધઃ- પ્રતિ=ઊલટું, બોધ=જ્ઞાન

આપણને જે જ્ઞાન છે એ જ્ઞાનથી ઊલટું જ્ઞાન આપવું એનું નામ પ્રતિબોધ.

**સભાઃ** "ઉદાહરણથી સમજાવો ને?"

**ગુરુજીઃ** "એક યુવાનને યુવતી ગમી ગઇ છે. એકપક્ષી પ્રેમ છે. એ યુવતી જે કોલેજમાં ભણતી હશે ત્યાં એડમિશન લેવાનો પ્લાન કરશે. એના જ ક્લાસમાં તથા એની જ બાજુમાં બેસવાની ટ્રાય કરશે. એની સાથે વાત કરવાની ટ્રાય કરશે. યુવતી જ્યાંથી પસાર થતી હશે ત્યાં ઊભો રહેશે.

**સભાઃ** "પ્રેમ થાય તો ત્રણ કલાક બસ સ્ટૉપ પર ઊભો રહે."

**ગુરુજીઃ** "યુવતીના ઘરની આજુબાજુ આંટા મારવાની કોશિશ કરશે. યુવતીની બહેનપણીઓ સાથે મિત્રતા કરવાની કોશિશ કરશે.

પરંતુ એ યુવતી અત્યંત સંસ્કારી છે. એની સગાઈ અન્ય યુવક સાથે થઇ ગઇ છે. એ યુવક રામ જેવો સંસ્કારી છે અને આ યુવતી સીતા જેવી સતી છે. એને પેલા રોમિયો ઉપર કોઇ પ્રેમ-લાગણી નથી. આ રોમિયો યુવતીના નામના જાપ કર્યા જ કરે છે. આવા યુવકને તમે શું સમજાવશો?"

**સભાઃ** "આ વન સાઇડ અફેર છે. તું આખી જિંદગી માથા પટકીને મરી જઇશ તો પણ તે યુવતી તારી નહીં થાય."

**ગુરુજીઃ** "યુવક કહે મારાથી ભૂલાતું નથી. હું આપઘાત કરી નાખીશ."

**સભાઃ** "થોડા દિવસમાં બધું ભૂલાઇ જશે. તને તારી પોતાની વાત ઉપર હસવું આવશે. રાવણને પણ એકપક્ષી પ્રેમના કારણે મરવું પડ્યું. તું સમજી જા.. ગાંડો થા મા."

**ગુરુજીઃ** "બસ સદ્ગુરુ તમને આ જ વાત સમજાવવા માંગે છે કે તમારો વન સાઈડ અફેર છે. તું માને છે કે ઘર મારું છે. તું મરી જઈશ. ઘરને કાંઈ નહીં થાય. અને ઘર તૂટી જશે તો તું તૂટી જઇશ, કારણકે તને એક પક્ષી પ્રેમ છે. તને પુદ્ગલ ઉપર ભરોસો છે કે, આ મારું છે. પણ તારી આ ભરોસાની ભેંસ પાડો જણશે.

તમારી જે પુદ્ગલ પર શ્રદ્ધા હતી કે આ પુદ્ગલ મારો મિત્ર છે. તારણહાર, ભગવાન લાગે છે. એ બધી તારી અણસમજ છે. એ અણસમજને દૂર કરવી એનું નામ જ પ્રતિબોધ.

આજ સુધી પુદ્ગલ તરણતારણહાર લાગતું હતું એ બુદ્ધિથી ઊલટી બુદ્ધિ આપવી એ જ પ્રતિબોધ. અર્થાત પુદ્ગલમાં સુખની બુદ્ધિ હતી. વાસ્તવમાં સુખની બુદ્ધિ આત્મામાં છે. એનો અહેસાસ સદ્ગુરુ કરાવશે. સુખ-દુઃખના ફંડા ક્લિયર કરાવશે.

જગતમાં મેલેરીયા, સ્વાઈનફ્લુ, ટાઈફોઈડ વગેરે બધા રોગોની દવા છે. ડૉક્ટર રોગ મુજબ દવા આપે એમ સદ્ગુરુ ભાવરોગનાં સ્પેશ્યાલીસ્ટ છે, ડૉક્ટર છે. જેવો દર્દી એ પ્રમાણે દવા આપે.

સિદ્ધર્ષિ ગણી રાત્રે ઉપાશ્રયમાં આવ્યા ત્યારે સદ્ગુરુ એ સર્વવિરતિની ટેબલેટ આપી.

ભીલ-ભીલડીને જંગલમાં સદ્‌ગુરુનો યોગ થયો. પ્રથમ દ્રવ્યથી દેશવિરતિનો ઉપદેશ **આપ્યો**. (સમ્યગ્‌દર્શનની વાત ન કરી).

દેશ-વિરતિના પાલનથી ધર્મ પામ્યા."

**સભાઃ** "દેશ-વિરતિમાં શું બાધા આપી?"

**ગુરૂજીઃ** "મહિનામાં એક દિવસ હિંસા ન કરવી. એક દિવસ હિંસા બંધ કરાવીને અહિંસામાં ઉપાદેય બુદ્ધિ કરાવીને ભીલ, ભીલડીને દેશ-વિરતિની ટેબલેટ આપીને પ્રતિબોધ કર્યા.

ભગવાન ચંડકૌશિક સર્પ માટે સ્પેશિયલ ગયા અને બુજ્ઝ-બુજ્ઝ ચંડકોશિયા કહ્યું. જ્યારે ગોશાળો ભગવાનના શિષ્ય તરીકે બધે પોતાને ઓળખાવે છે. ૭ વર્ષ સુધી સાથે રહ્યો છે. છતાં ગોશાળાની ઉપેક્ષા કરી. અંત સમયે લાગ્યું કે ધર્મ પામશે. તેથી ગૌતમ સ્વામીને પ્રતિબોધ કરવા મૂક્યા અને બની શકે એટલા કઠોર વચનોથી પ્રતિબોધ કરવા જણાવ્યું. ચંડકૌશિકે ડંખ માર્યો છતાં ત્યાં ક્યાંય કઠોરતા નહીં અને ગોશાળાને પ્રતિબોધમાં કઠોરતાનો ઉપયોગ કરાવ્યો.

અર્હત્તદત્તને મેથીપાક આપવા જેવો લાગ્યો તો સદ્‌ગુરુએ હાડકાં ઊતારી નાંખ્યા અને પ્રતિબોધ કર્યો.

વંકચૂલને એના જીવનમાં બનનાર ઘટનાના આધારે બોધ આપી પ્રતિબોધ કર્યો.

અનાથિ મુનિએ શ્રેણિક મહારાજાને સમ્યગ્‌દર્શનની ટેબલેટ આપવા દ્વારા પ્રતિબોધ કર્યો.

ચિલાતીપુત્રના એક હાથમાં સુષ્માનુ માથુ છે. બીજા હાથમાં લોહીવાળી તલવાર છે. આવી હાલતમાં ગુરુને કહે છે કે, મને ધર્મ કહો અને ગુરુએ ઉપશમ-વિવેક-સંવર ત્રણ શબ્દો રૂપી ટેબલેટ ચિલાતીકુમારને આપીને તેનું હિત કર્યું."

**સભાઃ** "આવી હાલતમાં આપને પૂછ્યું હોત તો આપ શું કહેત?"

**ગુરુજીઃ** "મારી સામે મરેલી ચકલી પડી હોય તો પણ હું જોઈ શક્તો નથી, તો મનુષ્યનું મર્ડર કરેલું માથું લઈને, હાથમાં ખુલ્લી તલવાર સાથે મને કહે કે, ધર્મ કહો તો હું તો ભાગી જ જાઉં. આને ધર્મ પમાડવા ગયા તો આપણા બાર વાગી જાય. આવા કેસને હેન્ડલ કરવાની મારી ભૂમિકા નથી. દવા બધી સારી હોય પણ ક્યાં દર્દીને કઇ દવા દેવી એનું જ્ઞાન હોવું જરૂરી છે.

શ્રીપતિ શ્રેષ્ઠીને કમળ નામનો પુત્ર હતો. તે ધર્મથી પરાઙ્મુખ અને સાતે વ્યસનમાં તત્પર હતો. પિતાએ એકવાર તેની આગળ ધર્મની વાત કરી તે સાંભળી કમળ બોલ્યો કે હે પિતા! જીવ ક્યાં છે? સ્વર્ગ ક્યાં છે? મોક્ષ ક્યાં છે ? આ બધું તો આકાશને આલિંગન કરવા જેવું અને ઘોડાના શીંગડા જેવું કેવળ અસત્ય જ છે. તપ-સંયમ વગેરે ક્રિયાઓની તમે પ્રશંસા કરો છો. પણ એ તો કેવળ અજ્ઞાની મનુષ્યોને છેતરવા માટે જ કહેલ છે.

પિતાજી એક વખત કમળને વ્યાખ્યાનમાં લઈ ગયા. પ્રવચન બાદ પૂછ્યું. સમજાયું? તો બોલ્યો, ગુરુના કંઠમાં રહેલી ગાંઠ બોલતી વખતે ૧૦૮ વાર ઊંચી-નીચી થઇ તે મેં ગણી પણ જ્યારે ગુરુ ફાસ્ટ શબ્દ બોલ્યા ત્યારે ગણાઈ નથી.

બીજીવાર અન્ય ગુરુભગવંતના વ્યાખ્યાનમાં લઇ ગયા. પ્રવચન બાદ પૂછ્યું. સમજાયું? ત્યારે કમળ બોલ્યો. ગુરુની પાટ નીચે કાણું છે. તે દરમાં કેટલી કીડી અંદર ગઈ અને કેટલી કીડી બહાર આવી તે ગણી.

સમજી શકો છો કે આ જીવ નાસ્તિક, સપ્તવ્યસની છે છતાં એકવાર એ નગરમાં સૂરિ ભગવંત પધાર્યા. શ્રીપતિ શ્રેષ્ઠીએ કમળની સ્થિતી જણાવી તેને પ્રતિબોધની વિનંતી કરી. સૂરિ ભગવંતે કમળને પૂછ્યું હે વત્સ! તું કામશાસ્ત્ર જાણે છે ? કમળે કહ્યું કે, હું શું જાણું? આપ જ તેનો કાંઇ સાર હોય તે કહો. સૂરિ બોલ્યા, હે કમળ! સાંભળ, સ્ત્રીઓ ચાર પ્રકારની

હોય છે : પદ્મિની, હસ્તિની, ચિત્રણી અને શંખિની. તેમાં પદ્મિની સ્ત્રી ઉત્તમ હોય છે. પછી પછીની સ્ત્રીઓ ઉતરતી હોય છે.

આચાર્ય ભગવંતે કમળને એક દિવસ પદ્મિની સ્ત્રીની માહિતી આપી. એ પ્રમાણે વાતોમાં રસ પડવાથી કમળ હંમેશા સૂરિ ભગવંત પાસે જવા આવવા લાગ્યો અને કોઈ વખત શૃંગારનું, કોઈવાર ઈન્દ્રજાળનું, કોઈવાર બીજું વર્ણન સાંભળીને, ગુરુ પર રાગી થયો. એમ કરતાં માસકલ્પ પૂર્ણ થયો. ત્યારે વિહાર કરતી વેળાએ સૂરિજીએ તેને કહ્યું કે, હે કમળ ! હવે અમે વિહાર કરીએ છીએ તેથી અમારા સમાગમના સ્મરણ માટે તું કાંઈક નિયમ ગ્રહણ કર. તે સાંભળી હાસ્ય પર પ્રીતિવાળો કમળ હાંસી કરતો બોલ્યો કે, હે પૂજ્ય! મારે ઘણા નિયમો છે, તે આપ સાંભળો. ૧) મારી ઈચ્છાથી કોઈ વખત મરવું નહીં. ૨) નળિયા, ઈંટ વગેરે ખાવા નહીં. ૩) દૂધમાં થોરનું દૂધ પીવું નહીં. ૪) આખું નાળિયેર મુખમાં નાંખવું નહીં વગેરે ઘણા નિયમો મારે છે.

ઉપહાસવાળા કમળનાં વચનો સાંભળી સૂરિજી બોલ્યા, " અરે કમળ ! અમારી સાથે પણ હાસ્ય કરવાથી અનેક ભવ ઉપાર્જન થાય છે. અત્યારે હાસ્યનો વખત નથી માટે કોઈ પણ નિયમ લે. તે સાંભળીને કમળ જરા લજ્જા પામીને બોલ્યો કે, - મારા પડોશમાં એક વૃદ્ધ કુંભાર રહે છે. તેના માથાની ટાલ જોયા પછી જ મારે ખાવું. તે વિના મારે ખાવું નહીં. એ નિયમ આપો. ગુરૂએ લાભ જોઈને નિયમ આપ્યો.

એક વખત કમળ કોઇ કામથી રાજદરબારમાં ગયો હતો. કામમાં અને કામમાં મધ્યાહ્ન થઇ ગયો. તેથી જમવાનું ઘણું મોડું થયું. પછી ઘરે આવીને તે જમવા બેસે છે. તેટલામાં તેની માતાએ તેને નિયમ યાદ કરાવ્યો કે તારે કુંભારની ટાલ જોવાની બાકી છે. કુંભાર માટી લેવા ગામની બહાર ગયો હતો. તેથી કમળ પણ ગામ બહાર ગયો. દૂરથી એક ખાડામાં વાંકો

વળીને માટી ખોદતાં કુંભારની ટાલ જોઈને 'એ જોઈ, જોઈ' એમ કમળ જોરથી બોલ્યો. તે વખતે કુંભારને માટી ખોદતાં સોનામહોરનો નિધિ પ્રાપ્ત થયો હતો. કમળ જોઈ ગયો લાગે છે તેથી જો તે રાજાને કહેશે તો રાજા સર્વ નિધિ લઈ જશે. એવી શંકા થવાથી કુંભારે કમળને કહ્યું કે, "અલ્યા કમળ ! અહીં આવ. અર્ધો ભાગ તારો." છતાં કમળ બોલ્યો, "જોઇ જોઇ" તેથી કુંભારે કહ્યું કે બધું તું લઈ જા પણ તાણીને બોલ બોલ ના કર. તે સાંભળીને કમળને કાંઈક શંકા થવાથી તેની પાસે ગયો અને નિધિ જોયો. તેથી વિચારવા લાગ્યો કે હાંસીથી લીધેલા એક નાના નિયમથી પણ મને આવો મોટો લાભ થયો. તો દૃઢ શ્રદ્ધાથી ધર્મ કર્યો હોત તો કેટલો મોટો લાભ થાત?

ગુરુ મ.સા. એ નાસ્તિક, સપ્તવ્યસનીને ૧૨ વ્રતધારી શ્રાવક બનાવ્યો. તેથી ટીચર્સ + ટેકનોલોજી= ટોપર્સ. સંવિજ્ઞ ગીતાર્થ ગુરુ હોય અને ભગવાને બતાવેલું બાધાઓનું વ્યવહાર નયનું માળખું હોય તો વ્યક્તિ ટોપ ઉપર પહોંચે.

**સભા:** "સંગીતમાં ક્યો રાગ ક્યારે ગવાય એનું પણ જ્ઞાન જરૂરી છે. દા.ત. ભૈરવ રાગ સવારે પ્રથમ પ્રહરમાં જ ગવાય. જ્યારે ભૈરવી રાગ ગમે ત્યારે ગવાય. પણ પ્રસંગના સમાપનમાં જ ગવાય. દરબારી રાગ મધ્યરાત્રિએ, જ્યારે માલકૌંસ રાગ રાત્રે ૧૨ થી ૩ માં ગવાય. તો એની ઇફેક્ટ આપે. સંગીતના રાગ ગાવામાં કેટલું ધ્યાન રાખવું પડે. તો કોઈનું હિત કરવામાં અગાધ જ્ઞાન જોઈએ. આપની વાત સાચી છે."

ગુરુએ ખાસ જોવું પડે કે સામેવાળા વ્યક્તિની ભૂમિકા કઈ છે. એની માન્યતા શું છે? જેનામાં સમ્યગ્દર્શનના સાંસા હોય એને સમ્યગ્દર્શન પમાડવું પડે. લાગે કે જીવ દ્રવ્યથી દેશવિરતિ પાળીને સમ્યગ્દર્શન તથા દેશવિરતિ પામી શકે એમ છે તો એને પહેલા દ્રવ્યથી દેશવિરતિ પમાડશે. દેશવિરતિના પાલન દ્વારા ભાવથી સમ્યગ્દર્શન તથા

ભાવથી દેશવિરતિ પમાડશે. જેમ ભીલ-ભીલડીને દેશ-વિરતિ પમાડી.

જે દીક્ષા લઇ શક્તો હોય એવા જીવને ભાઈ તું રોજ એક સામાયિક કરને! કેટલો લાભ થાય. એને સામાયિક કરતો કરે તો દોષ લાગે. એને પહેલાં દીક્ષા જ બતાવવી જોઈએ. હવે કોઇના મનમાં ધૂન ચઢી જાય કે દીક્ષા જ સૌથી ઊંચો ધર્મ છે. તેથી જે આવે તેને એક જ ગીત ગાયા કરે કે બાબલાને દીક્ષા ક્યારે આપો છો? તમારે હજી કેટલું સંસારમાં રહેવું છે? આવું ન બોલાય. સામેનું પાત્ર ધર્મ માટે શું અભિગમ રાખે છે તે જાણવું પડે. આડેધડ બોલ્યા કરો તો સાચી વાત કહેવામાં પણ દોષ લાગી શકે. ધર્મમાં માનતો નથી એવા જીવને તમે કહો કે બાબલાને દીક્ષા આપ. તો એ જીવ સમજશે કે અહીં તો બધાને ચેલા જોઈએ છે. સંસારી જીવને સૌથી વહાલી ચીજ પોતાના સંતાનો હોય અને એ સંતાનોને તમે આવતાવેંત માંગવા માંડો તે કેમ ચાલે?"

**સભા:** " શાસ્ત્રમાં એવું ઉદાહરણ ખરું કે ભૂમિકા જાણ્યા વગર ઉપદેશ આપ્યો હોય... અને ચૂક થઇ ગઇ હોય...?"

**ગુરૂજી:** "હા, એક અજૈન રાજા ધર્મ તરફ લગાવ હોવાથી દરેક ધર્મના સંન્યાસીને રાજ દરબારમાં બોલાવીને ધર્મનું શ્રવણ કરતો હતો. એમાં એક ગુરુ ભગવંત ત્યાં પધાર્યા અને રાજાની ભૂમિકા, લાયકાતના વિચાર વગર જ સીધું શુદ્ધ દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ કહ્યું, જેમાં સ્પષ્ટ ફલિત થતું હતું કે, અરિહંત, જૈન સાધુ અને જૈનોના ધર્મ સિવાય બીજું બધું ખોટું છે. રાજા ગુણીયલ હતો. બધું સાંભળ્યું પણ એના મનમાં ઊલટી છાપ પડી કે આ સાધુ અન્યની નિંદા કરે છે. સાધુની મર્યાદા જાળવી, માટે કશું બોલ્યા નહીં પણ છાપ ઊલટી પડી.

ગુરુ ભગવંતને પણ ટ્યૂબલાઈટ તો થઇ કે, બફાઈ ગયું છે. બીજા ગીતાર્થ ગુરુ મળ્યા. એમને વાત કરી તો એમણે કહ્યું કે આ ભૂલ કહેવાય.

હું તે જ પ્રદેશમાં વિહાર કરું છું. કદાચ રાજા મને બોલાવશે તો તમારી ભૂલને રીપેર કરવાની કોશિશ કરીશ.

બીજા ગુરુભગવંત વિહાર કરતા એ જ રાજ્યમાં ગયા અને રાજાએ ધર્મ શ્રવણ કરાવવા માટે રાજ દરબારમાં આમંત્રણ આપ્યું. ગુરુભગવંત રાજ દરબારમાં ગયા અને રાજાએ પૂછ્યું, 'ધર્મ કોને કહેવાય ?' એમણે જે જે દર્શનો જેને જેને ધર્મ માને છે તે બતાવ્યું. રાજાએ પૂછ્યું આમાં સાચો ધર્મ કયો? ગુરુજીએ કહ્યું તું જ અભ્યાસ કરીને તટસ્થતાથી નિર્ણય કર.... રાજા ધર્મ પામ્યો."

**સભા:** "દીક્ષા આપી હોય ત્યારે લાયક હોય અને પછી લાયકાત ચાલી જાય તો શું કરવાનું?"

**ગુરૂજી:** "આગમમાં ૫૦૦ શિષ્યોની વાત આવે છે. ગુરુભગવંત પૃથ્વીને પાવન કરી રહ્યા છે. વિહાર કરતાં સાઇડમાં ચંદ્રપ્રભ સ્વામીનું તીર્થ આવતું હોવાથી ગુરુભગવંતને વિનંતી કરી કે અમારે ચંદ્રપ્રભ સ્વામીજીનાં તીર્થનાં દર્શન કરવા જવું છે.ગુરુભગવંતે કહ્યું કે આપણે સંયમ યાત્રા મહત્વની છે, તીર્થયાત્રા નહીં. સંયમયાત્રા કરતાં વચ્ચે તીર્થયાત્રા આવશે ત્યારે દર્શન કરશું પણ શિષ્યોને તીર્થયાત્રાની ધૂન માથામાં સવાર થઈ. બધાએ ભેગાં થઈને નિર્ણય કર્યો. ગુરુ ભલે ના પાડતા, આપણે તો જાત્રા કરશું અને જાત્રા કરવા માટે ગુરુને અંધારામાં રાખી બધાએ વિહાર કર્યો. ગુરુને ખબર પડી કે શિષ્યોએ જાત્રા માટે વિહાર કર્યો છે. **ગુરુ એકાંતમાં બેઠા અને વિચારવા લાગ્યા કે હું ભગવાનની જે આજ્ઞા છે તે જ કહું છે. છતાં મારા શિષ્યો ભગવાનની આજ્ઞા કેમ નથી માનતા ? કદાચ મેં જીવનમાં ક્યાંક ભગવાનની આજ્ઞાઓ ઉત્થાપી છે તેથી નથી માનતા. આવું વિચારી ગુરુએ પોતાનું સેલ્ફ ઓબ્ઝર્વેશન ચાલુ કર્યું. પોતાના જીવનમાં તટસ્થતાથી જોતાં એમને પોતાના જીવનમાં ભૂલ દેખાઈ નહીં.**

તેથી વિચારે છે કે આ શિષ્યો અયોગ્ય છે. તેથી દીક્ષા ઊતારી લેવી જોઇએ. તેથી ગુરુ ઓઘો પાછો લેવા માટે શિષ્યો પાછળ ગયા. શિષ્યો ગુરુને આવતાં જોઈને ભાગ્યા. પાછળ ગુરુ, આગળ શિષ્યો-પકડાપકડી ચાલુ થઇ. એમાં એક શિષ્ય હાથમાં આવી ગયો. ગુરુ એને સમજાવે છે કે તે આ પૃથ્વીકાયાદિની વિરાધના માટે દીક્ષા લીધી છે? ત્યાં જ સિંહ આવી ગયો. ગુરૂ-શિષ્ય સમજી ગયા કે હવે બચવું અઘરું છે તેથી અંતિમ આરાધનામાં લાગ્યા. શિષ્યને પણ પસ્તાવો થયો કે, મારાથી ભૂલ થઈ ગઇ. આ પ્રમાણે અંતિમ આરાધના કરતાં સિંહ બંનેને ખાઈ ગયો. કાળ કરીને બંનેની સદ્‌ગતિ થઈ. કલ્યાણ થયું અને ૪૯૯ શિષ્યોએ યાત્રા કરીને સંસારમાં પરિભ્રમણ કર્યું.

મૂળવાત, યોગ્યતા નાશ પામે તો દીક્ષા પણ છોડાવવી પડે."

**સભાઃ** "જાત્રા કરવાનું મન થાય તો દીક્ષા છોડી દેવાની, આમાં વધારે પડતું નથી?"

**ગુરુજીઃ** "આર્ય! તારી વાત સાચી છે. પણ, અહીં ગુરુ તરીકે કોણ છે? તે જોવું પડે. અહીં જે આચાર્યભગવંત ગુરુ તરીકે છે તે ભાવાચાર્ય છે. એમના જીવનમાં એવી કોઈ ખામી નથી કે એમના શિષ્યો એમનામાંથી ખોટું કરતાં શીખ્યા હોય. ભાવાચાર્ય એ તીર્થંકરતુલ્ય છે. આવા આચાર્ય ભગવંતને અયોગ્યતા લાગતાં આવું હાર્ડ સ્ટેપ લીધું હોઈ શકે.... ભગવાન મહાવીર ચંડકૌશિક સર્પને પ્રતિબોધ કરવા ડંખ ખાય છે. ૧૫ દિવસ ત્યાં ઊભા રહે છે. અને ગોશાળો પોતાને ભગવાનનો શિષ્ય જ માને છે. સાથે જ વિચરે છે છતાં ઉપેક્ષા કરે છે અને ચંડકૌશિક જેવા દૃષ્ટિવિષ સર્પને બોધ પમાડે છે. લાયકાત, ગેરલાયકાત જોવી પડે."

**સભાઃ** "આપના શિષ્યો આ રીતે યાત્રા કરવાનું કહે તો આપ દીક્ષા ઊતારી નાખો? અથવા શું સ્ટેપ લો?"

**ગુરૂજી:** "કદાચ મારા ૫-૭ શિષ્યો થઈ ગયા. એમને એવી ઈચ્છા થઈ કે અમારે પાલીતાણા યાત્રા કરવા જવું છે. મેં સમજાવ્યું કે જ્યારે અવસર આવશે ત્યારે જઈશું. હાલ સંયમ આરાધના કરો. છતાં શિષ્યો ન માન્યા તો હું ઉપરોક્ત આચાર્ય મ.સા. જેવું સ્ટેપ ન લઈ શકું."

**સભા:** " કેમ?"

**ગુરૂજી:** "કારણ કે મારા ખુદના જીવનમાં કેટલાય પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ પ્રવૃત્તિઓ મારા શિષ્યોએ જોઈ છે. દા.ત. મેં વગર કારણે પણ સૂર્યોદય પહેલા વિહાર કર્યો છે. વગર કારણે કે સામાન્ય કારણે આધાકર્મી ગોચરી વાપરી છે. મેં નવકલ્પી વિહારની મર્યાદા વગર કારણે તોડી છે. આવી અનેકાનેક ભગવાનની આજ્ઞા વિરુદ્ધની પ્રવૃત્તિ મારા જીવનમાં શિષ્યોએ જોઇ છે. હવે મારું જીવન ખામીવાળું છે અને હું પરમાત્માની આજ્ઞાની શેખી મારું તો શિષ્યોને ડાયજેસ્ટ નહીં થાય.

ઉપરોક્ત આચાર્ય ભગવંતે સેલ્ફ ઓબ્ઝર્વેશન તટસ્થતાપૂર્વક કર્યું. એમને એમના જીવનમાં એક ખામી દેખાઈ નથી કે મારા શિષ્યો મારી અર્થાત્ ભગવાનની આજ્ઞા મુજબની મારી વાત ન માને. જ્યારે મારા જીવનમાં આવું કશું નથી. તેથી મારાથી દીક્ષા ઉતારો એવું ન કહી શકાય. લાભાલાભ વિચારીને કદાચ યાત્રા પણ કરાવવી પડે. આ બધું સંવિજ્ઞગીતાર્થ નક્કી કરી આપે અને તે પ્રમાણે સ્ટેપ લેવા પડે. આપણી બુદ્ધિ પ્રમાણે ન ચલાય.

ટોપલેવલના ગુરુમાં તીર્થંકર પરમાત્માનો સમાવેશ થાય પછી ગણધર ભગવંતોનો સમાવેશ થાય.

**સભા:** "અમારા એવા મોઢાં નથી કે પરમાત્મા કે ગણધર ભગવંત ગુરુ તરીકે મળે."

**ગુરુજી:** "તેથી અત્યંત ડીપ્રેશ થઇ જવાની પણ જરૂર નથી. ભલે

ચૌદપૂર્વધર, દસપૂર્વધર વગેરે વિશિષ્ટ જ્ઞાની ગુરુ પણ તમને મળ્યા નથી. છતાં સંવિગ્ન-ગીતાર્થ ગુરુ આજે પણ હાજર છે.''

**સભા:** ''પંચ મહાવ્રતધારી ગુરુપદમાં ન આવે?''

**ગુરુજી:** ''પંચ મહાવ્રતધારી ગુરુપદમાં જ છે પરંતુ એ સંવિજ્ઞ-ગીતાર્થ ન હોય તો તે માર્ગદર્શક ગુરુ ન બની શકે.

**સભા:** ''ગૃહસ્થ ગુરુ હોઈ શકે?''

**ગુરુજી:** ''ગૃહસ્થ બહુશ્રુત હોય અને તમારા જીવનમાં ધર્મની પ્રેરણાદિ આપ્યા હોય તો તે કલ્યાણમિત્ર કહેવાય. પણ ગુરુ ન કહેવાય. ગુરુપદ માટે તો એટલિસ્ટ પંચમહાવ્રતધારી જોઈએ.''

**સભા:** ''આજે તો ગૃહસ્થો ગુરુ તરીકે પૂજાય છે.''

**ગુરુજી:** ''અસંયતની પૂજા-એ અચ્છેરું છે. ૯મા- ૧૦મા ભગવાનના વચ્ચેના કાળમાં ગૃહસ્થો ગુરુ તરીકે પૂજાય તે અચ્છેરું ગણાયું છે.''

**સભા:** ''આપે કહ્યું કે, પંચમહાવ્રતધારી ગુરુપદમાં આવે પણ માર્ગદર્શક ગુરુ તો સંવિજ્ઞ-ગીતાર્થ જ બની શકે. આવું કેમ?''

**ગુરુજી:** ''ડૉક્ટર એનેસ્થેસિયા આપવામાં ચૂકી જાય તો દર્દી મરી જાય.એનેસ્થેસિયા ઓછો પણ ન અપાય, વધારે પણ ન અપાય. સંવિજ્ઞ-ગીતાર્થ જાણી શકે કે, ઉતાવળ કરવા જેવી છે કે નહીં ? દા.ત. બાહુબલી ઋષભદેવ ભગવાનનો દીકરો છે. નાનપણથી મોટો ભગવાને કર્યો છે. ભગવાને સંસ્કાર આપવામાં કાંઈ બાકી રાખ્યું નથી.''

**સભા:** ''ભગવાનના ખોળામાં જ મોટા થયા છે.''

**ગુરુજી:** ''સાચી વાત છે, છતાં બંને ભાઈનું યુદ્ધ થયું એમા ભગવાન વચ્ચે પડ્યા ? શાસ્ત્રમાં બે મતાંતર આવે છે. એમાં એકમાં લખ્યું બાર વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું કેટલા જીવોનો સંહાર થયો છતાં ભગવાને સમાચાર મોકલ્યા?''

**સભા:** ''ભગવાનને ખબર છે કે છેલ્લે દીક્ષા લેવાનો છે.''

**ગુરૂજીઃ** "છેલ્લે દીક્ષા લેવાનો છે તો હાલ દીક્ષા લે તો વાંધો છે? સંવિજ્ઞ ગીતાર્થમાં કેવી ધીરજ હોય. દીક્ષા લીધા પછી પણ ૧ વર્ષ સુધી કોઈ સમાચાર મોકલ્યા કે બાહુબલી મારી દેશના ચાલે છે. તું કેમ નથી આવતો? બહુ મોટો થઈ ગયો છે? હવે દેશનાની તારે જરૂર નથી? હું તારો પિતા છું. મને વંદન કરવામાં શું વાંધો ? મને વંદન કરીશ તો તું નાનો થઈ જઈશ? આવો એક પણ શબ્દ નથી બોલ્યા."

**સભાઃ** "૧૨ મહિના પછી કેમ સમાચાર મોકલ્યા?"

**ગુરૂજીઃ** "લોઢું તપ્યું હતું. હવે ઘા મારવો જરૂરી હતો. એટલે સમાચાર મોકલ્યા. પણ એ સમાચાર પણ એટલા જ મોકલ્યા કે...."

**સભાઃ** "શું સમાચાર મોકલ્યા ?"

**ગુરૂજીઃ** "વીરા મોરા ગજ થકી ઉતરો, ગજ ચડે કેવલ ન હોય રે."

બાહુબલી વિચારે છે. મરૂદેવા માતાને તો ગજ ઉપર કેવલજ્ઞાન થયું હતું. વળી ભગવાનના સાધ્વીજી એવા બહેન મ.સાહેબો જૂઠું પણ ન બોલે. હું ગજ ઉપર બેઠો પણ નથી. આમ વિચાર કરતાં ખબર પડી કે, ગજ ઉપર એટલે પૂર્વ દીક્ષિત કેવલજ્ઞાની ભાઈઓને વંદન ન કરવા રૂપ જે અભિમાન છે, તે જ ગજ(હાથી) છે. ઓહ આઈ સી! સત્ય સમજાયું, ડગલું ભર્યું અને કેવલજ્ઞાન થયું."

**સભાઃ** "કાશ આવા ગુરૂ મળી જાય તો કામ થઈ જાય."

**ગુરુજીઃ** "ટુ બી ફ્રેન્ક" વગર યોગ્યતાએ આવા ગુરુ મળે તો પણ કલ્યાણ ન થાય. કમઠને પાર્શ્વનાથ ભગવાન મળ્યા છતાં યોગ્યતા ન હતી તો ભગવાન તત્ત્વ સમજાવવા જાય છે તો સામે ગળે પડે છે..."

**સભાઃ** "શું ગળે પડ્યો?"

**ગુરુજીઃ** "હજારો લોક વચ્ચે ભગવાનનું અપમાન કરતાં બોલ્યો. "કમઠ કહે સુણો રાજવી ! તુમ અશ્વ ખેલાવો..." તમે રાજકુમાર છો. ઘોડા

ખેલાવવા એ તમારું કામ છે. ધર્મ-અધર્મ એ તો અમારો વિષય છે.''

**સભા:** '' ત્યારે ભગવાને શું કર્યું ?''

**ગુરુજી:** ''કમઠમાં યોગ્યતા ન હતી તેથી તેની ઉપેક્ષા કરી અને ત્યારે સેવક પાસે આગની જવાળાઓમાંથી કાષ્ઠ કઢાવ્યું અને એમાંથી સાપ કાઢીને બતાવ્યો.''

**સભા:** ''સાપ ડંખ ન મારે ?''

**ગુરૂજી:** ''સાપની પ્રકૃતિ ગુસ્સાવાળી હોય છે. પોતે અડધો બળી ગયો છે. ભયંકર દાહ છે. સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી બધી ખબર પડે છે. એક તરફ પોતે જેના કારણે બળેલો છે તે વ્યક્તિ છે. બીજી તરફ પ્રશમરસમગ્ન ભગવાન છે. ભગવાનની આકૃતિને જોયા જ કરે છે. સાપનું ઉપાદાન યોગ્ય હતું. માટે સાપને ભગવાનનો ઉપદેશ, આકૃતિ અસર કરી ગયા જ્યારે કમઠને ભગવાન દ્વેષનું કારણ બન્યા. ટૂંકમાં, યોગ્યતા હોય તો જ પરમગુરુ પણ કલ્યાણ કરી શકે. બાકી તો ભડકો જ થાય.''

**સભા:** ''સાંભળ્યું હતું કે ભગવાન તો હિત હોય તો જ પ્રવૃત્તિ કરે. અહીં કમઠનું હિત તો ન થયું ને ?''

**ગુરૂજી:** ''વાત સાચી, પણ ત્યાં હાજર હજારો લોકોનું હિત થયું.''

**સભા:** ''શું હિત થયું?''

**ગુરૂજી:** ''ઉન્માર્ગથી જે ઈમ્પ્રેસ થઈ જાત તે ન થયા. કમઠથી ઈમ્પ્રેસ હતાં માટે જ લોકો એકઠા થયાં હતાં. પછી ખબર પડી કે અધર્મ છે.''

**સભા:** ''અધર્મ શું?''

**ગુરૂજી:** ''સંન્યાસી આવી રીતે તપ કરે, તેમાં વિરાધના છે. તેથી ખોટું છે.''

**સભા:** ''શ્રાવક સાધર્મિક ભક્તિ કરે તેમાં પણ કેટલા મોટા ચૂલા વગેરે હોય છે, તો તેમાં પાપ ન લાગે ?''

**ગુરૂજીઃ** "શ્રાવક ગૃહસ્થ છે. ભૂમિકા બદલાતાં ધર્મ બદલાઈ જશે. પાર્શ્વનાથ પ્રભુ સંન્યાસી એવા કમઠને સમજાવે છે કે "આને ધર્મ ન કહેવાય."

મૂળ વાત, વારાણસી નગરીના હજારો લોકો અને સાપનું હિત થયું."

**સભાઃ** "કમઠનું હિત ન થયું ને?"

**ગુરૂજીઃ** "એકાંતે પરમગુરુથી પણ હિત થાય એવું નહીં મળે. ઈન ટોટાલીટી જોવું પડે.

એક વખત ઋષભદેવ પ્રભુ સમવસરણમાં દેશના આપી રહ્યા છે. સમવસરણના ૨૦ હજાર પગથિયાં હોય છે. ૨૦ પગથિયાંએ ૧ માળ થાય. એટલે ૧000 માળની હાઈટ ઉપર ભગવાન બિરાજમાન છે. દેશના આપી રહ્યા છે. એ દેશનામાં ભરત ચક્રવર્તી પણ આવ્યા છે. ભવ્ય જીવોથી વ્યાપ્ત એવી સભા જોઈને હર્ષ પામેલા ભરતચક્રિએ પ્રભુને પૂછ્યું, હે જગતપતિ! જાણે ત્રણ જગત એકત્ર થયા હોય એવી તિર્યંચ, નર, દેવમય સભામાં કોઈ એવો પુરુષ છે કે જે આપની પેઠે તીર્થને પ્રવર્તાવી આ ભરત ક્ષેત્રને પવિત્ર કરશે?

ત્યારે ભગવાને મરીચિનું નામ આપ્યું કે મારો પુત્ર મરીચિ આ ભરતક્ષેત્રમાં આ ચોવીસીના છેલ્લા તીર્થંકર થશે. ભરત મહારાજા સમવસરણમાંથી મરીચિ પાસે ગયા. મરીચિને વંદન કરતા ભરત મહારાજાએ કહ્યું, તમે ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ થશો. મહાવિદેહમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશો. તે તમારા વાસુદેવપણાને તથા ચક્રીપણાને હું વંદતો નથી. તેમજ તમારા આ પરિવ્રાજકપણાને હું વંદતો નથી. પણ તમે ચોવીશમા તીર્થંકર થશો તેથી હું તમને વંદુ છું એમ કહી મસ્તકે અંજલિ જોડી, ત્રણ પ્રદક્ષિણા કરી. ભરતેશ્વરે મરીચિને વંદના કરી. આ સાંભળીને

કુળમદ કરવાથી મરીચિએ નીચ ગોત્ર કર્મ બાંધ્યું. અહીં મરીચિનું તો અહિત જ થયું ને? છતાં ઈન ટોટાલિટી જોવાનું. ભરતનું હિત થયું. સમવસરણમાં બેઠેલાં કેટલાંય જીવોનું હિત થયું હશે.''

**સભા:** ''આ સાંભળીને શું હિત થયા?''

**ગુરૂજી:** ''ભગવાનના વંશમાં કેવા કેવા ઉત્તમ જીવો જનમ્યા છે તે ખબર પડતાં સારાં કુળ-જાતિ ઉપર માન થાય તે સારી વાત જ છે. એનાથી સુકુળમાં જન્મ મળે. સુકુળ આત્મકલ્યાણ માટે એક ફેક્ટર છે.''

**સભા:** ''ત્રિદંડીને વંદન કરાય?''

**ગુરૂજી:** ''સર્વજ્ઞ આજ્ઞા આપતા હોય તો કરાય.''

**સભા:** ''ભરત મહારાજ ભગવાનની રજા લઈને ગયા હતા?

**ગુરૂજી:** ''इति श्रुत्वा स्वाम्यनुज्ञामादाय भरतेश्वरः मरीचिं वन्दितुं भक्त्या, भगवंतमिवाऽभ्यगात्।''

જેમ ડૉક્ટરના દાંત પીળા હોય, ડૉક્ટરની ચામડીનો રંગ કાળો હોય, ડૉક્ટરના વાળ સફેદ થઈ ગયા હોય છતાં તમને ટ્રીટમેન્ટ કરાવવામાં કોઈ પ્રોબ્લેમ નથી. ડૉક્ટરમાં બે વસ્તુ હોવી જોઈએ. એક તો તે લાલચુ ન હોવો જોઈએ. ડૉક્ટર લાલચુ હોય તો ન ચાલે. કારણકે લાલચના કારણે ઓપરેશન કરી નાખે. બીજા નંબરે ડૉક્ટર નિષ્ણાત હોવો જોઈએ. કદાચ ડૉક્ટર લાલચુ ન હોય પણ નિષ્ણાત ન હોય તો ન ચાલે.

આમ તો ગુરુમાં ઘણા ગુણો હોવા જોઈએ. આર્ય દેશમાં ઉત્પન્ન થયેલો હોવો જોઈએ વગેરે.... ઘણા ગુણો ગુરુમાં હોય તેમાં બે ગુણો તો હોવા જ જોઈએ.

૧) ગુરુ નિઃસ્પૃહી હોવા જોઈએ.

૨) ઉભયજ્ઞ અર્થાત નિષ્ણાત જોઈએ.''

**સભા:** ''નિઃસ્પૃહી ન હોય તો?''

ગુરુજી: "નિઃસ્પૃહી ન હોય તો તમને પોતાની સ્પૃહા પ્રમાણે ઢાળવાની કોશિશ કરશે. દા.ત. તમારા જીવનમાં ભણવાની અગત્યતા આપવા જેવી હોય અને ગુરુને છ'રિ પાલિત સંઘમાં નિશ્રા આપવી હશે તો તમને સંઘનું મહત્વ સમજાવશે. કદાચ તમે ભણવા દ્વારા ફાસ્ટ સમ્યગ્દર્શન પામી કલ્યાણ થઈ શકે એમ હોવા છતાં પોતાની ઇચ્છા મુજબના કાર્યોમાં જોડશે. જેનાથી તમારા હિતમાં રુકાવટ થવાની સંભાવના છે."

**સભા:** "ગુરુ નિષ્ણાત છે પણ સ્પૃહાવાળા છે તો ચાલે?"

**ગુરુજી:** "ભૌતિક સ્પૃહા હોય તો નિષ્ણાત ગુરુથી પણ હિતની સંભાવના નથી.

માષતુષ મુનિના ગુરુ નિઃસ્પૃહ પણ છે અને નિષ્ણાત પણ છે. જો સ્પૃહાવાળા હોત તો કહી દેત કે મારું કામ કર્યા કર. જ્ઞાન તો ચડતું નથી. ગોખવાનું છોડી દે. જ્યારે ગુરુ નિઃસ્પૃહી તથા નિષ્ણાત હતા તો મારુષ-માતુષ પદ ગોખવા આપી દીધું. વિચારવા જેવું છે કે છોકરાઓ માષતુષમુનિ તરીકે બોલાવતા થયા છતાં ગોખવાનું છોડાવ્યું નથી. આ જ વાત બતાવે છે કે ગુરુ નિઃસ્પૃહી છે, તથા મારુષ-માતુષ ગોખવાથી કલ્યાણ થયું તેથી નિષ્ણાત પણ છે."

**સભા:** "ઉભયજ્ઞ ગુરુ એટલે શું?"

**ગુરુજી:** "જ્ઞાનનય-ક્રિયાનય, વ્યવહારનય-નિશ્ચયનય, ઉત્સર્ગ-અપવાદ વગેરેના જ્ઞાતા હોય એને ઉભયજ્ઞ ગુરુ કહેવાય. આવા ગુરુ માટે યથાર્થ કહેવાય છે કે, "શિશ દિયે ભી ગુરુ મિલે તો ભી સસ્તા જાણ."

**તવ્વયણ સેવણા આભવમખંડા**

**જેને સદ્‌ગુરુ અને તેમના ચરણની સેવા મળી ગઇ છે તે જીવોનો સંસાર પરિભ્રમણનો વિઝા પૂરો થવા આવ્યો છે.** ગુરુ જે દવા આપે તે બરાબર લેવી અર્થાત્ તેમના અનુશાસનમાં રહેવું. જેમ મેઘકુમારને

સદ્ગુરુનો યોગ થયા પછી પાટા ઉપરથી ઊતરતી ગાડી ભગવાનના અનુશાસનના કારણે પાછી ચડી ગઇ.

**સભાઃ** "આપનો સદ્ગુરુ જોગોમાં સમાવેશ થઈ જતો હશે ને?"

**ગુરૂજીઃ** "ભીમસેન જોષીને અનુરાધા પૌડવાલે પૂછેલું કે આપે ક્યા રાગનું સર્જન કર્યું છે. દરેક દિગ્ગજ સંગીતકાર પોતાના નામે એક રાગનું સર્જન કરી જાય છે. એ દિગ્ગજ સંગીતકારની નમ્રોક્તિ આવી હતી, "બેટી! રાગ કે સૃજન કી ક્યા બાત કરતી હો? હમ તો અભી 'સા' સે 'રે' તક ભી નહીં પહુંચે હૈ!"

ભીમસેન જોષીજીની તો નમ્રોક્તિ હતી પણ મારી તો વાસ્તવિકોક્તિ છે કે હું તો સદ્ગુરુના ચરણની રજ બનું તો મારી જાતને ધન્ય માનીશ. અહીં આ પુસ્તકમાં જેટલું પણ સમજાવ્યું છે તેમાં મારું કશું નથી. ગુરુ ભગવંતો પાસેથી જે જાણ્યું-સાંભળ્યું તે લખ્યું છે. તેમાં જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્ તથા ધ્યાન દોરવા નમ્ર વિનંતી સાથે."

**॥ મિચ્છામિ-દુક્કડમ ॥**

**: નોંધ :**

આ પુસ્તક આપને અન્ય કોઈ નામે પ્રકાશિત કરવું હોય તો
અંદરની મેટર યથાવત્ રાખીને પ્રકાશિત કરવાનો હક્ક
પરમાર્થ પરિવાર આપને આપે છે.

આ પુસ્તક વાંચ્યા પછી જરૂર ન હોય તો નીચેના ઠેકાણે પરત કરવી
આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ
૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪
મો. ૯૮૨૦૪૪૧૦૩૦

## પરમાર્થ-પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તકો :

૦૧) સારાંશ
૦૨) સુખના સમીકરણો
૦૩) શ્રાવિકા
૦૪) સમજ
૦૫) સમર્પિત
૦૬) સંયુક્ત પરિવારનો મહિમા
૦૭) અતિથી સત્કાર એટલે વિહાર સેવા ગ્રુપ
૦૮) સચ્ચઉરી મંડણ
૦૯) મને વેષ શ્રમણનો મળજો...
૧૦) રાગ ભાગ - ૧ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૧) રાગ ભાગ - ૨ (કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)
૧૨) ક્ષમાધર્મ ભાગ - ૧ (ઉપકારીક્ષમા, અપકારીક્ષમા)
૧૩) ક્ષમાધર્મ ભાગ - ૨ (વિપાકક્ષમા)
૧૪) ક્ષમાધર્મ ભાગ - ૩ (વચનક્ષમા, ધર્મક્ષમા)
૧૫) પ્રાર્થના ભાગ - ૧ (જયવીયરાય સૂત્ર)
૧૬) પ્રાર્થના ભાગ - ૨ (જયવીયરાય સૂત્ર)
૧૭) અદ્ભુત
૧૮) પુરુષાર્થ
૧૯) અવતાર માનવીનો...
૨૦) આશરો
૨૧) વાણી
૨૨) ઈતિહાસ
૨૩) श्राविका (हिन्दी)
૨૪) संयुक्त परिवार की महिमा (हिन्दी)
૨૫) अतिथी सत्कार (हिन्दी)
૨૬) Final Verdict (સારાંશ)
૨૭) Authentic Sukh (સુખના સમીકરણો)
૨૮) Ideal House Wife ( શ્રાવિકા)
૨૯) Importance of Joint Family (સંયુક્ત પરિવારનો મહિમા)
30) Wish You All the Best (જા સંયમ પંથે દીક્ષાર્થી)
૩૧) Dedicated (સમર્પિત)
૩૨) Marvelous (અદ્ભુત)
૩૩) Journey of Enlightenment (સચ્ચઉરી મંડણ)
૩૪) Vihar Seva Group (વિહાર સેવા ગ્રુપ)
૩૫) Understanding (સમજ)